
કુમાર

પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : રવિશંકર મ. રાવળ
વર્ષ ૬૯ · જૂન · સળંગ અંક [illegible]
તંત્રી : ધીરુ પરીખ



રેણુમાં ઓકળી - ફોટો : [illegible] મિસ્ત્રી



સંગમની શોભા] [નટુ પરીખ

દક્ષિણ ભારતમાં કેરળનો ભૂમિપ્રદેશ તેનાં નાળિયેરીનાં વૃક્ષોથી શણગારાયેલો છે. અહીં ચિત્રકારની આંખે જે લીલા ઘાસ છે તેને પણ ઝડપ્યાં છે. વળી, એ લીલા રંગનું વૈવિધ્ય પણ માણવાલાયક છે. જમણી તરફ દક્ષિણની ઢબના કૂબા, તેની સન્નિધિમાં ઢોર સાથે માણસ, વળી ડાબી બાજુ દૂર ઝૂંપડાંની હાર ને એથી યે દૂરસુદૂર વૃક્ષાવલિ, પછી ઊઘડતું આકાશ. આમ, અવનિ અને આભના સંગમનું દ્વિપરિમાણીય સુંદર લયબદ્ધ જલરંગી ચિત્રાંકન આંખોનો ઉત્સવ બની રહે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૬૯મું અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જૂન ૧૯૯૬

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૨૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫ અથવા રૂ. ૭૫૦.
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

દસ હજાર ગ્રાહકોની ટહેલના સંદર્ભે

❖ 'કુમાર' માટે વિવિધ યોજનાઓ ❖

'કુમાર'નું પ્રકાશન ૧૯૯૦માં ફરી શરૂ કર્યા પછી વાચકો અને 'કુમાર'ના ચાહકો તરફથી ભરપૂર સદ્‌ભાવ અને સહકાર મળતો રહ્યો છે. પરન્તુ 'કુમાર'ને જો આર્થિક રીતે પગભર કરવું હોય તો **દસ હજાર** ગ્રાહકો જરૂરી છે. આપ સહુના સદ્‌ભાવને આધારે આ વર્ષે દસ હજાર ગ્રાહક–સંખ્યા પૂરી કરવામાં આપના સહકાર માટે ટહેલ નાખીએ છીએ. આ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે કેટલીક યોજનાઓ રજૂ કરીએ છીએ :

૧. આપ જો 'કુમાર' એક વર્ષ માટે કોઈ વ્યક્તિ કે સંસ્થાને ભેટ આપવા માગતા હો તો તમે જણાવશો તે વ્યક્તિ કે સંસ્થાને **રૂ. ૯૦-૦૦**માં વર્ષભર 'કુમાર' મોકલાતું રહેશે. આ સાથે ભેટ રૂપે એક ત્રિરંગી ચિત્ર પણ મોકલાશે. આપે માત્ર **રૂ. ૯૦-૦૦**નો મનિઑર્ડર અથવા 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

૨. આપ જો ૧૦ વ્યક્તિ કે સંસ્થાઓને 'કુમાર' એક વર્ષ માટે ભેટ મોકલવા માગતા હો તો તેમનાં નામ-સરનામાં સાથે **રૂ. ૮૫૦-૦૦** મનિઑર્ડર કે ડ્રાફ્ટથી મોકલી આપશો. એમને પણ ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

૩. શાળા-મહાશાળાના વિદ્યાર્થી જો એક વર્ષ 'કુમાર' મેળવવા માગતા હશે તો તેમને તે માત્ર **રૂ. ૮૫-૦૦** માં જ મોકલાશે. વિદ્યાર્થીએ પોતાના લવાજમની રકમ સાથે પોતાના આચાર્યનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે.

૪. 'કુમાર'નું બે વર્ષનું લવાજમ રૂ. ૧૯૦, ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૨૭૦ અને પાંચ વર્ષનું લવાજમ રૂ. ૪૫૦ રહેશે.

* **આ વર્ષના જાન્યુઆરીથી મે સુધીના અંકો હવે સિલકમાં રહ્યા નથી. આથી નવા ગ્રાહકો જૂન માસથી જ બનાવી શકાશે તેની સહુએ નોંધ લેવા વિનંતી છે.**

'કુમાર'ના પ્રત્યેક ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવો અનુરોધ છે.

વાચકો લખે છે

મારા પરમ પૂજ્ય પિતાશ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મશતાબ્દી ગુજરાતમાં કે ભારતમાં જ નહિ પણ લંડન-ન્યૂ યૉર્કમાં પણ મેઘાણીપ્રેમીઓ દ્વારા સ્વાભાવિક ઉમળકાભેર ઉજવાઈ રહી છે. એ પ્રસંગે હું પણ વાત રજૂ કરવી ઉચિત માનું છું.

(૧) બાપુજીના પત્રોનો વિસ્તૃત સંગ્રહ 'લિ. હું આવું છું' ૧૯૮૮માં પ્રકાશિત થયો. પ્રથમ આવૃત્તિ તૈયાર થતી હતી ત્યારે વર્તમાનપત્રો ને સામયિકોમાં પત્રો દ્વારા ઘણીઘણી વિનંતીઓ કરવા છતાં વિવિધ કારણોસર ઘણા પત્રો અમને મળી નથી શક્યા.

કેટલાકે અંગત કારણોસર સ્પષ્ટ ના પાડી હતી. કેટલાકે એ પત્રો મેડા ઉપર ચડીને શોધવાની પોતાની અશક્તિ દર્શાવેલી. કેટલાકે પોતાની પાસે પત્રો હતા તેવું જણાવવાનું પણ જરૂરી નહોતું ગણ્યું. એવો પણ દાખલો છે કે પરિવારે સંશોધનકારને સોંપેલા પત્રો નહોતા તો પરત કરાયા કે નહોતી એવી જાણ કરાઈ. કેટલાક પત્રો ગ્રંથ પ્રકાશિત થઈ ગયો પછી મળ્યા છે અને બાપુજીના કલકત્તાવાસ દરમિયાન લખાયેલા અમૂલ્ય પત્રો સૂચના વિરુદ્ધ સોંપણી થવાથી ગાયબ બન્યા છે. વર્ષો વીતતાં જાય છે તેમ તેમ મૂલ્યાંકન કરનારાઓ મેઘાણીની સર્જક પ્રતિભાના વિશાળ ફલકનાં નવાં પરિમાણો પ્રાપ્ત કરતા જાય છે, એટલે એમ લાગે છે કે પ્રેમસભર પ્રશંસા પામેલા આ ગ્રંથની અપૂર્ણતાઓ શક્ય તેટલી દૂર કરીને નવી આવૃત્તિ રજૂ કરવી, દસ્તાવેજી મહત્તા અનાયાસે જ પ્રાપ્ત કરનાર આ ગ્રંથમાં બને તેટલા વધારે પત્રો, સંદર્ભો, ન લેવાયેલા અંશો, નવા મળેલા પત્રો, બાપુજી ઉપર લખાયેલા પત્રો ઉમેરીને ભાવિના કોઈ કાબેલ જીવનકથા-લેખકને માટે કામ સરળ બને એવો પ્રયાસ કરવો. પ્રથમાવૃત્તિ વેળા અંગતતાના ઉલ્લંઘન વિષે મચાવાયેલો ઊહાપોહ હવે શમી ગયો છે. ઊલટાનું, પ્રિયતર સ્વજનો જેવા વાચકોએ એ અંતર-નાદથી ધન્ય બનીને સન્માનપૂર્વક એને અશ્રુભર્યે હૈયે વળગાડ્યા છે. કેટલીક દસ્તાવેજી ભૂલો અને સરતચૂકો પણ બીજી આવૃત્તિમાં દૂર કરી શકાશે એવી આકાંક્ષા છે.

સૌને મારી વિનંતી છે કે સંઘરેલા અપ્રકટ પત્રો આપવા માટે એ પત્રો વાંચીને ફેરવિચારણા કરે, થોડો સમય કાઢીને વૃદ્ધ માતા-પિતાને પૂછી-સમજાવીને એ પત્રો મેડાઓ પરથી ધૂળ ખંખેરીને ઉતારે. ટપાલમાં, આંગડિયા-કૂરિયર દ્વારા કે આવતા-જતા સ્નેહીઓ દ્વારા મોકલાયેલા પત્રો ગેરવલ્લે ગયાનો અમને કડવો અનુભવ છે. મને મારા સરનામે જણાવવાથી એ પત્રો કે એની ફોટો નકલો હાથોહાથ મેળવવા અમે શક્ય પ્રયત્ન કરશું. બાપુજીના હસ્તલિખિત શબ્દોવાળા કાગળોને લેમિનેટ કરવાનાં સાધન અમે વસાવ્યાં છે એટલે દરેક પત્રને લેમિનેટ કરીને સલામત રીતે હું પાછો પહોંચાડીશ. આવી સામગ્રી સાચવી શકાય એવા એરકન્ડિશન્ડ સંગ્રહાલયો સરકાર, અકાદમી કે સાહિત્ય પરિષદ સ્થાપે નહિ ત્યાં સુધી આવી સામગ્રી પરિવારજનો જ સાચવી શકે એવું અમને લાગે છે છતાં અમે પત્રોના પ્રાપ્તકર્તાને જોઈએ તો એ પત્રો પરત કરશું જ.

આટલાં વર્ષો પછી પણ વિવેકબુદ્ધિવાળા સંપાદકોને પણ ન સોંપી શકાય એવા પત્રો આજે કોઈ પાસે હોય તો પછી એ પત્રોનો ગેરઉપયોગ ન થાય એવી રીતે એ સાચવવા અથવા એનો નાશ કરવો તે પ્રાપ્તકર્તાની ફરજ બને છે. પત્રોને સો-બસો વર્ષ સિલ કરવા હોય તો લેમિનેટ કરાવીને પછી જ થઈ શકે. અને એ સિલ ન તૂટે એ વિષે વારસોને સૂચના આપવી પણ જરૂરી છે.

૧૯૩૦-૪૦ના અરસામાં કોલંબિયા અને યંગ ઇન્ડિયા રેકૉર્ડિંગ કંપનીઓએ બાપુજીના અવાજમાં ૭૮ આર.પી.એમ.ની રેકૉર્ડો ઉતારીને પ્રકાશિત કરેલી. કોલંબિયાએ બે પ્રેમવાર્તાઓ અને સૌરાષ્ટ્રનાં આઠ-નવ લોકગીતો પસંદ કરેલાં. યન્ગ ઇન્ડિયાએ 'સિંધુડો'નાં રાષ્ટ્રપ્રેમી ગીતો રજૂ કરેલાં. એ કાળની અણવિકસિત રેકૉર્ડિંગ ટેક્નિકને કારણે આ રેકૉર્ડોમાંથી વાગતો બાપુજીનો અવાજ એમના અવાજથી જુદો તો લાગે જ છે; એમને પોતાને પણ આનાથી સંતોષ નહોતો થયો. પણ આજે એ રેકૉર્ડોનું દસ્તાવેજી મૂલ્ય ઊંચું છે. વાર્તાકથન-શૈલીનો અને ગીતો-દુહા-છંદોના રાગો-ઢાળોનો એમાંથી પરિચય મળે છે. પરિવાર પાસે હતી તે રેકૉર્ડો કાં તો ફૂટી ગઈ અથવા અમારી બેપરવાઈને કારણે સાંભળવા લઈ ગયેલાઓએ એ પરત ન કરી.

બાપુજીની વાર્તાઓનાં બીજા વાર્તાકારોએ કરાવેલાં રેકૉર્ડિંગની ઑડિયો કેસેટોના છેલ્લા પાંચમા સંપુટમાં બાપુજીનો અવાજ સામેલ કરવા હું શક્યતાઓ તપાસી રહ્યો છું.

સૌને વિનંતી કરું છું કે, આ રેકૉર્ડો જેમની પાસે હોય તે મારો સંપર્ક કરે. નવી શોધખોળોનો લાભ લઈને એ રેકૉર્ડોમાંથી બિનજરૂરી ઘોંઘાટ કાઢી નાખવાનું શક્ય છે. કાનૂની રીતે એ અવાજ સામેલ કરી શકાશે એવી મારી આશા છે. રેકૉર્ડો સાચવીને લઈ જવાની અને પરત કરવાની જવાબદારી મારી છે.

ઘણા દસકાઓ વીતી ગયા. ડૉ. બાકે નામના એક વિદેશી સંશોધક સૌરાષ્ટ્રની મુલાકાતે આવ્યા હતા. એક સંશોધક પોતાના સમાનધર્મીને મળીને અનુભવે એવે ઉમળકે બાપુજી ડૉ. બાકેને સૌરાષ્ટ્રના લુહારિયા, નાથબાવા એવા એવા ગાયકો અને ભજનિકો

પાસે ગામડાંઓમાં લઈ ગયા હતા અને ડૉ. બાકેએ ઘણાં ગીતો-ભજનો વાયર-રેકૉર્ડર ઉપર રેકૉર્ડ કરેલાં. આવી સફરો દરમિયાન બાપુજી પોતે પણ એ ગીતો-ભજનોના ઢાળ ઉપર પકડ મેળવવા સાથે ગાતા અને પછી સ્વતંત્ર રીતે ગાઈ સંભળાવતા. ડૉ. બાકેએ 'સોનલ ગરાસરણી' જેવાં કથાગીતો, લોકગીતો અને ભજનો વાયર - રેકૉર્ડર ઉપર બાપુજીના સ્વરમાં રેકૉર્ડ કર્યાં હતાં. વાયર-રેકૉર્ડર ઉપર બહુ જ સારી ગુણવત્તાવાળું રેકૉર્ડિંગ થઈ શકે છે.

અમને માહિતી છે કે આ રેકૉર્ડિંગની નકલ સૌરાષ્ટ્રમાં હયાત છે. ખૂબ પ્રયત્નો છતાં એ નકલ મેળવવામાં તેમ જ મૂળ રેકૉર્ડિંગને સાચવનાર સંસ્થા કે વ્યક્તિઓનાં નામ-સરનામાં અને ફોન-ફૅક્સ નંબરો મેળવવામાં અમે નિષ્ફળ ગયા છીએ. શતાબ્દી વર્ષ દરમિયાન ઘેરઘેર, ચોરે ને ચૌટે, શેરીઓમાં ને ચૉકોમાં મેઘાણીનાં ગીતો-નાટકો-રૂપકો-વાર્તાઓ ગુંજી રહ્યાં છે; ત્યારે એમનો પોતાનો અવાજ જો આંદોલિત કરી શકાય તો વાતાવરણમાં કસુંબલ રંગ ઑર ઘૂંટાય. પણ એવી દૃષ્ટિથી વંચિત અનધિકૃત વ્યક્તિઓ અને રેકૉર્ડિંગ ઉપર માલિકી જમાવી બેસીને વક્ર માનસથી રાચે છે. વિદેશથી એ રેકૉર્ડિંગ મેળવવાના મારા પ્રયાસ ચાલુ છે પણ સાથે સાથે કોઈ પણ વ્યક્તિ પાસે આ રેકૉર્ડિંગની નકલ હોય તો મારો સંપર્ક કરવા વિનંતી કરું છું. બિનધંધાદારી રીતે આપણે એ અવાજને ચૉમેર ગાજતો કરી શકશું. ટેનિસન યાદ આવે છે :

O for the touch of a vanished hand,
And the sound of a voice thai is still...

અને બાપુજીને પ્રિય એવો દુહો યાદ આવે છે :

પ્યાસે ચાહત નીરકું, થક્કા ચાહત છાંય,
હમ ચાહત તુમ મિલનકું, કર કર લંબી બાંય...

- વિનોદ મેઘાણી

('સખ્ય', ૧૮, મણિબાગ, અબ્રામા, વલસાડ - ૩૯૬ ૦૦૭

*

'કુમાર' ડિસેમ્બર ૧૯૯૫નો અંક સામગ્રીની દૃષ્ટિએ સભર બન્યો છે. નટરાજ બ્રહ્મભટ્ટનો 'આપણા સ્વરકાર' એ શીર્ષક નીચે છપાયેલો રાસબિહારી દેસાઈ વિશેનો ચરિત્રલેખ ગમ્યો. નટરાજ બ્રહ્મભટ્ટે બી.એડ્. કૉલેજની અધ્યાપન પદ્ધતિ પ્રમાણે રાસભાઈની યશસ્વી તવારીખ અને રાસભાઈએ સુગમ સંગીતક્ષેત્રે લેખન તેમજ પ્રકાશન જેવું નોંધપાત્ર કાર્ય કર્યું છે એને તારવીને મૂક્યું છે. અભિનંદન.

સંપૂર્ણ વિધાયક અભિગમથી એમના સૂરમાં મારો સૂર મેળવું છું. પ્રશ્ન છે એક કલાકાર તરીકે રાસભાઈની વિશેષતા શેમાં? જવાબો ઘણા છે. એમાંના બે જવાબોમાંનો એક જવાબ તે રાસભાઈનું સંસ્કૃત રચનાઓનું શુદ્ધ ઉચ્ચારણ અને અર્થની ઊંડી સમજ પછી ગવાયેલું ગાન. મારી જાણ પ્રમાણે અને સમજ પ્રમાણે આ પ્રકારનું જ્ઞાન અત્યંત અઘરું છે. અભિષ્ઠ અને સુરુચિપૂર્ણ સંસ્કારસંપન્ન પ્રતિભા અને પરિપક્વ સ્વરસાધના પછી જ આ પ્રકારનું ગાન અપૂર્વ બનવાની હદ સુધી પહોંચી શકે છે. આ પણ સર્જન જ છે. સર્જકને શોભે એવું આ પ્રકારનું ગાન કરી રાસભાઈએ આપણી ઉજ્જવળ પરંપરાને યુવાજગત સમક્ષ મૂકી આપી છે. આ પ્રકારનું કામ એ શિક્ષણનું જ કામ છે.

અમારી જાણ પ્રમાણે સને ૧૯૬૯ થી ૧૯૭૫ સુધીના ગાળામાં ભવન્સ ગાયકવૃંદે રજૂ કરેલાં સમૂહગીતોની પ્રશસ્તિ ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પણ મુક્તકંઠે થયેલી. આ વૃંદે રજૂ કરેલાં કેટલાંક સમૂહગીતો સાંભળી સ્વરકિન્નરી લતા મંગેશકરે પણ તેની પ્રશંસા કરેલી. જોકે આ પ્રકારની પ્રશંસાના ભાગીદાર અન્ય કલાકારો પણ હોઈ શકે. પરંતુ આ વૃંદના સંચાલક તરીકે આ માન રાસભાઈને મળે તો એમાં કશું જ અજુગતું નહિ ગણાય. જોગાનુજોગ રાસભાઈની ષષ્ટિપૂર્તિ અમદાવાદ ખાતે ઠાકોરભાઈ દેસાઈ હૉલમાં સહૃદયી ભાવકોની ભરચક હાજરી વચ્ચે ઉજવાઈ ગઈ. આ કાર્યક્રમમાં રાસભાઈએ ભવન્સના વિદ્યાર્થીઓ પાસે ચાર જેટલાં સમૂહગીતો રજૂ કરાવ્યાં. એની સ્વરરચના એમણે કરી હતી. એમાં પણ સંસ્કૃત-ગાન હતું. ભવન્સના વિદ્યાર્થીઓએ કૅસેટ ઉપર પૂરક રીતે વાગતાં વાદ્યોના સાથ સાથે જે રીતે રજૂઆત કરી એ એક સફળ પ્રયોગ બની રહ્યો. પાર્શ્વસંગીત કૅસેટ પર વાગે, ગાનારા રંગમંચ પરથી ગાય, આ બંનેનો સૂરતાલનો મેળ મેળવવો ઘણો અઘરો છે. આ અઘરું કામ આજની નવી પેઢીના ભાઈ-બહેનોએ રાસભાઈના સંચાલન હેઠળ સ્વસ્થતાથી કરી બતાવ્યું. આ બધાં અભિનંદનને પાત્ર છે.

જાણીતા ફિલ્મ સંગીતકાર અનિલ વિશ્વાસે એકવાર કહેલું કે મારી સ્વરરચના મહમદ રફીના ગળાને માફક ન આવે. મારા માટે તલત મહેબૂબ બરોબર છે. આમાં તલત મહેબૂબની પ્રસંશા સાથે તલતના ગળાની રેન્જની મર્યાદા પણ છે. રાસભાઈનું ગળું ઝડપથી પરખાઈ જાય. તેઓ ચોક્કસ રેન્જના ઉત્તમ ગાયક કલાકાર છે.

- દિનકર ભોજક (વિસનગર)

વર્ષો સુધી 'કુમાર' વાંચવાની ટેવ; પણ છેલ્લાં કેટલાંય વર્ષોથી દર વર્ષે ત્રણચાર મહિના અમેરિકા - સિંગાપુર પુત્રોને ત્યાં રહેવાનું થતાં સાંકળ તૂટી ગઈ. ગયે અઠવાડિયે વડીલ મિત્ર શ્રી જયંતીલાલ મહેતાને ઘેર જતાં 'કુમાર' જોતાં રાજી થઈ જવાયું. અને અત્રેના અઠવાડિક પત્ર 'હલચલ'માં નોંધ છપાવી. આશ્ચર્યજનક પ્રતિસાદ મળ્યો. પરિણામે જોતજોતામાં કલકત્તામાંથી ૩૭ ગ્રાહકોનાં લવાજમ સાંપડ્યાં...

- અરવિંદ પારેખ (કલકત્તા)

નિદાઘ : મધ્યાહ્ન-સન્ધ્યા / હેમન્ત દેસાઈ

(પૃથ્વી : સૉનેટ)

નિદાઘ દિન આ પડ્યો અસુર જેમ લંબાવીને
પ્રચંડ નિજ ક્લાન્ત દેહ - તરુ શ્વાસ થંભાવીને
રૂંધી વિહગકંઠ; રોળી ઘણું, હારી અંતે ખડ્યો!
-વ્યથાવિકલ વૃદ્ધ કોઈ ફસડાઈ જાણે પડ્યો!

દિશા પણ વિપન્ન, ઝંખું લહરી હું, ભૂલી પડી
જરીક ફરકે અહીં; તનિક તપ્ત અંગે અડી
સહર્ષ શીત સ્પર્શનું સુખ ક્ષણાર્ધ અર્પે મને
પરંતુ નહીં શક્ય એ - સકલ લિપ્ત નિશ્ચેતને!

ચરાચરની શાન્તિના ભર પ્રભાવની હેઠળે
વિમૂઢ સહુ, કોઈ કૈં હલન આદરી, સ્તબ્ધતા
વિદારી પળમાત્ર, આ સ્થગિત ચેતનાની દશા
શકે ન પલટાવી - દાહક ઉચાટ જેથી ટળે?

અચાનક જ ત્યાં કશી વિભુની ભૂલ-શી સન્ધિકા
પડી ઊતરી - બાલિકા રમતી પંખીના પાંચીકા!

પાત્ર / જગદીશ ત્રિવેદી

(વસન્તતિલકા : સૉનેટ)

પ્રારંભનાં પ્રકરણે વીજ-શું ઝબૂકી
આ ગ્રંથનાં - રસફુવાર ઘડી ઉડાડી-
અદશ્ય કેમ થઈ પાત્ર ગયું હશે જ!
શું પાત્રને પ્રકટવા નવલી જ શૈલી
સ્ફુરી હશે સહજ સર્જક-ચિત્ત માંહે!
અદશ્ય આમ ઘડીમાં નહિ તો ન થાય!

ને પાત્ર તો અધૂકડું હજી ઊપસ્યું'તું-
એને હતું ઊપસવા મન અંગઅંગે-
ઓગાળવાં પડળ અંતરનાં હતાં - ને
વિચારનાં વમળ સર્જકને ધુણાવે!
આ ગ્રંથ તો ધસમસંત વહી જતો ને
ડોકાયું ના રસિક પાત્ર હજીય કિંતુ!

થોડાંક પૃષ્ઠ હજી શેષ- અધીર હૈયા!-
એ આવશે : રસકથા કરશે પ્રપૂર્ણ!

સામસામા બે તીર / મૌન બલોલી

(ગાન)

સામસામા બે તીર
પૂછતા જાણે વચમાં વ્હેતાં સૂક્વ્યાં કોણે નીર ?
જળની પોઠો ઊંચકી લઈને ઠાલવ્યા કોણે ડમરીઓના ગોળા ?
મછવા કેરા મીરની મસ્તી માળિયે મેલી ઓરવ્યા કોણે રેતના આ પરપોટા ?
રોગના રૈલે પાંખ ભીડેલાં કપોત-કાબર ટોળાં,
પૂછતાં જાણે વચમાં વ્હેલાં સૂક્વ્યાં કોણે નીર ?
કોઈ નવોઢા ખળખળ વ્હેલે સાસરે જતી જેમ,
પ્હાડની દીકરી સમદરવાટે નીકળી હતી તેમ,
ખેતરે ખેતરે જળના લીરા ઊડતા જોયા એમ,
પારકી પત્ની આંતરી લઈને કોઈ દુઃશાસિત બાવડે ખેંચ્યાં ચીર.
સામસામા બે તીર,
પૂછતા જાણે વચમાં વ્હેતા સૂક્વ્યાં કોણે નીર ?
પુલના સાંધે કોણ સંધાયું, બંધના બાંધે કોણ બંધાયું કોઈ ના જાણે, દોસ્ત !
ગાડીઓ-મોટર દોડતી એની હડફેટોમાં કોણ ઘવાતું,
કોણ મરાતું, કોઈ ના જાણે, દોસ્ત !
ચાલનારાની ચાલ ચગદાતી કોઈ ના જાણે, દોસ્ત!
પૂંછવું કોને શહેરમાં કેવળ એકલી દોડાદોડ,
એકબીજાના ઝૂંટવી લેવા વગડા-વિહગ-ખીર
સામસામા બે તીર
પૂછતા જાણે વચમાં વ્હેતાં સૂક્વ્યાં કોણે નીર ?

કેદારો કર્યો / ભગવતીકુમાર શર્મા

(ગઝલ)

ભાંગતી રાતે બીલીપત્રોએ કેદારો કર્યો;
ઘુમ્મટે પડઘા પડ્યા ને સૂરે સનકારો કર્યો.

આપ-લે આકાશથી સંદેશની કરવી હતી;
ગેબથી આવ્યો પવન તો તેને હલકારો કર્યો.

આભમાં વાદળ વચાળે પણ તરસ છીપી નહીં;
તારલાએ તૂટીને કૂવાને ગોઝારો કર્યો.

સ્વેચ્છામૃત્યુ હોય કે બીજા જનમની શક્યતા;
લાગણીએ લીલા આટોપીને સંથારો કર્યો.

જિંદગી સોંપી દીધી મૃત્યુના ખોળામાં સહજ;
શિર ઉપરથી દૂર જાણે સર્પનો ભારો કર્યો!



કવિ-વિવેચક-અધ્યાપક-બૌદ્ધિક

રામપ્રસાદ શુક્લ

ચિમનલાલ ત્રિવેદી

'પ્રયત્ને પોતાના તસુભર જમીને ય જીતવી;
ભલે સ્વલ્પ ક્ષેત્રે ભુજબળ થકી સિદ્ધિ વરવી.'

બીજાની સહાય લઈને સફળતા મેળવવાને બદલે પોતાના પ્રયત્નથી અલ્પ સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઝંખના સેવનાર આ કવિ સાચે જ મનસ્વી, અલગારી હતા. ગાંધીયુગના, સુન્દરમ્-ઉમાશંકર-પેઢીના આ છેલ્લા તેજસ્વી કવિનું તા. ૧૪-૪-૯૬ના રોજ અમદાવાદમાં અવસાન થયું. મૂળ વતની વઢવાણના, પણ જન્મ (તા. ૧૦-૬-૧૯૦૮) થયેલો લીંબડી પાસેના ચૂડા ગામે. જામખંભાળિયામાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ લીધેલું અને પછી અમદાવાદની ગુજરાત કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે આવેલા. સંસ્કૃત મુખ્ય વિષય સાથે બી.એ. થયા. 'કુમાર'ના આદ્યસ્થાપક શ્રી રવિશંકર રાવળના પ્રેમભર્યા આગ્રહથી ઈડર ગયા અને કારકિર્દીનો આરંભ શિક્ષક તરીકે કર્યો. પછી ઇડર સ્ટેટના શિક્ષણ ખાતામાં નિરીક્ષક તરીકે ઈ. ૧૯૩૩ થી ૧૯૪૨ સુધી સત્તરેક વર્ષ કાર્ય કર્યું. એ સમયે ત્યાં શિક્ષણ વિભાગના વડા હતા શ્રી પંઢરીનાથ આત્મારામ ઈનામદાર. સુદૃઢ અને સોહામણા વ્યક્તિત્વવાળા ઈનામદાર બહુવિદ્યાવિશારદ હતા. એમને અજંટાનાં ચિત્રોની નકલ કરવાના અભિયાનમાં શ્રી રવિશંકર રાવળ સાથે મૈત્રી થયેલી. ઇડર રાજ્યના પુરાતત્ત્વના અવશેષો વિશે એમણે પુસ્તકો પણ લખેલાં. પુરાતત્ત્વ અને વિજ્ઞાન પ્રત્યે રામપ્રસાદને એમણે અભિમુખ કર્યા. એમના જીવનનો આ મહત્ત્વનો વળાંક.

રામપ્રસાદના પિતા વેદાન્તી અને જીવનની ઊંડી સમજણવાળા માનવી. બે પુત્રોને કારણે વિધુર થયા પછી બીજું લગ્ન કરેલું નહિ. આ પિતાએ જ એમને સાચા અધ્યાત્મની સંસ્કારદીક્ષા આપેલી. એમનો અને ગોદડિયા સ્વામી તરીકે ઓળખાતા પ્રકાશાનંદજીનો રામપ્રસાદના ઘડતરમાં મોટો ફાળો. દૃઢ સંકલ્પબળ અને ખુમારીવાળું એમનું વ્યક્તિત્વ એમને કારણે જ ઉઠાવ પામ્યું. શાંતિલાબહેન સાથે આ મસ્તરામ લગ્નથી જોડાયા અને એમના જીવનમાં બીજો વળાંક આવ્યો. શાંતિલાબહેને એમને ગૃહસંસારની વિટંબણા વેઠવા દીધી નથી. સંસારવ્યવહાર તેઓ જ સંભાળતાં - પોતે પણ તેજસ્વી વ્યક્તિત્વવાળાં; મોરારજીભાઈ દેસાઈના કુટુંબનાં ખુમારીવાળાં સન્નારી. અભિનવ અને પ્રિયદર્શી - બે મેધાવી પુત્રોએ એમના સંસારને હર્યોભર્યો બનાવ્યો. રામપ્રસાદ તો મોટેભાગે વ્યવહાર-વિમુખ રહી, ખગોળ-ભૂગોળ-વિજ્ઞાન-સાહિત્ય આદિ વિવિધ વિષયોના વાચનમાં રત રહેતા.

અમદાવાદની સી.એન. વિદ્યાલયમાં, ઇડર છોડીને, શિક્ષક

ડાબેથી અનુક્રમે : રામપ્રસાદ શુક્લ, ચિમનલાલ ત્રિવેદી, તેમનાં જમાઈ અને પુત્રી, ઉમાશંકર જોશી, નંદિની જોશી, ગોદાવરીબહેન ત્રિવેદી



તરીકે જોડાયા. ઈ. ૧૯૪૪માં એમ.એ.ની પરીક્ષા, મુખ્ય વિષય ગુજરાતી સાથે, પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી. અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં, રામનારાયણ વિશ્વનાથ પાઠક લગ્ન કરી મુંબઈ જવાથી, એમની જગ્યાએ ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે નિમાયા. ઈ. ૧૯૪૬ થી ૬૩ સુધીની સત્તરેક વર્ષની અધ્યાપક તરીકેની એમની તેજસ્વી કારકિર્દી. એમના અધ્યાપન તેજને કારણે તેઓ 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખ વરાએલા. એમણે 'અધ્યાપક મંડળ'ની સ્થાપનામાં સક્રિય ભાગ ભજવેલો ને એ પછી એ કારણે 'ગુજરાત યુનિવર્સિટી'ની સેનેટની ચૂંટણીમાં જંગી બહુમતીથી ચૂંટાઈ આવેલા. હું પણ ઈ. ૧૯૪૬માં એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં એમનો વિદ્યાર્થી બન્યો. છ વર્ષ એમની પાસે ભણવાનો અને પછી દોઢેક વર્ષ એમના સાથી-અધ્યાપક તરીકે કાર્ય કરવાનો મોકો મળ્યો. એ દરમિયાન એમની સાથે ઘનિષ્ઠ સંબંધ - કૌટુંબિક સંબંધ બંધાયો જે આજ સુધી ઉષ્માપૂર્ણ રહ્યો. મળવા જાઉં ત્યારે અનેક વિષયોમાંની એમની ઊંડી ગતિનો ખ્યાલ આવે. બેચાર કલાક ક્યાં નીકળી જાય એની ખબર પણ ન પડે. વાતચીતનો એમનો રસ અખૂટ. વાણીમાં શિસ્ત ઓછી પણ લેખનમાં કડક. એલ.ડી. છોડીને ખંભાતની આર્ટ્સ કૉલેજમાં આચાર્ય થયા - ઈ. ૧૯૬૩ થી ૧૯૭૩. ત્યાં એકલા જ રહે. ઘણુંખરું હાથે બનાવીને જ જમી લે. ત્યાંથી નિવૃત્ત થઈને અમદાવાદની એસ.એન.ડી.ટી. સંલગ્ન મહિલા કૉલેજમાં આચાર્ય તરીકે થોડાંક વર્ષ કાર્ય કર્યું. એ પછી નૂતન સોસાયટીના મકાનમાં આખો દિવસ અભ્યાસમગ્ન રહેતા. પાછળથી પતિ-પત્ની બંને એકલાં જ રહેતાં, અને પરસ્પરની હૂંફથી જીવન વિતાવતાં. એમના કાવ્યસંગ્રહ 'સમય નજરાયો'નું પૂંઠા પરનું ચિત્ર આ જ સંદર્ભમાં એમણે મને છાપવા આપેલું. ત્રણેક વર્ષ પહેલાં શાંતિલાબહેને આ જગતની વિદાય લીધી પછી એ અનુકૂળતા પ્રમાણે પુત્રોના ઘરમાં રહ્યા - પણ એવી જ નિઃસ્પૃહતાથી અને મસ્તીથી.

ઉમાશંકર-સુન્દરમ્ - રામપ્રસાદ (મૂળ નામ રતિલાલ) એ ત્રણની મૈત્રીનું એક સુંદર કાવ્ય 'ત્રિઉર' નામે ઉમાશંકરે લખ્યું છે. સત્યાગ્રહની લડત દરમિયાન 'કુમાર' કાર્યાલયના પાછલા મેડા પર અમદાવાદ આવતા ત્યારે રાતવાસો કરતા. ત્રણેની નોટ બુકો કાવ્યોથી ભરેલી હોય અને તે ત્યાં પરસ્પર વાંચતાં. 'બુધકાવ્યસભા' સાથે ત્રણે સંકળાયેલા તેના સ્થાપનાકાળથી, ઈ. ૧૯૩૨ના અરસાથી. પણ રામપ્રસાદ ઇડર જતાં એમનો બુધકાવ્યસભા સાથેનો સંબંધ ઓછો થયો. પણ એમનાં કાવ્યો 'કુમાર'માં છપાતાં. ઈ. ૧૯૪૩માં બચુભાઈ રાવતની માવજત પામીને રામપ્રસાદનાં ૬૦ સૉનેટનો પ્રથમ સંગ્રહ પ્રકટ થયો એ સાથે જ સૉનેટના સાહિત્યપ્રકાર ઉપર એમની વિશિષ્ટ મુદ્રા અંકાઈ ગઈ, એમાં 'વિનાશ અને વિકાસ'નાં ૩૫ સૉનેટની માળા બીજા વિશ્વયુદ્ધની ભીષણતાને અને વિનાશ પછીની વિકાસયાત્રાના નિયતિક્રમને નિરૂપે છે - 'વિનાશમહીંથી વિકાસ વિતરંત જીવનકલા.' એ અનસ્ત ધ્રુવના દર્શનથી એ કાવ્યગુચ્છ પૂરો થાય છે. આ ચિંતક કવિ સૉનેટ-સ્વરૂપમાં ભાવ અને વિચારનું ક્રમિક અને કલાત્મક નિરૂપણ કરી, ભાવવળાંકો અને ઉત્કર્ષબિન્દુને સમુચિત રીતે આલેખી, સબળ પ્રાસરચના અને છંદોલયની વિવિધ છટાઓ નિરૂપી ઉત્તમ

અમદાવાદમાં ચી. ન. વિદ્યાલયમાં બુધસભા દ્વારા મળેલા કાવ્યસત્રની ઝાંખી
શ્રી બાલમુકુંદ દવે પોતાનો નિબંધ વાંચતા
બેઠેલા : ડાબી બાજુથી સર્વશ્રી (૧) ઉશનસ્ (૨) રામપ્રસાદ શુક્લ (૩) ગિરધરલાલ (૪) વિજયરાય વૈદ્ય (૫) વિજયશંકર કામદાર (૬) નંદકુમાર પાઠક (૭) (૮) ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' (૯) બચુભાઈ રાવત



(રામપ્રસાદ શુક્લ, ઉમાશંકર જોશી, દેશળજી પરમાર)





સુંદરમ્, ચં. ચી. મહેતા, રામપ્રસાદ શુક્લ

પરિણામો સિદ્ધ કરી શક્યા છે. 'શુભેચ્છકોને', 'ઊપરપટમાં ચાંદની', 'આંધી,' જેવાં અનેક સૉનેટનો શિખરિણી, હરિણી, મંદાક્રાંતા કે સ્રગ્ધરાનો લયહિલ્લોલ કર્ણરસાયન બની રહે છે.

'બિન્દુ' પછી અનેક છંદોબદ્ધ કાવ્યો તથા ગેયરચનાઓ એમણે રચેલી, પણ કોઈ અકળ કારણસર સંચય થઈ શક્યો નહોતો. વચમાં કાવ્યપ્રવાહમાં મંદ પણ પડી ગયેલો. ઉપરાંત કવિને પોતાનાં કાવ્યોને ગ્રંથસ્થ કરવા પ્રત્યે આસક્તિ પણ રહી ન હોતી. નિઃસ્પૃહતા તો એટલી કે 'બિન્દુ'ની એક પણ પ્રત એમણે સાચવેલી નહિ. અમે ખૂબ આગ્રહ કરતા પણ મચક નહોતા આપતા. છેવટે અમે સફળ થયા અને મેં ફૂટપાથ પરથી ખરીદેલી 'બિન્દુ'ની નકલ એમને બતાવી અને સામયિકોમાં પ્રકાશિત તથા અપ્રકટ - બધાં જ કાવ્યો એમની પાસેથી મેળવ્યાં અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે અમારી વિનંતીથી એમની સમગ્ર કવિતાનો સંગ્રહ 'સમય નજરાયો' ઈ. ૧૯૯૧માં, કવિની ૮૩ વર્ષની વયે, નિરંજન ભગતની પ્રસ્તાવના મેળવીને પ્રકટ કર્યો. એમની અને શાંતિલાબહેનની પ્રસન્નતા, સંગ્રહ એમના હાથમાં મૂકતાં, પામી શકાઈ એનો સંતોષ થયો. એમાં થોડાંક દીર્ઘકાવ્યો, ગીત-ભજન-ગરબી-રાસ ઉપરાંત ગઝલ, મુક્તક-દુહા અને 'સ્મૃતિ' અને 'સંસૃતિ'ની બે સબળ અને સત્ત્વવંતી સૉનેટમાળાઓ સંગ્રહાઈ છે. પ્રકૃતિનો એમણે માણેલો અખૂટ વૈભવ અને એનાં સબળ ચિત્રાંકનો, તથા વિપ્રલંભની બાલાશંકર જેવી વેધકતા એમની કવિતાનો નોંધપાત્ર ઉન્મેષ છે. ૩૦૭ પૃષ્ઠનો એ મોટાગજાની કવિતાનો સંચય છે અને ગાંધીયુગથી આધુનિક યુગ સુધીમાં કવિહૃદયમાં પ્રકટેલાં ભાવસંવેદનો એમાં પ્રભાવક રીતે ઝિલાયાં છે.

એમનાં વિવેચનો હજી ગ્રંથસ્થ થયાં નથી. ગુજરાતી સાહિત્ય તેમજ સંસ્કૃત સાહિત્ય વિશેના એમના અભ્યાસલેખો સામયિકોમાં પ્રકટ થયેલા છે એ ગ્રંથસ્થ થાય ત્યારે ખરા. બળવંતરાય ઠાકોરે એમના કેટલાક વિવેચનલેખો વાંચીને એમની પ્રશંસા કરતો પત્ર લખ્યો હતો. ૧૯૪૭ અને ૧૯૪૮નાં બે વર્ષોની ગુજરાત સાહિત્ય સભા દ્વારા એમણે તૈયાર કરેલી વાર્ષિક ગ્રંથસમીક્ષાઓ પ્રકટ થયેલી છે. એમાં એમની સાહિત્યસૂઝ અને અભિપ્રાયકથનની નિર્ભીક્તાનાં સુપેરે દર્શન થાય છે. 'જનસત્તા'નો સાહિત્ય વિભાગ એમણે કેટલાંક વર્ષો સંભાળેલો. સર્જાતા સાહિત્યની ગતિવિધિનો એમાંથી સહુને પરિચય થતો અને એમની વિવેચનાના ઉત્તમ ગુણો એમાંથી ઊભરી આવતા.

રામપ્રસાદ પરિભ્રમણ-શૉખીન હતા. ગુજરાત-સૌરાષ્ટ્રની નદીઓની અનેક પદયાત્રાઓ એમણે કરી હતી. ઈ. ૧૯૩૬માં, 'કુમાર'માં એ વિશેનો પહેલો લેખ છપાયો એ વાંચીને કવિનાટ્યકાર ચંદ્રવદન મહેતાએ એનો સંક્ષેપ કરી મેટ્રિકની પરીક્ષાના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં લીધો હતો. 'કુમાર'માં એ બધી પદયાત્રાઓ પ્રકટ થયેલી છે. એમાં સરિતાઓનાં, સરિત્-સંગમોની શોભાનાં, જલનાં વહેણોનાં વિવિધ પલટાતાં રૂપોનાં આહ્લાદક શબ્દચિત્રો આલેખાયાં છે. એમાંની સાહસકથા રોચક રીતે વર્ણવાઈ છે અને સાંસ્કૃતિક ચિંતન, ભૌગોલિક માહિતી તથા ઇતિહાસ દૃષ્ટિ સાથે, રસળતી પણ ચિત્રાત્મક શૈલીમાં થયું છે. ઈ. ૧૯૯૩માં 'સરિતાઓના સાંનિધ્યમાં' શીર્ષકથી આ પુસ્તક પ્રકટ થયું છે. આ પુસ્તકમાં હાથમતી નદીના રસ્તે, ઐતિહાસિક સ્થળનાં સુષુપ્ત સ્થળોની માહિતીને આધારે, પુરાતત્ત્વવિદ શ્રી દત્તાત્રેય ચિતવેને એ દિશામાં સંશોધન કરવાની પ્રેરણા મળી છે એવું નિવેદન એમણે કર્યું છે. રામપ્રસાદ શુક્લનો નામનિર્દેશ કરીને એ અહેવાલ 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' અને 'ગુજરાત સમાચાર' (તા. ૩-૨-૯૫)માં પ્રકટ થયો હતો. એ ઉપરથી એમનાં અભ્યાસ અને નિરીક્ષણો કેવાં ઝીણવટભર્યાં છે એને ખ્યાલ આવશે. એમાંની પ્રવાસકથાઓ કિશોરોને વંચાવવા જેવી છે, અને મોટેરાંઓએ પણ, આસ્વાદવા જેવી છે. 'સમય નજરાયો' કાવ્યસંગ્રહ અને 'સરિતાઓના સાંનિધ્યમાં' બંને પુસ્તકો ગુજરાત સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કર્યાં છે. ગુજરાત સાહિત્ય સભાએ પણ રામપ્રસાદના વિશિષ્ટ પ્રદાન માટે એમને ધનજી કાનજી સુવર્ણચંદ્રક આપવાનો નિર્ણય કર્યો છે.

એક સમર્થ કવિ, વિવેચક અને ઉત્તમ પ્રવાસનિબંધોના આ સર્જક કહેતા કે 'માનવતાવાદ વિના આ સંસાર ટકી શકશે નહિ.'

કવિ, ગ્રથક ચિત્રકાર બનવા જતાં, આપવો
પડે બગીર ભોગ જો સરળ માનવી ભાવનો,
જલાવી દઉં એ બધાં કવિપણાં કલા પ્રેરણા,
મનુષ્ય બનીને રહું અધિક એથીના ઝંખના.

('સમય નજરાયો' પૃ. ૨૯૪) □

કાળરાત્રિના અંતે

અશોક હર્ષ

ઉત્તર ધ્રુવપ્રદેશની છ મહિના લાંબી ઘોર અંધારી કાળી રાતનો હવે અંત આવ્યો હતો, જે દરમિયાન ભીષણ શીત પવન અને કાતિલ ઠંડીના સપાટામાં બરફ પણ ઠરીને જાણે પોલાદી બની ગયો હતો. હવે એ કાળરાત્રિનો અંત આવીને દૂર ક્ષિતિજમાં સૂરજ અરધો દેખાવા માંડતાં. સારોયે વિસ્તાર જાણે આળસ મરડી જાગતો હોય તેમ હિમનદોમાં હલચલ શરૂ થઈ ગઈ હતી, જગનંદની કિલકારી કરતાં દરિયાઈ પંખીઓ ઘડીકમાં પાણીમાં ડૂબકી લગાવતાં તો ઘડીકમાં આજુબાજુના ખડકો પર બેઠક જમાવતાં હતાં. ઊગતા સૂરજની ઉષ્મા ઝીલતાં સીલ હિમકિનાર આગળ આવીને પાણીમાં છબછબિયાં બોલાવતાં હતાં; જ્યારે લાંબા દંતૂશળોવાળાં વૉલરસ બરફના ફીણમાં આળોટતાં માથાં ઊંચાં કરીકરીને સારાએ હિમવિસ્તારને ડરામણી નજરે ઝાંખી લેતાં હતાં.

એકાએક–લાંબી કાળરાત્રિમાં ફિક્કી પડી ગયેલી એક સફેદ રીંછણ તેનાં બે બચ્ચાં સાથે પ્રત્યક્ષ થઈ. કાળરાત્રિના સુદીર્ઘ સમયને લઈને ભૂખને લીધે તેના પેટમાં ખાડા પડી ગયા હતા. હવે વહેલામાં વહેલી તકે તેણે ત્રણ ભૂખ્યા જીવોની ભૂખ ભાંગવાની હતી – પોતાની અને પોતાનાં બે બચ્ચાંની, જેનો આધાર એની એકલીની શક્તિ પર હતો. ચારે કોર નજર ફેરવતાં તેણે એક હંસને તડકામાં ઝોકાં ખાતું જોયું અને તે ચોરપગલે ત્યાં પહોંચી. હંસને જાણ થવા પામે તે પહેલા તો તે રીંછણના મોમાં પેસી ગયું હતું. રીંછણ પીછાં સાથે તેને આખું ને આખું ચાવી ગઈ. પણ આટલાક ખોરાકથી તો તેની ભૂખ ઊલટી વધુ ઉત્તેજાઈ.

રીંછણે પોતે ઊભી હતી ત્યાંથી સોએક પગલાં દૂર પાણીની કિનારી નજીકના બરફ પર વૉલરસનાં બે બચ્ચાંને પડેલાં જોયાં. બંનેની માતાઓ નજીકમાં જ છીછરાં પાણીમાં આળોટી રહી હતી. રીંછણની જીભનો સળવળાટ તેને આ નવા ખોરાક તરફ ઢસડી ગયો. પોતાની અને પોતાના શિકાર વચ્ચેના અંતરનું માપ એણે બારીકાઈથી કાઢવા માંડ્યું. ત્યાં તેનાં બે બચ્ચાં પણ તેની પાછળ પાછળ આવી પહોંચ્યાં. રીંછણે પાછલા પગે ખસીની એક ખડક પાછળ ઊભી રહી પોતાનો વ્યૂહ ગોઠવી લીધો અને બચ્ચાંને સૂંઘતા તેમના કાન આગળ મોં લાવી જાણે તેમને સમજાવી દીધાં કે, તમે અહીં જ ઊભાં રહેજો.

પૃથ્વીની ટોચે આવેલા આ અફાટ હેમાળા વિસ્તારમાં એક જીવ બીજા જીવને મારીને જ પોતાનું જીવન ટકાવી શકે છે. રીંછણ એના પહોળા અને રૂંછાળી ગાદીવાળા પંજા વતી ચુપકીદીથી આગળ સરવા માંડી ત્યાં આ જીવતાજાગતા ભયને પામી જઈ એક દરિયાઈ પંખી ચિચિયારી કરતું ઊડી નીકળ્યું. આ ચિચિયારી સાંભળતાં વૉલરસનાં બે બચ્ચામાંના એકની મા એનાં પહોળાં પાંખિયાં પર ઊભી થઈ જઈ રીંછણ ભણી તાકવા લાગી. રીંછણ તરત ચેતી ગઈ, અને સફેદ બરફમાં પોતાના સફેદ શરીરની હાજરી ન વરતાય એટલા માટે પોતાનાં કાળાં નસકોરાં આડે સફેદ પંજો ધરીને નિશ્ચેષ્ટપણે પડી રહી, જાણે બરફનો જ એક નાનકડો ઢગલો !

વૉલરસ માતાને તેની નજરે આથી ભય જેવું કશું ન જણાતાં તે થોડીક આઘી ખસી. રીંછણ એ તક ચૂકે તેમ ન હતી. પોતાની તમામ શક્તિ એકઠી કરી શરીરને ધનુષ જેમ વાળીને તેમાંથી છૂટતા બાણ જેમ તે વૉલરસનાં બચ્ચાં પર ત્રાટકી. એક બચ્ચું તો બરફ પર ગબડતું પાણીમાં પહોંચી ગયું, પણ બીજું ભાગવામાં મોડું પડતાં રીંછણનાં પંજામાં સપડાઈ ગયું.

રીંછણે ઠંડા કલેજે એનું ભક્ષણ કરવા માંડ્યું ત્યાં તો એ બચ્ચાની માને પોતાની નજીક આવતી જોતા તેના અદ્ધર થયેલા ભયાનક મોમાંથી ધારદાર તલવાર જેવા બે કરપીણ દંતૂશળો તેણે રીંછણ પર તોળ્યા, પણ રીંછણ ઊછળીને તાકીદે એક બાજુ ખસી ગઈ.

પરંતુ ખસી જવા છતાં તે વૉલરસ માતાનું નિશાન પૂરેપૂરું ચૂકવી શકી નહિ. તેના એક દંતૂશળનો ઘા તેની હડપચી પર આવી પડતાં ત્યાંથી લોહી ફૂટી નીકળ્યું. ક્રોધ અને વેદનાથી ધૂંધવાતી રીંછણ પછી તો તેની આ દુશ્મન પર તૂટી પડી. પોલાદી નહોર ધરાવતા તેના પંજાના અનેક ઘાએ વૉલરસનું શરીર હચમચી ઊઠતું હતું, પરંતુ તેની જાડી ને ઘટ્ટ ચામડી પર રીંછણનો એકે પ્રહાર કશી અસર કરી ન શક્યો. તેને તો પોતાના બંને દંતૂશળો રીંછણાના શરીરમાં ભોંકી દઈને પોતાના બચ્ચાની હત્યાનો બદલો લેવો હતો.

બંને વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું. રીંછણ હર વખત ખસી જઈને ચપળતાપૂર્વક દુશ્મનનો ઘા ચુકાવી રહી હતી. યુદ્ધ જ્યાં પરાકાષ્ઠાએ પહોંચ્યું ત્યાં જ કશોક અવાજ સંભળાતા રીંછણે યુદ્ધ પડતું મૂકી સીધી પેલા ખડક ભણી પૂરઝડપે દોટ મૂકી, કેમકે એ અવાજ તેનાં બચ્ચાંઓની દર્દભરી ચીસોનો હતો.

બચ્ચાં પાસે પહોંચતાં તેણે જોયું તો તેનું એક બચ્ચું લોહીલુહાણ પડ્યું હતું અને બે હિમવરૂઓ તેના માંસની ઉજાણી કરી રહ્યાં હતાં. રઘવાઈ બનેલી રીંછણ સીધી જ તેમના પર તૂટી પડી. એક વરૂ નસીબદાર નીકળ્યું જે આક્રમણ તોળાયા પહેલાં જ છટકી જઈને ઊભા પૂછડાએ નાસી છૂટ્યું, પણ

બીજું તો રીંછણનો જોરદાર પંજો પડતાની સાથે જ ઘૂમરડી ખાઈ ગયું. ગુસ્સે ભરાયેલી રીંછણે તેનાં અંગે અંગને ચૂંથીપીંખી નાખ્યાં.

•

હેમાળો અફાટ વેરાન તદ્દન શાંત હતો. વચ્ચે વચ્ચે ક્યારેક બરફનાં ગચિયાં વહેતાં આખી સપાટી પરની શાંતિમાં થોડોક ભંગ પાડી જતાં હતાં. રીંછણ ઉન્નત મસ્તકે સમુદ્રનાં ચળકતાં પાણી તાકી રહી હતી, જે ભરતીને લઈને વધુ ને વધુ નજીક આવતાં જતાં હતાં. ઇરાદાપૂર્વક એ તાકી રહેલી રીંછણે તેનું શરીર તંગ કર્યું, કેમકે તેણે રૂપેરી રંગના કેટલાક જીવોને ઘડીકમાં મોજાં ઉપર કૂદતાં તો ઘડીકમાં ડૂબકી મારી જતાં જોયાં. તીવ્ર ઘ્રાણશક્તિ ધરાવતા તેના નાકે પકડી પાડ્યું કે એમની ગંધથી પોતે સુપરિચિત હતી. એ હતી 'સામન' નામની માછલીઓ.

રીંછણ હવે પોતાના એકના એક બચ્ચા તરફ ફરી અને તેને એક હિમભેખડ પાછળ સંતાડી પોતે જરાસરખોયે અવાજ કર્યા વિના કે પાણીમાં હેલારો સરખો થવા દીધા વિના પાણીમાં ડૂબકી મારી ગઈ, અને પછી જળબિલાડીની જેમ મોં બહાર કાઢી પોતાના પંજા વીંઝવા માંડ્યા. તેને ખાતરી હતી કે આમ કરવાથી માછલાં કિનારા ભણી ધસવા માંડશે અને પોતાને તેમ જ બચ્ચાંને પૂરતો ખોરાક મળી રહેશે.

પણ આ શું? એનાથી વીસેક ફૂટ દૂર તેણે પાણીમાં ભારે ઘમસાણ મચતું જોયું. કેટલાંક માછલાં દરિયામાંથી અદ્ધર કૂદી રહ્યાં હતાં જ્યારે કેટલાંક મોતના મોંમાંથી છૂટવા ચકરડી ભમરડી ફરતાં ભાગી રહ્યાં હતાં. રીંછણ કુતૂહલપૂર્વક આ તમાશો જોઈ રહી હતી ત્યાં તો પાણીમાંથી એક તોતિંગ મસ્તક બહાર આવ્યું અને તેના ગંજાવર જડબાંમાં માછલાં ઠાંસવા માંડ્યું.

રીંછણને તો તે એક વિશાળકાય માછલી જ લાગી, જોકે તેની આખી જિંદગીમાં આવડી મોટી માછલી એણે કદી જોઈ નહોતી. એની લંબાઈ જ પંદર ફૂટ કરતાં વધારે હતી. એ કદાવર પ્રાણીની ભયાનકતાએ રીંછણને થથરાવી મૂકી અને તેણે ભાગી છૂટવા વિચાર્યું, કારણ કે તેનાં બચ્ચાને તેણે હજી ઉછેરવાનું હતું.

પણ એ ભાગી છૂટે એ પહેલાં તો એ રાક્ષસી દુશ્મને જડબું પહોળું કર્યું. એ પ્રાણી કોઈ માછલું નહોતું, પરંતુ દરિયાઈ પ્રાણીઓમાં સૌથી ભયંકર ગણાતી વ્હેલ હતી. એ જે હોય તે, રીંછણે તો પહેલો ઘા રાણાનો એવી ગણતરીએ સામે મોંએ વ્હેલ સામે યુદ્ધમાં ઝંપલાવીને પહેલો જ ઘા તેની આંખ પર કર્યો. એ પછી બીજા પણ બે ઘા કર્યા, પણ દુશ્મનની ચામડી એટલી જાડી હતી કે તેને કશી જ અસર થવા ન પામી.

વ્હેલે મોટો સેલારો લઈ પાણીમાં ઘૂમરી લગાવતાં રીંછણ પણ ચક્કર ફરી ગઈ. વ્હેલ અરધી આંધળી થઈ ચૂકી હોઈને રીંછણ તેના સકંજામાંથી સહેલાઈથી છટકી જઈ શકતી હતી. પરંતુ ગમે તેમ તો યે એ વ્હેલ હતી. એના જેવું જબ્બર અને હિંસક પ્રાણી દરિયામાં બીજું નહિ મળે. તેણે પૂછડીનો એક એવો તો ફટકો રીંછણને લગાવ્યો કે તે લગભગ અરધી બેહોશ થઈ ગઈ.

હવે રીંછણને ખાતરી થઈ ચૂકી કે આ કોઈ મોટું માછલું નહોતું. તેને લાગ્યું કે એની સાથે લડવામાં પોતાની સલામતી નથી. એની સાથે ટકરાવાની પોતાની મૂર્ખાઈની હવે તેને પ્રતીતિ થઈ ચૂકી. તે કિનારા ભણી તાકવા લાગી જ્યાં તેનું બચ્ચું તેની રાહ જોઈ રહ્યું હતું. જો જીવતાં પોતાનાં બચ્ચાનું મોં જોવું હોય તો ડૂબકી મારીને કિનારે પહોંચી જવા સિવાય બીજો કશો વિકલ્પ તેને માટે હવે નહોતો રહ્યો.

ફેફસાંમાં પુષ્કળ હવા ભરી તેણે ડૂબકી લગાવી, પણ પોતાની આંખ ફોડ્યાનું વેર લેવા વ્હેલ ધસમસતી તેની પાછળ જ પડી હતી. રીંછણ હવે ફરી ભૂલ કરવા માગતી નહોતી, એટલે વ્હેલ ઢૂંકડી આવતાં જ પોતાના સ્નાયુઓના કણેકણની શક્તિ ખેંચી તેણે વ્હેલ પર ઘા કરી દીધો. વ્હેલે પણ વળતો ઘા કરી તેના ખભામાંથી માંસનો લોચો બહાર ખેંચી કાઢ્યો.

બાદ વ્હેલ તો ત્યાંથી જતી રહી પણ માછલીઓ રીંછણના ઘા પર તૂટી પડી તેને રંજાડવા લાગી. હવે દુશ્મનની કોઈ નિશાની ન જણાતાં તેણે ઝડપથી કાંઠે પહોંચી જવાનો પ્રયત્ન કર્યો. પરંતુ થોડેક આગળ જતાં જોયું તો વ્હેલ પૂરઝડપે તેનો પીછો કરતી ધસતી આવતી હતી. તેણે પોતાનું શરીર છીછરાં પાણી તરફ વાળ્યું, જ્યાં વ્હેલ આવી શકે તેમ નહોતી.

નજીકમાં જ તેણે બે એસ્કિમો જુવાનને તેમની હોડીઓમાં બેસીને સીલનો શિકાર કરતા જોયા. રીંછણને માણસ એટલે શું તેની ખબર નહોતી, પણ તે તેને વ્હેલ જેટલું ભયંકર પ્રાણી ન લાગ્યું એટલે એ તરફ જઈ, બંને હોડીઓ વચ્ચેથી ડૂબકી મારી થોડીવારમાં કાંઠે આવી પહોંચી.

વ્હેલ સાથેના યુદ્ધમાં પડેલા ઘામાંથી પુષ્કળ લોહી વહી જવાથી અને યુદ્ધમાં ખરચવી પડેલી ભારે શક્તિથી રીંછણનું શરીર હવે પીડાથી કળતું હોઈને તે સાવ નખાઈ ગઈ હતી. તેણે કાંઠે પડ્યા પડ્યા દરિયા તરફ નજર કરી તો ત્યાં નવું જ દૃશ્ય ભજવાતું જોયું. રોષે ભરાયેલી વ્હેલે એસ્કિમો જુવાનો ને તેમનાં હોડકાંનો પોતાની પૂછડીના પ્રહારે ખુરદો બોલાવી દીધો હતો અને તે બધો ભંગાર પાણીમાં હડસેલાતો કાંઠા ભણી આવી રહ્યો હતો. રીંછણને એ દૃશ્ય પ્રત્યે દિલચસ્પી ન હોઈને પોતાનું કળતર ઓછું થતાં પોતાના બચ્ચાં તરફ વળી. □

ત્રયોદશ ગુણસંપન્ન તાંબૂલ



સુરેન્દ્રનાથ નિફાડકર

મરાઠી ભાષામાં કોઈ નાજુક નમણી સ્ત્રીને ઉપમા આપવી હોય તો અનેક ઉપમાઓ પૈકીની એક છે નાગરવેલીની ! નાગરવેલને અંગ્રેજીમાં Betal Leaf કહેવાય છે. ભારતની સંસ્કૃતિ વિશે લખનાર કેટલાક દેશીવિદેશી લેખકોએ તેમના ભારત વિષેનાં પુસ્તકોમાં 'Tambool Culture' જેવો શબ્દપ્રયોગ કર્યો છે. આપણા દેશના અનેક પ્રાચીન ગ્રંથોમાં 'તાંબૂલ' વિષે સારી એવી માહિતિ જોવા મળે છે.

પાન કે પાનના બીડાનો મહિમા આજે પણ છે, અને અતીતમાં પણ હતો જ. મહાન વૈદ્ય ચરકઋષિએ તેમના 'ચરક-સંહિતા'નામક ગ્રંથમાં તાંબૂલનાં ગુણધર્મોનું સુંદર વિવરણ આપેલું છે. એક અનુમાન મુજબ આ ગ્રંથ મહાભારતકાળ પૂર્વે એટલે કે ઈ.સ. પૂર્વે ચાર હજાર વર્ષ પહેલાં લખાયેલો મનાય છે. સ્કંદપુરાણમાં તાંબૂલ અંગેનું સરસ વાઙ્મય છે. વાત્સાયનના 'કામસૂત્ર'માં અને વરાહમિહિરના 'બૃહસંહિતા'માં તો તાંબૂલની ઉપયોગિતા અંગેનો ભરપૂર ઉલ્લેખ જોવા મળે છે. મંદસૌર (મધ્યપ્રદેશ)ના જૂના જમાનાના કેટલાક કુશળ અને કલ્પ નાશીલ વણકરોએ રેશમી વસ્ત્રો પર 'તાંબૂલ'ના આકર્ષક ઉલ્લેખ કર્યા હોવાનું જાણવા મળે છે. બારમી સદીમાં થયેલા 'સોમેશ્વરે' તેના 'માનસોલ્લાસ' નામના એક ગ્રંથમાં રાજાનાં કર્તવ્યો અને તેણે ભોગવવાનાં 'અષ્ટભોગ' અંગે પ્રચૂર માર્ગદર્શન આપેલ છે. આ 'અષ્ટભોગ' એટલે (૧) ચંદનાદિ વિલેપન (૨) સુગંધી દ્રવ્યોસહ સ્નાન અને એ દ્રવ્યોનો નિત્ય વપરાશ. (૩) સ્ત્રી (૪) વસ્ત્ર-પ્રાવરણો. (૫) સંગીત (૬) અન્ન (૭) તાંબૂલભક્ષણ અને (૮) શયન.

પ્રાચીન કે ઐતિહાસિક ચિત્રોમાં તાંબૂલ વિષેનાં અનેક ચિત્રો આજે પણ જોવા મળે છે. તેમાં નાયક-નાયિકા અરસપરસ બીડું આપતાં હોવાના ઉપરાંત તાંબૂલ-સામગ્રીનાં સાધનો દોરાયેલાં છે. આપણા લોકવાઙ્મયમાં એક લગ્નગીતમાં આવે છે : 'લાડડો પાન ચાવે ને રસ ઘોળે.' આ રીતે શૃંગાર-પ્રેમના પ્રતીક તરીકે પણ આપણી લોકસંસ્કૃતિએ પાનનો મહિમા કર્યો છે.

તાંબૂલ-સામગ્રીમાં સૌથી વધુ મહત્ત્વના ઘટક છે નાગરવેલનાં પાન અને સોપારી. હિન્દુઓના કોઈ પણ ધાર્મિક પ્રસંગે આ બન્નેનું અતિ મહત્ત્વ છે. ઘરમાં ગણપતિની મૂર્તિ ન હોય તો સોપારીને ગણપતિના સ્થાને મૂકી તેનું પૂજન કરાય છે.

વિવાહપ્રસંગે તાંબૂલ અને સોપારીનું ઘણું મહત્ત્વ છે. કેટલાયે પ્રાંતોમાં વિવાહપ્રસંગે આવનાર મહેમાનોને તાંબૂલ આપી તેમનું સન્માન કરાય છે. મહારાષ્ટ્રમાં વિવાહપ્રસંગે બીડું અને સોપારીનું મજાનું મહત્ત્વ છે. મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશમાં લગ્નવિધિ પત્યા પછી વધૂ પોતાના મુખમાં અરધું બહાર અરધું

પિકદાની



શોભનાખચિત પાનદાની



અંદર એવું બીડું મૂકે છે. બહાર રાખેલો બીડાનો ભાગ વરે ખાવાનો હોય છે.

લગભગ આખા મહારાષ્ટ્રમાં એક મજાની પ્રથા છે. એક મોટી ત્રાંબાકૂંડીમાં એક નાણું અને સોપારી મૂકી તેના પર ભરપૂર કંકુમિશ્રિત પાણી છોડવામાં આવે છે. ત્યારબાદ વધૂપક્ષની કોઈ એક સ્ત્રી (બહુધા વરની સાળીજ) એક, બે ત્રણ કહે કે વધૂ અને વર ત્રાંબાકુંડીમાં હાથ નાખી નાણું શોધવા લાગે છે. સોપારી તેમનાં માટે નડતર થાય છે. છેલ્લે જે કોઈ નાણું શોધી બહાર કાઢે તે બીજા પર રાજ કરે છે, એવી ગમ્મતની માન્યતા છે. આપણામાં આવો જ રિવાજ પ્રચલિત, જેને વરવહુ કોડીએ રમ્યાં કહે છે.

બંગાળમાં સંયુક્ત કુટુંબમાં સૌથી નાની વહુને તાંબૂલ બનાવવાનું કામ સોંપાતું. બંગાળ આમેય પાનનું શોખીન છે.

બીડું શૌર્યનું પ્રતીક પણ મનાતું. જૂના જમાનામાં રાજાને કોઈ અઘરો પડકાર ઝીલવા માણસ ન મળતો ત્યારે આમદરબાર બોલાવતો. ત્યાં ચાંદીની એક થાળીમાં સુગંધી દ્રવ્યોયુક્ત બીડું મુકાતું અને એ થાળી ઉપસ્થિતો સામે ફેરવાતી. જે કોઈ બીડું ઉઠાવી પોતાના મોંમાં મૂકતો તેણે પડકાર ઝીલી લીધો એવું મનાતું. બીડું શૌર્યનું પ્રતીક મનાય તો તેનો એક ઘટક સોપારી ક્યારેક શૌર્યનું પ્રતીક બને છે! કોઈનું કાસળ કાઢવા મારનારને અમૂક રકમ અપાય છે તેને સોપારી આપી કે લીધી એવું કહેવાય છે. આમ શુભ મનાતી સોપારીમાં ક્યારેક ક્રૂરતા પણ આરોપાય છે!

ખરેખર તો, ઐતિહાસિક સમયે 'પાન'ની 'શાન' પ્રેમ અને શૃંગારના પ્રતીક તરીકે જ હતી. પ્રાચીન સમયના તાંબૂલમાં તેર જાતની ઉચ્ચ ગુણકારી વસ્તુઓ વપરાતી. 'ત્રયોદશગુણ' ધરાવતા તાંબૂલ અંગે સંસ્કૃતમાં શ્લોક છે.

તેમાં જણાવ્યા પ્રમાણે :

તાંબૂલ કટુ(તીખું), તિક્ત (કડવું), ઉષ્ણ, મધુર, ક્ષારયુક્ત, કષાય(તૂરું), વાતઘ્ન (વાતનાશક), કૃમિહર ,(કૃમિઓનો નાશ કરનાર), કફહર (કફનાશક), દુર્ગંધનાશક, મુખને શોભા આપનાર અને કામાગ્નિ પ્રદીપ્ત કરનાર છે. આવું રસયુક્ત તાંબૂલ ફક્ત પૃથ્વી પર જ ઉપલબ્ધ છે. સ્વર્ગમાં રહેનારાઓ (દેવો) માટે તે દુર્લભ છે.

તાંબૂલમાં આ ત્રયોદશ ગુણ આપનારા પદાર્થો છે તે મુજબ (૧) નાગરવેલનાં પાન (કટુ, તિક્ત ઉષ્ણ) (૨) ચુનો (ક્ષાર) (૩) કવાથ - કાથો - (કટુ તિક્ત અને શરીર પરના જખ્મો ભરનારો) (૪) સોપારી (તુરો, કષાય) (૫) વરિયાળી (કટુ) (૬) ઇલાયચી (મધુર, શીત અને સુગંધી) (૭) લવિંગ (તીખો) (૮) ચણોઠીનાં પાન (જેમાં સ્વરયંત્રને સુમધુર કરવાનો ગુણ છે) (૯) જાયફળ (કટુ) (૧૦) કપૂર (તિક્ત અને મધુર) (૧૧) સુકા કોપરાનું છીણ (મધુર અને શીત) (૧૨) કસ્તૂરી (તિક્ત, કટુ અને કામોત્તેજક (૧૩) કેસર (કટુ, તિક્ત, ઉષ્ણ અને કામોત્તેજક).

ઉપરોક્ત મિશ્રણમાં તમાકુ કે જર્દાનો ક્યાંયે ઉલ્લેખ નથી. આયુર્વેદમાં તમાકુના સ્વતંત્ર ગુણ દર્શાવેલા છે, પણ પાનમાં મિશ્રણ કરીને ખાવારૂપે નહીં. પાનમાં તમાકુ નાખવાથી તે દાંત, અન્નનલિકા અને હોજરી પર ખૂબ જ ખરાબ અસર થાય છે. લખનૌમાં અનેક સુંદર, સ્વચ્છ અને ખાતરીલાયક પાનના ગલ્લા (ઠેલા) છે. કેટલાંક ઠેલાવાળા પાનમાં તમાકુ કે જર્દા ઉમેરવાની સાફ ના પાડે છે.

તાંબૂલ બનાવવાની એક કલા છે. આ કલાને આત્મસાત કરનારને 'તંબોળી' કહેવાતો જે આગળ જતાં એક જ્ઞાતિ અને અટક બની ગઈ.

નાગરવેલ ઉષ્ણ કટિબંધ પ્રદેશોમાં થતી હોવા છતાં હવામાન, જમીન જેવાં કારણોથી તેનાં સ્વાદ અને આકારમાં ભિન્નતા જોવા મળે છે. ભારત સિવાય બંગલાદેશ, જાવા, સુમાત્રા, બ્રહ્મદેશ, પાકિસ્તાન જેવા દેશોમાં પાન ખાવાની પ્રથા છે. ખુદ ભારતમાં લખનૌનાં બીડાં સર્વશ્રેષ્ઠ ગણાય છે, પરંતુ તેમાં વપરાતાં નાગરવેલનાં પાન બનારસ, બંગાળ, રાજસ્થાન, માળવા, મંગેરી અને પુણેનાં હોય છે. દરેક જાતની નાગરવેલમાં પોતપોતાની વિશિષ્ટતા હોય છે.

તાંબૂલનો એક ઘટક ચૂનો. ચૂનો બનાવવાની પણ એક કલા છે. તવંગર લોકો ચૂનામાં વિશિષ્ટ પ્રકારનાં શંખ અને છીપનો ભૂકો ઉપરાંત માખણ પણ ભેળવે છે. અતિ શ્રીમંત લોકો ચૂનામાં મોતીનું ચૂર્ણ અને કાશ્મીરી કેસર નંખાવે છે. આ બધાનું ચૂનામાં મિશ્રણ કરવું તે કલા હોવાથી લોકો તેમાં પાવરધા છે. 'ચૅંગરી' તંબોળી મુજબ ચૅંગરી જ્ઞાતિ નિર્માણ થઈ.

સોપારીના પણ ઘણા પ્રકાર છે. સોપારીનું મુખ્ય ઉત્પાદન ભારત ઉપરાંત આફ્રિકામાં થાય છે. તેમ છતાં નાગરવેલને, સોપારીને કે તાંબૂલને ધર્મ, અર્થ અને કામમાં સ્થાન આપનાર એકલો ભારત દેશ જ છે. આયુર્વેદ મુજબ ત્રયોદશ ગુણયુક્ત તાંબૂલ દિવસમાં એક વખત, બપોરે જમ્યા પછી ભક્ષણ કરવાથી પાચનશક્તિમાં ઘણો સુધારો થાય છે. કૃમિ, મુખરોગ, હાડકાનો ઘસારો થતો નથી. કામેચ્છા રાખનાર સ્ત્રી કે પુરુષે રાત્રે જમ્યા પછી એક બીડું ખાવું. આનાથી વધુ વાર ક્યારેય ભક્ષણ ન કરવું. પાન ખાધા બાદ પહેલો મુખરસ વિષ સમાન હોવાથી ને બીજો પાચન માટે ભારે હોવાથી તે થૂંકી નાખવો. ત્રીજો અને ત્યાર પછીનો મુખરસ અમૃતતુલ્ય હોવાથી. તે ગળી જવો.


તાંબૂલ બરાબર ચાવી તેનો કૂચો કરી તે પેટમાં ઉતારવાથી તેની યોગ્ય અસર થાય છે. પાન ખાધા બાદ દાંત અને મોં પાણી વડે સ્વચ્છ કરવાં. નવપ્રસૂતા માટે 'એકાદશ ગુણયુક્ત તાંબૂલ ખૂબ જ ઉપયુક્ત હોવાથી કસ્તૂરી અને કેસર બાદ કરી બાકીના પદાર્થસહનું તાંબૂલ ઓછામાં ઓછા ત્રીસ દિવસ રોજ એક વખત બપોરે જમ્યા પછી અવશ્ય આપવું.' તે ફાયદાકારક છે.

કોઈના માથામાં ફોડલીઓ થઈ હોય તો તાંબૂલ બરાબર ચાવી ખૂબ બારીક કરેલો કૂચો રોગીના માથા પર ધીમે ધીમે ઘસવો. લગભગ આઠદસ દિવસમાં જ આરામ થઈ જશે. આ પાનમાં પણ કસ્તૂરી અને કેસર નાખવા નહિ.

તાંબૂલની પરંપરાએ બીજી કેટલીક કલાત્મક વસ્તુઓને પણ જન્મ આપ્યો. નાગરવેલના પાન અને બીજો સામાન રાખવા જે ડબ્બાઓ નિર્માણ કરાવા તે ખરેખર યા જોવાલાયક છે. ત્રિકોણી, ચતુષ્કોણી, પંચકોણી, ષટ્કોણી, અષ્ટકોણી, ગોળ, લંબગોળ, પિરામિડ જેવા અનેક આકારના ડબ્બાઓ પિત્તળના કે ચાંદીના પણ બનતા.

વળી, આ ડબ્બાઓ પિપળનાં પાન, કેરી, તરબૂચ જેવાં પર્ણ કે ફળ આકારના, કેટલાક સિંહ, હાથી, પોપટ, મોર, બતક જેવાં પશુ-પક્ષીના આકારના બનતા. કેટલાક ડબ્બાઓની અંદર ખસ (વાળો)નો ઉપયોગ કરી નાગરવેલનાં પાન તાજાં રખાતાં. કેટલાકને જાળી ગોઠવીને તો કેટલાકના અંદર માટીની તવી જેવી વસ્તુ મૂકી પાન કેટલાંયે દિવસ સુધી તાજાં રખાતાં.

વિવિધ પ્રકારની સૂડીઓ



સોપારી કાતરવાની સૂડીઓમા સુધામાં કેવી કલ્પકતા! જૂના જમાનામાં વપરાતી સૂડીઓ પોપટ, મોર, ઘેટું, બળદ, અશ્વ જેવાં પ્રાણીઓના આકારની હતી તો કેટલીક શેષશાયી શ્રીવિષ્ણુ અને બીજો દેવદેવતાઓનું દર્શન કરાવતી. તેની પર સુંદર, નાની નાની ઘૂઘરી પણ લગાડાતી. કેટલીક સૂડીઓ તો મિથુન-સૂડી તરીકે ઓળખાતી. સૂડીના નીચેના ભાગને અચલ (સ્થિર) અને ઉપરને 'ચલ' (અસ્થિર) કહેવામાં આવે છે. 'અચલ' ભાગ સ્ત્રીરૂપે તો ચલ પુરુષ રૂપે એવી આપણી પ્રાચીન માન્યતા હોવાથી સૂડીના કારીગરોએ નીચેના ભાગને વિવિધ સ્ત્રીઓનું અને ઉપરના ભાગે પુરુષોનું રૂપ આપવામાં કોઈ કચાશ રાખી ન હતી. આવી કેટલીક સૂડીઓનો ઉપરનીચેનો ભાગ જ્યારે એકત્ર થાય ત્યારે રીતસર સ્ત્રીપુરુષ આલિંગન આપતાં હોવાનું દેખાય છે! શેષશાયી વિષ્ણુના અને બીજા દેવદેવતાઓનાં, યક્ષકિન્નરોના સુંદર ચિત્રો કોતરેલાં હોય તેવી સૂડીઓ પણ મળી છે.

ઘરેઘરે, ખાસ કરીને મુસ્લિમ ઘરમાં એકાદ પિકદાની અવશ્ય રહેતી. ઉપરાંત મહેફિલોમાં કે વિવિધ બેઠકો વખતે ગાદલા સામે પિકદાની મુકાતી. આ પિકદાનીઓ પર પણ સુંદર મીનાકારી કે બિદ્રી નકશીકામ થતું.

તાંબૂલનાં બે વિરોધાભાસી સ્થાન તો જુઓ! એક સ્થાન છે ખાનદાની પરિવારમાં તો બીજું સ્થાન છે તવાયફોની કોઠી! આ કોઠીઓમાં જનાર રસિકોનું (કે ગ્રાહકોનું!) સ્વાગત મદભર્યા તાંબૂલથી કરાય છે. ત્રીજું સ્થાન છે ભગવાનનું મંદિર! ભગવાનને છપ્પન ભોગ ચઢાવ્યા બાદ તાંબૂલ પણ અપાય છે.

તાંબૂલનું આટલું સુંદર સાહિત્ય જોયાં બાદ હાલનાં પાનને તાંબૂલ કહી શકાય ખરું? ગલીગલીમાં અનેક ગલ્લે મળતાં પાનમાં સેકેરિનયુક્ત ગુલકંદ, લાલ ચપટી, કોળામાંથી કે કાચા પપૈયામાંથી બનાવેલ નાનીનાની ગોળીઓ, રાસાયણિક અજમેટ, હલકા પ્રકારની સોપારી, અર્ક કાઢી લીધેલ ઇલાયચી, તમાકુ, ૧૨૦ જર્દા એ બધી વસ્તુઓનું પાન ખાવાથી દાંતનું, પેટનું કે ગળાનું કેન્સર થઈ શકે છે. હવે ક્યાંક નશીલો પદાર્થ બ્રાઉન શુગર પણ વપરાય છે. જે ધીમા દારુણ મોતને આમંત્રણ આપવા જેવું છે. પાન ખાવું જ હોય તો ત્રયોદશ ગુણસંપન્ન પાન ખાઓ.

ઈ.સ.ની ૧૬મી સદીના આખરથી ૨૦મી સદીના પૂર્વાર્ધ સુધીનાં પાનના વિવિધ પ્રકારનાં ડબ્બા, સૂડી, ચૂનાકત્થાની ડબ્બીઓ, પાનદાન અને પિકદાનીઓ પુણેના કેળકર સંગ્રહાલયમાં જોવાં મળે છે. □

ધરતીનો છેડો ઘર

રસોડું


— હેમન્ત વાળા —

ભારતીય કૌટુંબિક વ્યવસ્થામાં સ્ત્રીનું જેટલું મહત્ત્વનું સ્થાન છે તેટલુ 'જ મહત્ત્વનું સ્થાન ઘરની રચનામાં રસોડાનું હોવું જોઈએ. જેમ કુટુંબમાં સ્ત્રી કેન્દ્રસ્થાને રહી કૌટુંબિક સંબંધોને નિખારે છે તેવી જ રીતે રસોડું ઘરના કેન્દ્રસ્થાને રહી અન્ય ઓરડાઓ સાથેની સંલગ્નતા જાળવી રાખે છે.

ઘરનો લીવિંગ રૂમ બહારથી કોઈ મહેમાન આવે ત્યારે તેની આગતા-સ્વાગતા માટે ઉપયોગમાં લેવાય છે. ફેમિલિરૂપ કુટુંબના સભ્યોના પારસ્પરિક વ્યવહાર અને મનોરંજન માટે અને બેડરૂમ મહદ્અંશે આરામ અને શયન માટે ઉપયોગમાં લેવાય છે. આમ, ઘરના મોટાભાગના ઓરડાઓની ઉપયોગિતા સમય અને હેતુ બંને બાબતે મર્યાદિત રહે છે. તેની સરખામણીમાં રસોડાની ઉપયોગિતામાં વૈવિધ્ય તેમ જ સઘનતા રહેલી છે. વળી, ઘરના અન્ય ઓરડાઓ કોઈ ચોક્કસ સમયે જ ઉપયોગમાં લેવાતા હોય છે. જ્યારે રસોડું એવી જગ્યા છે કે જે સમગ્ર દિવસ દરમિયાન એક યા બીજી રીતે ઉપયોગમાં લેવાય છે અને તેથી જ રસોડાની રચનામાં કાર્યદક્ષતા વધુ મહત્ત્વની બની રહે છે.


પરંપરાગત સાહિત્યમાં દર્શાવ્યા પ્રમાણે ઘરની રચનામાં રસોડું અગ્નિ ખૂણામાં હોવું જોઈએ. અને રાંધતી વખતે સ્ત્રી પૂર્વાભિમુખ હોવી જોઈએ. શક્ય છે કે તે ખૂણાનું નામ તે સમયના રસોડામાં સતત પ્રદીપ્ત રહેતા અગ્નિ ઉપરથી જ આવ્યું હશે. આ ખૂણામાં રસોડું મૂકવાથી નૈર્ઋત્ય દિશાના પવનોનો સતત લાભ મળે છે. વળી, રાંધતી વખતે પૂર્વ બાજુ મોઢું રાખવાનો તર્ક એ હોઈ શકે કે નૈર્ઋત્ય દિશા તરફથી આવતા પવનોથી અગ્નિની ઝાળ વ્યક્તિ ઉપર ન ફેંકાય. જોકે આજના પરિપ્રેક્ષ્યમાં જ્યારે સ્થાનિક અસરોને કારણે માઈક્રોક્લાઈમિટથી પવન અન્ય દિશામાંથી પણ આવે વળી. યાંત્રિક ઉપકરણોથી રસોડાની અંદરની હવાના ગમનનું પણ નિયમન થઈ શકે છે. ત્યારે અગ્નિ ખૂણામાં જ રસોડું હોવું જરૂરી નથી રહેતું, સિવાય કે એમ કરવા પાછળનાં ગૂઢ કારણોથી આપણે સભાન બનીએ.

પોળનાં પરંપરાગત મકાનોમાં રસોડું હંમેશા મધ્યમાં આવેલ ચોકની આજુબાજુ જ બનાવાતું. તે નાનું અને ખૂબ જ મર્યાદિત સાધન-સામગ્રીનો સમાવેશ કરી શકે તેવું રહેતું. રાંધવા માટે જરૂરી પૂરક પ્રક્રિયાઓ રસોડાની બહાર ચોકમાં કરાતી; જે




ચોક ફેમિલિરૂપ તરીકે પણ ઉપયોગમાં લેવાતો. ભંડાર અને પાણિયારા માટે પણ અલાયદી વ્યવસ્થા રહેતી. સૂકા અને ગરમ પ્રદેશમાં રસોડું ખુલ્લી તથા અર્ધખુલ્લી જગ્યાઓમાં બનાવાતું અને તેનો ઉપયોગ બહાર જ્યારે ગરમીની માત્રા વધુ હોય ત્યારે ન કરાતો. પરંપરાગત રસોડાઓમાં સામાન્ય રીતે ચૂલા અથવા સ્ટવનો ઉપયોગ થતો, જેમાં સ્ત્રી નીચે બેસીને રાંધતી. પરિણામે આજુબાજુ મુકાયેલાં ઉપકરણો અને સ્ટોરેજ પણ નીચે રખાતાં. રસોડામાં જેમ જેમ વિવિધ યાંત્રિક અને વીજળિક ઉપકરણોનો સમાવેશ વધતો ગયો તેમ તેમ રસોડાનું સ્વરૂપ બદલાતું ગયું અને ક્રમશઃ રસોડું સ્ત્રીની આધુનિક જીવનસરણીને પ્રતિબિંબિત કરતું માધ્યમ બનતું ગયું.

રસોડાનો મુખ્ય કાર્યહેતુ રાંધવાનો છે. પણ સાથે સાથે ઘણીવાર તેમાં બીજા કાર્યહેતુનો પણ સમાવેશ કરાય છે જેમ કે સ્ટોર, પૂજા, ઘંટી, ડાઈનિંગ, વોશિંગમશિન ઉપરાંત - જો સ્ત્રીની જરૂરિયાત હોય તો - સ્ટડીટેબલની સાથે નાની લાઈબ્રેરીનો પણ રસોડામાં સમાવેશ કરાય છે. રસોડામાં થતાં કાર્યોને સામાન્યતઃ ત્રણ ભાગમાં વર્ગીકૃત કરી શકાય : પ્રથમ, રાંધવું કે જેમાં ગૅસ-સ્ટવ, હૉટપ્લેટ ઓવન વગેરેનો સમાવેશ થાય; બીજું, સ્ટોરેજ કે જેમાં રોજિંદી જરૂરિયાતનાં વાસણો, ફ્રીઝ ઉપરાંત અનાજનો પણ સમાવેશ થાય છે અને ત્રીજું, પૂરક ક્રિયાઓ માટેનું સ્થાન કે જેમાં સિંક, મિક્સિંગ પ્લૅટફૉર્મ, કટિંગ પ્લૅટફૉર્મ વગેરેનો સમાવેશ થાય. આ ત્રણે કાર્યો માટે નિર્ધારિત સ્થાનના કેન્દ્રને જોડતો એક ત્રિકોણ બજાવી શકાય. જેને વર્કટ્રાઈઍન્ગલ કહી શકાય. આ ત્રિકોણની ત્રણે બાજુઓનો જે સરવાળો થાય છે તે રસોડાની કાર્યક્ષમતાને અસર કરે છે. નાના રસોડામાં સામાન્ય રીતે આ સરવાળો ૧૦ ફૂટની આસપાસ રહે છે. મધ્યમ ઘરના રસોડામાં આ સરવાળો ૨૦ ફૂટથી વધુ ન રહે તે હિતાવહ છે, નહિ તો સ્ત્રીની અવરજવર રસોડામાં મહત્તમ થઈ જતાં તેની કાર્યક્ષમતા ઘટે છે. ઘણીવાર આપણી જીવનસરણી પ્રમાણે ફ્રીઝ




આ રસોડામાં L આકારના પ્લૅટફૉર્મ ઉપરાંત અલાયદા પ્લૅટફૉર્મ પર સિંક રખાયું છે જેની ચારેબાજુ અવરજવર શક્ય છે.



L આકારના પ્લૅટફૉર્મવાળા રસોડામાં અન્ય ઉપયોગ માટે વધુ જગ્યા મળે છે.


ડાઈનિંગમાં મૂકવામાં આવે છે, જેનાથી આ વર્કટ્રાઈઍન્ગલ અનિચ્છનીય રીતે વિચિત્ર બને છે. રસોડાની રચના છ પ્રકારે સંભવી શકે - સુરેખાકીય (one wall) પ્લૅટફૉર્મ, સમાંતર પ્લૅટફૉર્મ, એક ખૂણાવાળું પ્લૅટફૉર્મ, નળાકાર પ્લૅટફૉર્મ, દ્વીપકલ્પ પ્લૅટફૉર્મ તથા અલાયદું પ્લૅટફૉર્મ.

ઘરના રસોડામાં રાંધવાનાં સ્થાન, સ્ટોર તથા પૂરકક્રિયા માટેના પ્લૅટફૉર્મને જોડતાં કાર્ય ત્રિકોણ (Work Triangle)ની ત્રણે બાજુનો સરવાળો ૨૦ ફૂટથી વધવો ન જોઈએ.




સુરેખાકીય રસોડામાં પ્લૅટફૉર્મ એક જ દીવાલને અડાડીને બનાવાય છે. મોટેભાગે નાના ઘરમાં આ પ્રકારનું પ્લૅટફૉર્મ બનાવાય છે. આ પ્લૅટફૉર્મ લાંબું હોવાથી પ્લૅટફૉર્મ પર કયું ઉપકરણ ક્યાં આવશે તે નિર્ણય તર્કબદ્ધ રીતે કરવાથી રસોડામાં અવરજવર પર નિયંત્રણ લાવી શકાય છે. આ તર્ક પાછળ રાંધવાની પ્રક્રિયાનો ક્રમ ખૂબ મહત્ત્વનો બની જાય છે. બે સમાંતર પ્લૅટફૉર્મથી રચાયેલા રસોડામાં અવરજવર લઘુતમ થવાની શક્યતા રહે છે. પણ સાથે સાથે ક્રૉસ આવન-જાવનની પણ શક્યતા વધે છે, જેથી બે પ્લૅટફૉર્મ વચ્ચેનું અંતર ચાર ફૂટ હોવું ઇચ્છનીય છે. આ પ્રકારનું અને સુરેખાકીય પ્લૅટફૉર્મ જ્યાં એક વ્યક્તિ કામ કરવાની હોય ત્યાં વધુ કાર્યક્ષમ બની શકે. એક ખૂણાવાળું L આકારનું પ્લૅટફૉર્મ કાટખૂણે આવેલી બે દીવાલને અડાડીને બનાવાય છે. આ પ્રકારના રસોડામાં ફાયદો એ છે કે પ્લૅટફૉર્મના સામેના ખૂણાને અન્ય ઉપયોગમાં લઈ શકાય છે. આ રસોડું સામાન્ય રીતે મધ્યમ કદનું કહી શકાય, જેમાં બે વ્યક્તિઓ પણ સાથે કામ કરી શકે.

'U' આકારના નળાકાર પ્લૅટફૉર્મવાળું રસોડું સૌથી વધારે કાર્યક્ષમ ગણાય છે. એની ત્રણે બાજુઓ પર ત્રણ કાર્યકેન્દ્રો બનાવવાથી વર્કટ્રાઈઍન્ગલ સારો મળે છે. વળી, આ પ્રકારના રસોડામાં અન્ય આવનજાવન પણ અલાયદી રહી શકે આવું રસોડું મધ્યમ તથા વિશાળકદનું ગણાય, જેમાં ત્રણ વ્યક્તિઓ એક સાથે કામ કરી શકે. દ્વીપકલ્પ આકારનું પ્લૅટફૉર્મ આમ તો



એક દીવાલ પરના પ્લૅટફૉર્મવાળા રસોડામાં
કાર્ય-ત્રિકોણ રચાતો નથી.




સમાંતર બંને દીવાલો પરના પ્લૅટફૉર્મવાળું રસોડું એક
વ્યક્તિને કામ કરવા માટે વધુ યોગ્ય છે.


'U' આકાર જેવું જ ગણાય, પરંતુ તેમાં પ્લૅટફૉર્મનો એક છેડો બહાર નીકળી આવે જેનાથી વર્કટ્રાઈએન્ગલ વધુ સારી રીતે નિર્ધારિત થાય છે. આ રસોડામાં પણ બેથી ત્રણ વ્યક્તિઓ સારી રીતે કામ કરી શકે. અલાયદા પ્લૅટફૉર્મમાં પણ મુખ્ય પ્લૅટફોર્મ તો 'L' આકારનું જ હોય. પણ તે ઉપરાંત ચારે બાજુ આવનજાવનની જગ્યા હોય તેવું નાનું પ્લૅટફૉર્મ બનાવાય છે, જેમાં કોઈ એક ચોક્કસ કાર્યને લગતું ઉપકરણ મૂકવામાં આવે છે. સામાન્ય રીતે આ કાર્ય એવું નક્કી કરવામાં આવે છે કે જેમાં એક કરતાં વધુ વ્યક્તિઓ એક સાથે સામેલ થઈ શકે, તેમ જ આ ક્રિયા સતત ચાલુ રાખી શકાય. જ્યારે રસોડું ખૂબ મોટા કદનું હોય ત્યારે આ પ્રકાર ઇચ્છનીય બની રહે છે. પરિણામે હોટલ તેમજ રેસ્ટોરાંમાં આવી રચના જોવા મળે છે. આ ઉપરાંત સાતમા પ્રકારના રસોડાને કૌટુંબિક રસોડું કહી શકાય, જેમાં રસોઈ કરવાની સાથે ફેમિલિ રૂમ, હૉબી રૂમ. ડાઈનિંગ રૂમ કે ટી.વી. રૂમ સંલગ્ન હોય. ઘરમાં અગત્યના સ્થાન તરીકે રસોડાની જગ્યા

(અનુ. પૃ. ૩૦૨ ઉપર)

U આકારના પ્લૅટફૉર્મવાળા રસોડામાં જુદાં જુદાં
કાર્યક્ષેત્રો સ્પષ્ટ રીતે નિર્ધારિત થાય છે.



દ્વીપકલ્પ પ્રકારના પ્લૅટફૉર્મ બનાવવા
પ્રમાણમાં મોટું રસોડું જોઈએ.



ઑલિમ્પિક રમતોત્સવ - ૧૦૦ વર્ષ

અટલાન્ટા ૧૦૦


—રંતિદેવ ત્રિવેદી—

ઈ.સ. ૧૯૯૬ના જુલાઈ માસની ૧૯મી તારીખથી યુ.એસ.એ.ના અટલાન્ટા શહેર ખાતે ૨૬મો ઑલિમ્પિક રમતોત્સવ યોજાશે ત્યારે આધુનિક ઑલિમ્પિક રમતોત્સવ શરૂ થયાને એક સો વર્ષ પૂરાં થશે! વિશ્વના ૧૯૭ દેશોના આશરે ૧૧,૦૦૦ જેટલા ઉત્સાહભર્યા રમતવીરો તેમાં ખેલદિલીપૂર્વક ભાગ લેશે તેમ જ નવા કીર્તિમાન સ્થાપવા સઘન પુરુષાર્થ કરશે. એક આધારભૂત અંદાજ અનુસાર ૧.૭ બિલ્યન ડૉલર્સના ખર્ચે આ મહોત્સવ શાનદાર રીતે ઉજવાશે. પૂરા સત્તર દિવસો સુધી ચાલનાર આ રમતોત્સવને વિશ્વસમસ્તનાં અનેક પ્રેક્ષકો ટેલિવિઝનના માધ્યમ થકી માણશે. અતિ ધનાઢ્ય દેશોના અપાર સગવડો પ્રાપ્ત કરનાર રમતવીરો હોય કે પછી ગરીબીની રેખાથી ય નીચે રહેતા દેશોના સ્વલ્પ સગવડો ધરાવતા છતાં ય અસીમ ધગશ ધરાવતા સ્પર્ધકો હોય... સહુ કોઈ માટે ઑલિમ્પિક રમતોત્સવ કશુંક અનોખું કરી બતાવવા ફરી એક વાર તક આપશે અને, ભૂતકાળમાં બન્યું છે તેમ, દુનિયાના કોઈ દેશનો અજાણ્યો રમતવીર નવા કીર્તિમાનની સ્થાપના થકી રાતોરાત વિશ્વપ્રસિદ્ધિ પ્રાપ્ત કરે એમ પણ બને ખરું!

ઑલિમ્પિક રમતો સૌપ્રથમ વાર યોજાઈ પુરાણા ગ્રીસમાં. પિન્ડારના મતાનુસાર ઑલિમ્પિક રમતોની શરૂઆત કરાવી ઇતિહાસપ્રસિદ્ધ લડવૈયા હર્ક્યુલીઝે. પ્રચલિત કથાનુસાર ઇલિસના રાજવી ઑજીએસે હર્ક્યુલીઝને પોતાના અતિ વિશાળ ઘોડારોની ફક્ત એક જ દિવસમાં સાફસૂફી કરવાનું દુષ્કર કાર્ય સોંપ્યું. હર્ક્યુલીઝે એ કામ કરતાં અગાઉ રાજા પાસે વચન માગ્યું કે જો તે એ દુષ્કર કાર્ય સમય મર્યાદામાં કરી બતાવે તો તેનાં બદલામાં રાજા પોતાના ધણનો દસમો હિસ્સો તેને આપશે. રાજાએ તેવું વચન આપ્યું પછી હર્ક્યુલીઝે સોંપવામાં આવેલું અતિ દુષ્કર કાર્ય સરળતાથી કરી બતાવ્યું. તેમ છતાં રાજાએ વચનપાલન કર્યું નહિ. આથી ક્રોધે ભરાઈને હર્ક્યુલીઝે કૃતઘ્ની રાજા અને તેનાં સર્વે કુટુંબીજનોની હત્યા કરી તેમ જ રાજાના ધણનો સંપૂર્ણ કબજો મેળવી લીધો. આ વિજયની ઉજવણી મોટા પાયે કરવાના આશયથી હર્ક્યુલીઝે ઑલિમ્પિક રમતોનું આયોજન કર્યું. આ તો ફક્ત એક દંતકથા છે અને આવી જ બીજી દંતકથાઓ ઑલિમ્પિક સ્પર્ધાઓના ઉદ્‌ભવ અને વિકાસ અંગે પ્રાપ્ય છે. તેમ છતાં એ વાત સાચી છે કે ગ્રીક પ્રજા દૈનિક જીવનના એક આવશ્યક અંગ તરીકે અવારનવાર ધાર્મિક રમતોનું આયોજન કરતી હતી. હોમરે પણ તેના વિખ્યાત મહાકાવ્ય 'ઇલિયડ'માં પેટ્રોકલસની દફનક્રિયા સમયે - ઈસુના જન્મથી ૧૧૦૦ વર્ષ અગાઉ - યોજાયેલ આ પ્રકારની ધાર્મિક રમતોનું સુંદર બયાન કરેલું છે.

પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર ઑલિમ્પિક રમતો સૌપ્રથમ વાર ગ્રીસમાં ક્લોડિયસ અને ઑલ્ફિયસ નદીઓની મધ્યમાં આવેલ ખીણપ્રદેશમાં યોજાઈ હતી. એવું જાણવા મળે છે કે ઈસુના જન્મથી ૭૭૬ વર્ષ પહેલાં પ્રથમ વાર ઑલિમ્પિક રમતોનું આયોજન થયું હતું. ત્યાર પછી તેનું દર ચાર વર્ષે નિયમિત રીતે આયોજન થતું રહ્યું હતું. પરંતુ ઈ.સ. ૩૯૩માં સમ્રાટ થિઅડોસિઅસ પહેલાએ સત્તાવાર રીતે એ રમતો પર પ્રતિબંધ મૂકતાં તેવી રમતો યોજાવાનું બંધ થયું.

પ્રાથમિક તબક્કે ઑલિમ્પિક રમતો ફક્ત એક દિવસની મુદતની યોજાતી અને તેમાં ફક્ત દોડ તથા કુસ્તી એ બે જ રમતોનો સમાવેશ થતો. કાળે કરીને એ રમતોત્સવ પાંચ દિવસનો



૧૯૮૦માં મોસ્કોમાં યોજાયેલ રમતોત્સવ પ્રસંગે તૈયાર કરેલ આકર્ષક માનવ પિરામિડ

મહોત્સવ બન્યો અને તેમાં રથસવારી અને ઘોડેસવારીની સ્પર્ધાઓનો સમાવેશ પણ કરવામાં આવ્યો. સમગ્ર ગ્રીસમાંથી તાલીમબદ્ધ યુવાનો સ્પર્ધાઓમાં ભાગ લેવા ઊમટતા તેમજ ઇનામો મેળવવા તંદુરસ્ત સ્પર્ધા કરતા. આ રમતોત્સવના સમયગાળા દરમિયાન પવિત્ર સંધિની જાહેરાત કરતા કે જેથી કરીને સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિનાભય, વિનાસંકોચ ઑલિમ્પિયા ખાતે યોજાતા રમતોત્સવમાં જોડાઈ શકે. વિજેતાઓને તેમની સિદ્ધિ બદલ ઑલિવ વૃક્ષનાં પર્ણોથી બનાવેલ મુકુટો ઇનામરૂપે મળતા. ઑલિમ્પિઅન ઝ્યૂસના માનમાં યોજાતો આ ધાર્મિક ઉત્સવ ઉત્સાહપૂર્વક યોજાતો અને સ્પર્ધકો દેવ સમક્ષ ઇમાનદારીથી તથા પ્રામાણિકપણે સ્પર્ધામાં ભાગ લેવાના શપથ લેતા. ગ્રીકો માટે સારી રીતે જીતવું એ જ અગત્યની બાબત હતી અને જો કોઈપણ સ્પર્ધક અપ્રામાણિકપણે જીતવાનો પ્રયત્ન કરતો માલૂમ પડે તો તેની પાસેથી દંડની રકમ વસૂલ કરાતી અને તેનો ઉપયોગ સ્ટેડિઅમના પ્રવેશદ્વાર પાસે ઝ્યૂસની પ્રતિમા બનાવવામાં થતો. પુરાતન ગ્રીસની ઑલિમ્પિક રમતોના સમગ્ર ઇતિહાસમાં આવી ફક્ત ૧૩ પ્રતિમાઓનું જ નિર્માણ થયું હતું, જે નોંધપાત્ર છે. સ્પર્ધકો તેમ જ દર્શકો તરીકે મુક્ત ગ્રીક પુરુષોને જ શરૂઆતના કાળમાં છૂટ આપવામાં આવતી - ગુલામો તથા સ્ત્રીઓને નહિ. જોકે સ્ત્રીઓ સામેનો પ્રતિબંધ આગળ જતાં ઉઠાવી લેવામાં આવ્યો હતો. સ્પર્ધકો વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લેતા જેમાં ફૂટરેસિંગ, બૉક્સિંગ, ચૅરિઅટ રેસિંગ, રેસલિંગ, રનિંગ આદિ સ્પર્ધાઓનો સમાવેશ થતો હતો.


૧૯મી સદીમાં ઑલિમ્પિક રમતોના ખ્યાલને પુનઃ જીવન મળ્યું. ૧૮૭૫ અને ૧૮૮૧ના વર્ષો દરમિયાન પુરાતત્ત્વવિદોએ ઑલિમ્પિઆ કૉમ્પ્લેક્સનો મોટો વિસ્તાર ભૂતળમાંથી ખોદી કાઢ્યો, જે પાંચમી સદીમાં અને ત્યાર બાદ ધરતીકંપ અને પૂરને કારણે જમીનના ઉપરદળથી લગભગ વીસ ફૂટ નીચે દટાઈ ગયેલો હતો. ૧૯મી સદીમાં સર્વ પ્રકારની રમતોમાં વધતા જતા રસને લીધે કદાચ એ જરૂરી તથા અનિવાર્ય હતું કે ગ્રીક ઑલિમ્પિક રમતોના ઉચ્ચ આદર્શોને નવજીવન આપવામાં આવે. બારોં દ પ્યેર કુબર્તિન નામના ફ્રાંસના એક ઉમરાવને એ ઉદ્દેશને બર લાવવાનો વિચાર આવ્યો. તેમણે વિચાર્યું કે ગ્રીસના, તેના સુવર્ણકાળ દરમિયાનના, અદ્દ્ભુત વિકાસ માટેનું એક અગત્યનું કારણ ઑલિમ્પિક રમતોના ઉચ્ચ આદર્શો હોઈ શકે. તેમને ૧૯મી સદીમાં બ્રિટનની જાહેર શાળાઓમાં ખેલાતી રમતોની ઉચ્ચ કક્ષા જોતાં ઑલિમ્પિક રમતોની કક્ષા સાથે સામ્ય પણ જણાયું. તેમને લાગ્યું કે ઑલિમ્પિક રમતોની જૂની રસમ અનુસાર આધુનિક રમતોત્સવ યોજીને વિશ્વસમગ્રના યુવા ખેલાડીઓને એકત્ર કરવામાં ગુમાવવા જેવું કશું નથી બલકે તેનાથી ઘણું બધું હાંસલ કરવાનું છે. નવી ઑલિમ્પિક રમતો દરમિયાન વિશ્વના વિવિધ દેશોમાંથી આવતા સ્પર્ધકો આ સ્પર્ધાઓ દરમિયાન ધર્મ, રાજકારણ, જાતિ, રંગ ઇત્યાદિ વિભાજક પરિબળોને એક બાજુએ હડસેલીને સુમેળથી રહેવાનું શીખશે અને વિશ્વબંધુત્વના ખ્યાલને ગ્રહણ કરશે એવી ઉચ્ચ ભાવના પણ આ મહાનુભાવને થઈ. આવા ઉમદા આદર્શોથી પ્રેરાઈને તેમણે પૅરિસમાં સોરબોન ખાતે ૧૮૯૪માં ૧૩ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા અને બીજા ૨૧ દેશોએ પત્ર દ્વારા પોતાનો ટેકો જાહેર કર્યો. ઉપસ્થિત ૧૩ રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ ગ્રીક ઑલિમ્પિક રમતોની પ્રણાલિ અનુસાર જ આધુનિક ઑલિમ્પિક રમતો પ્રતિ ચાર વર્ષે યોજવાનો ઠરાવ કર્યો જે શબ્દશઃ આ મુજબ છે :

'in order to maintain and promote physical culture, and particularly to bring about a friendly intercourse between the nations, sports competitions should be held every fourth year on the lines of the Greek Olympic Games and every nation should be invited to participate.'

(ભૌતિક સંસ્કૃતિને નિભાવવા તથા ઉત્તેજન આપવા, અને ખાસ કરીને તો રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના મૈત્રીભર્યા વ્યવહારને સાધવા માટે, પ્રત્યેક ચાર વર્ષે ગ્રીક ઑલિમ્પિક ગેમ્સની ધાટિએ રમતસ્પર્ધાઓ યોજવી અને પ્રત્યેક રાષ્ટ્રને ભાગ લેવા નિમંત્રણ પાઠવવું.)

એ આંતરરાષ્ટ્રિય પરિષદમાં નક્કી કરવામાં આવ્યા અનુસાર ફક્ત બે જ વર્ષ બાદ ઍથેન્સમાં પ્રથમ આધુનિક ઑલિમ્પિક રમતોત્સવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

૧૮૯૪માં જ પરિષદની ફલશ્રુતિરૂપે ઇન્ટરનેશનલ ઑલિમ્પિક એસોસિએશન (IOA)ની રચના કરવામાં આવી અને તેમાં ઑલિમ્પિક પ્રવૃત્તિને વેગ આપવામાં તેમ જ તેના ઉચ્ચ આદર્શોને બર લાવવામાં સક્રિય રસ ધરાવતી હોય તેવી વ્યક્તિઓનો જ સમાવેશ કરવામાં આવ્યો. આ સમિતિએ ઘડી કાઢેલા નિયમો અનુસાર જ આધુનિક ઑલિમ્પિક રમતોનું સંચાલન કરવામાં આવે છે. આ રમતો યોજવા માટે કોઈ એક દેશને નહિ પરંતુ એક ચોક્કસ શહેરને જ જવાબદારી સોંપાય છે. આ રમતોત્સવ ઑલિમ્પિઆડ તરીકે જાણીતા ચાર વર્ષના જે તે સમયગાળાના પ્રથમ વર્ષમાં જ યોજાય તેવા અફર નિર્ણયને આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિ અચૂક વળગી રહે છે. આધુનિક ઑલિમ્પિક રમતો વિશ્વના બિનધંધાદારી ખેલાડીઓને સમર્પિત થયેલી હોવાથી તેનું આયોજન જુદા જુદા દેશોની



૧૮૯૬માં સૌપ્રથમ ઑલિમ્પિક રમતોત્સવ ઍથેન્સમાં યોજાયો તે સ્ટેડિઅમ

નગરીઓમાં વારાફરતી કરવામાં આવે છે અને એ રીતે તેનું વૈશ્વિક સ્વરૂપ જાળવવા સભાન પ્રયત્ન કરવામાં આવે છે. ૧૮૯૬માં ગ્રીક પ્રતિનિધિઓની લાગણીઓને માન આપીને, વાજબી રીતે જ, ઍથેન્સમાં પ્રથમ ઑલિમ્પિક રમતોત્સવનું આયોજન અને સંચાલન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. બન્ને વિશ્વયુદ્ધોને કારણે ૧૯૧૬, ૧૯૪૦ અને ૧૯૪૪માં યોજવામાં આવનાર આ મહોત્સવને મોકૂફ રાખવાની ફરજ પડી હતી તે દુઃખદ હકીકતને બાદ કરતાં દર ચાર વર્ષે આધુનિક ઑલિમ્પિક રમતોત્સવ યોજાયા છે જેની માહિતી આ મુજબ છે :

વર્ષ	શહેર	દેશ
૧૮૯૬	ઍથેન્સ	ગ્રીસ
૧૯૦૦	પૅરિસ	ફ્રાન્સ
૧૯૦૪	સેન્ટ લુઈસ	યુ.એસ.એ.
૧૯૦૮	લંડન	યુ.કે.
૧૯૧૨	સ્ટૉકહોમ	સ્વીડન
૧૯૨૦	એન્ટ્વેપ	બેલ્જિઅમ
૧૯૨૪	પૅરિસ	ફ્રાન્સ
૧૯૨૮	ઍમ્સ્ટરડમ	ધ નેધરલૅન્ડ્ઝ
૧૯૩૨	લૉસ ઍંજેલીસ	યુ.એસ.એ.
૧૯૩૬	બર્લિન	જર્મની
૧૯૪૮	લંડન	યુ.કે.
૧૯૫૨	હેલ્સિંકી	ફિનલૅન્ડ
૧૯૫૬	મેલબોર્ન	ઑસ્ટ્રેલિયા
૧૯૬૦	રોમ	ઇટાલી
૧૯૬૪	ટોકિયો	જાપાન
૧૯૬૮	મૅક્સિકો સિટી	મૅક્સિકો
૧૯૭૨	મ્યુનિચ	પશ્ચિમ જર્મની
૧૯૭૬	મોંટ્રિયેલ	કૅનેડા
૧૯૮૦	મૉસ્કો	યુ.એસ.એસ.આર.
૧૯૮૪	લૉસ ઍંજેલીસ	યુ.એસ.એ.
૧૯૮૮	સેઉલ	સાઉથ કોરિયા
૧૯૯૨	બાર્સિલોના	સ્પેન

ઑલિમ્પિક રમતોમાં મહિલાઓએ પ્રથમ વખત ભાગ લીધો ૧૯૦૦માં અને તે પણ ફક્ત બે સ્પર્ધાઓમાં - ટેનિસ તથા ગોલ્ફમાં ૧૯૧૨માં યોજાયેલ રમતોત્સવ પ્રસંગે મહિલાઓ માટે તરણસ્પર્ધાઓ પહેલીવાર જ યોજાઈ, જ્યારે ૧૯૨૮માં એમ્સ્ટરડમ ખાતે યોજાયેલી રમતોમાં મહિલાઓ માટેની શારીરિક કવાયત સ્પર્ધાઓનો પ્રથમવાર સમાવેશ કરવામાં

આવ્યો. ૧૯૦૦ની સાલમાં, ઑલિમ્પિક રમતો યોજાઈ ત્યારે તેમાં ૧૦૬૦ પુરુષો અને ફક્ત ૬ મહિલાઓ મળીને કુલ ૧૦૬૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આની સરખામણીમાં બાર્સિલોના ખાતે યોજાયેલ રમતોત્સવમાં કુલ ૧૦,૬૩૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં ૭૬૦૦ પુરુષો અને ૩૦૩૨ મહિલાઓનો સમાવેશ થતો હતો. એ સહુ કુલ ૧૭૧ દેશોનું પ્રતિનિધિત્વ કરનાર સ્પર્ધકો હતા. અમેરિકાએ ૬૦૭ ખેલાડીઓની બનેલી સૌથી મોટી ટીમને કુલ ૨૫૭ સુવર્ણચંદ્રકો જીતવા માટે સ્પર્ધા કરવા મોકલી આપી હતી. દ્વિતીય સ્થાને યજમાન રાષ્ટ્ર સ્પેન રહ્યું હતું જેણે ૫૨૭ ખેલાડીઓ પાસે ભાગ લેવડાવ્યો હતો. ત્રીજા અને ચોથા સ્થાને, સંખ્યાની દૃષ્ટિએ, બે જર્મનીની સંયુક્ત ટીમ અને બ્રિટનની ટીમ અનુક્રમે રહી હતી. વિશ્વના સૌથી ટચૂકડા રાષ્ટ્ર મોનેકોની ટીમમાં ફક્ત બે જ સભ્યો હતા, જ્યારે અફઘાનિસ્તાનના એકમાત્ર ખેલાડીએ પોતાના દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

ભૂતપૂર્વ સોવિયેત રશિયાના વિવિધ સભ્ય દેશોની બનેલી સી.આઈ.એસ. ટીમે ૪૫ સુવર્ણચંદ્રકો, ૩૮ રજતચંદ્રકો અને ૨૯ કાંસ્યચંદ્રકો મેળવીને કુલ ૧૧૨ ઑલિમ્પિક ચંદ્રકો જીતી લઈ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બીજા ક્રમે યુ.એસ.એ.ની ટીમ રહી હતી, જેણે ૩૭ સુવર્ણચંદ્રકો, ૩૪ રજત ચંદ્રકો તથા ૩૭ કાંસ્યચંદ્રકો મેળવતાં કુલ ૧૦૮ ઑલિમ્પિક ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. ત્રીજે સ્થાને જર્મનીની ટીમ આવી હતી અને તેણે મેળવેલા કુલ ૮૧ ઑલિમ્પિક ચંદ્રકોમાં ૩૩ સુવર્ણચંદ્રકો, ૨૧ રજતચંદ્રકો તથા ૨૭ કાંસ્યચંદ્રકોનો સમાવેશ થાય છે.

બાર્સિલોના ખાતેના આ ૨૫મા ઑલિમ્પિક રમતોત્સવમાં સ્પેનના ભાવિ રાજવી ડૉન ફિલિપે પણ અન્ય ખેલાડીની જેમ જ નૌકાયાનની સ્પર્ધામાં ભાગ લીધો હતો અને પોતે રાજા છે છે તેનો ખ્યાલ સુધ્ધાં કોઈને આવવા દીધો ન હતો. આ સત્યઘટનાથી તેમની મહાનતા તેમ જ નમ્રતાનો ખ્યાલ જરૂર આવી શકે છે.

૨૫મા ઑલિમ્પિક રમતોત્સવ સમયે કુલ ૧૪,૦૦૦ લોકોને રહેવા તથા જમવાની સગવડ મળી રહે તે હેતુથી એક ખાસ ઑલિમ્પિક ગ્રામની રચના કરવામાં આવી હતી, જેમાં પુષ્કળ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. નવ હજાર જેટલા કર્મચારીઓની એ માટે ખાસ સેવાઓ મેળવવામાં આવી હતી. ખાવાપીવાની વ્યવસ્થા આદર્શ રીતે થાય તે માટે આશરે ૬૦ લાખ રૂપિયાની રકમનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. ખેલાડીઓ તથા પ્રેક્ષકોની સુરક્ષા કાજે ૧૩૦૦ જેટલા લોકોની સેવાઓ મેળવવામાં આવી હતી. ખાસ નોંધપાત્ર બાબત તો એ હતી કે નવનિર્મિત ઑલિમ્પિક ગ્રામમાં રહેવા માટે આ રમતોના ઇતિહાસમાં સૌપ્રથમ વાર નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી.

૨૫મા ઑલિમ્પિક રમતોત્સવમાં કુલ ૯,૦૦૦ લાખ ડૉલરનો ખર્ચ મીડિઆ સુવિધાને અદ્યતન તથા અસરકારક બનાવવા કરવામાં આવ્યો હતો. ૩૫૦૦ જેટલા ટર્મિનલ સેટને એ રીતે ગોઠવવામાં આવ્યા હતા કે જેથી પત્રકારોને ઑલિમ્પિક વિષે સતત માહિતી મળતી રહે. ત્રણ હજાર જેટલા કમ્પ્યૂટરની મદદથી ૨૮ પ્રકારની રમતોનાં પરિણામો સત્વરે મળી જાય તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. વિશ્વમાં દૂરસુદૂર સુધી રમતોત્સવ જોઈ શકવા સુવિધા સાંપડે એ માટે બે ભવ્ય ટાવરો પણ ઊભા કરવામાં આવ્યા હતા. અદ્યતન કમ્પ્યૂટરો અને 'સ્કેન ઓ વિઝન'ની ટેક્નિકની વ્યવસ્થાનો સફળતાપૂર્વક પ્રયોગ પણ કરવામાં આવ્યો હતો. એ રીતે મૂલવતાં ૨૫મો ઑલિમ્પિક રમતોત્સવ અત્યંત આધુનિક ટેક્નિકને કારણે ખૂબ સફળ બની રહ્યો હતો.

ઑલિમ્પિક રમતો અને ભારત

ઑલિમ્પિક રમતોત્સવમાં ભારતનો દેખાવ કેટલાક નોંધપાત્ર અપવાદોને બાદ કરતાં મુખ્યતઃ નિરાશાજનક રહ્યો છે. આશા રાખવી જોકે નિરર્થક નથી કે આગામી રમતોત્સવમાં 'સૂતેલો સિંહ' જાગશે અને વિજયપંથે ઝડપભેર આગળ ધપશે. ભારતે વિવિધ રમતોમાં ઑલિમ્પિક સ્પર્ધાની કક્ષાએ જે પ્રગતિ કરેલી છે, જે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેનો ખ્યાલ મેળવીએ.

૧. **ઑલિમ્પિક સન્માન :** આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિ દ્વારા ઑલિમ્પિક ગોલ્ડ ઑર્ડર મેળવનાર ભારતના પ્રતિનિધિ એકમાત્ર વ્યક્તિ સ્વ. ઇન્દિરા ગાંધી હતાં, જેમને ૧૯૮૨માં ન્યૂ દિલ્હી ખાતે યોજાયેલ એશિયાડ રમતોત્સવના સફળ સંચાલનમાં જરૂરી તથા પ્રશસ્ય દોરવણી આપવાને કારણે તેવું સન્માન આપવામાં આવ્યું હતું. તદુપરાંત, રમતગમતના વ્યવસ્થાપકો ઍર વાઈસ - માર્શલ, સી.એલ. મહેતા (૧૯૮૩), શ્રી એલ.એલ. ખુરાના (૧૯૮૭) અને રેડિયો કૉમેન્ટ્રી દ્વારા પ્રભાવકારી રજૂઆત કરનાર શ્રી જસદેવસિંહ (૧૯૮૮)ને ઑલિમ્પિક સિલ્વર ઑર્ડરથી સન્માનવામાં આવ્યા હતા. જ્યારે સર્વશ્રી એમ. દત્તા રે, જાલ ડી. પારડીવાલા તથા ડૉ. ચેટરજીને ઑલિમ્પિક બ્રોન્ઝ ઑર્ડર અર્પણ કરવામાં આવ્યા હતા.

૨. ઑલિમ્પિકમાં ભારત તરફથી સૌથી વધુ વખત ભાગ લેનાર રમતવીર તરીકે શ્રી આર.કે. રણધીરસિંહ ગૌરવ મેળવે છે. ૧૯૬૪માં ટોકિયો ખાતે યોજાયેલ રમતોત્સવથી શરૂ કરીને ૧૯૮૪માં લૉસ એન્જેલિસના રમતોત્સવ સુધી સતત છ ઑલિમ્પિક રમતોત્સવોમાં તેમણે શૂટિંગ સ્પર્ધામાં ભાગ

લીધો હતો.

૩. ઑલિમ્પિક ચંદ્રક વિજેતા પ્રથમ ભારતીય તરીકે નૉર્મન પ્રિચાર્ડનો નામોલ્લેખ કરવો રહ્યો. ઈ.સ. ૧૯૦૦માં યોજવામાં આવેલી પૅરિસ ખાતેની રમતોમાં ૨૦૦ મીટર દોડ અને ૨૦૦ મીટર હર્ડલ્સની સ્પર્ધાઓમાં પ્રિચાર્ડને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થતાં રજતચંદ્રકો મળ્યા હતા.

૪. ધનુર્વિદ્યા/તીરંદાજીની સ્પર્ધામાં ૧૯૮૮માં સેઉલ ખાતેના રમતોત્સવમાં ભારતે સૌપ્રથમ વાર ટીમને મોકલી આપી હતી.

૫. અંગકસરતની રમતોમાં તેજસ્વી દેખાવ ૧૯૬૦ના વર્ષમાં યોજાયેલા ઑલિમ્પિક રમતોત્સવમાં ભારતના ખેલાડી મિલ્ખાસિંહે કર્યો હતો. સપ્ટેમ્બર ૬, ૧૯૬૦ના દિવસે, રોમ ઑલિમ્પિક્સમાં, તેમણે ૪૦૦ મીટર દોડની સ્પર્ધામાં ૪૫.૬ સેકન્ડનો સમય નોંધાવીને ભારતીય રાષ્ટ્રિય વિક્રમ સ્થાપ્યો હતો જે આજે પણ વણતૂટ્યો છે. એ ઉપરાંત ૧૦ ઑક્ટોબર ૧૯૬૪ના રોજ ટોકિયો રમતોત્સવમાં ૧૧૦ મીટર હર્ડલ્સની સ્પર્ધામાં ગુરુબચનસિંહ રંધવાએ નોંધાવેલો ૧૪.૦ સેકન્ડનો આંક પણ ભારતીય વિક્રમાંક તરીકે નોંધાયેલો રહ્યો છે.

૬. ઑલિમ્પિક રમતોમાં ઈ.સ. ૧૯૦૦ પછી યોજાયેલા રમતોત્સવમાં ફાઈનલ રાઉન્ડમાં ભાગ લેનાર ભારતીયોની સંખ્યા પણ જૂજ છે, જેની વિગત આ મુજબ છે :

(ક) મિલ્ખાસિંહ .... ૪૦૦મી. દોડ (૧૯૬૦)
(ખ) ગુરુબચન રંધવા .... ૧૧૦ મી. હર્ડલ્સ (૧૯૬૪)
(ગ) શ્રી રામસિંહ .... ૮૦૦ મી. દોડ (૧૯૭૬)
(ઘ) પી.ટી. ઉષા ....,............. ૪૦૦ મી. હર્ડલ્સ (૧૯૮૪)
(ચ) પી.ટી. ઉષા, વાલ્સમ્મા, શાઈની અબ્રાહમ વંદના રાવ
રાવ ૪ x ૪૦૦ મી. રિલેદોડ (૧૯૭૪)

૭. ઑલિમ્પિક રમતોમાં સેમિ-ફાઈનલ કક્ષાએ પહોંચનાર પ્રથમ મહિલા ખેલાડી તરીકે શાઈની અબ્રાહમનું નામ નોંધાયેલું છે. તેણે ૧૯૮૪માં લોસ ઍંજેલિસમાં યોજાયેલ રમતોત્સવમાં ૮૦૦ મી. દોડની સ્પર્ધામાં સેમિ-ફાઈનલ કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

૮. ઑલિમ્પિક ટ્રૅક ફાઈનલમાં ભાગ લેનાર પ્રથમ મહિલા ખેલાડી પી.ટી. ઉષા હતી. તેણે ૧૯૮૪માં લોસ ઍંજેલિસ ખાતે યોજાયેલા રમતોત્સવમાં ૪૦૦ મી. હર્ડલ્સની સ્પર્ધામાં ૫૫.૪૨ સેકન્ડનો સમય નોંધાવી ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. એ આંક જૂન ૧૯૯૦ સુધી એશિયન રેકૉર્ડ તરીકે અચળ રહ્યો હતો. સેકન્ડના ફક્ત ૧/૧૦૦ ભાગ જેટલા તફાવતને કારણે ઉષા ચંદ્રકથી વંચિત રહી હતી !

૯. મુક્કાબાજીની સ્પર્ધામાં ભારતે ૧૯૪૮માં લંડન ખાતેની ઑલિમ્પિક સ્પર્ધામાં ટુકડીને ભાગ લેવા પ્રથમ વાર મોકલી આપી હતી.

૧૦. ફૂટબૉલની સ્પર્ધામાં ભારતે ૧૯૪૮માં લંડન ખાતે યોજવામાં આવેલી રમતોમાં પ્રથમવાર ભાગ લીધો હતો, જેમાં તેની ટીમની ફ્રાન્સની ટીમ સામે ૨-૧ ગોલથી હાર થઈ હતી. ૧૯૫૬માં મેલબોર્ન ખાતેની રમતોમાં ફૂટબૉલની સ્પર્ધામાં સેમિ-ફાઈનલના તબક્કા સુધી પહોંચનાર સર્વપ્રથમ એશિયન રાષ્ટ્ર તરીકે ભારતે સિદ્ધિ નોંધાવી હતી. ૧૯૫૨માં હેલસિંકી ખાતે ભારતે ઑસ્ટ્રેલિયાને ક્વાર્ટર ફાઈનલમાં ૪-૨ ગોલના તફાવતથી હરાવ્યું હતું જેમાં ભારતના નેવિલ ડિ'સોઝાએ સૌપ્રથમ ભારતીય ખેલાડી તરીકે હેટટ્રિક નોંધાવી હતી.

૧૧. હૉકિની સ્પર્ધાઓમાં ભારતનો દેખાવ શરૂઆતથી જ આકર્ષક રહ્યો હતો. ૧૯૨૮, ૧૯૩૨, ૧૯૩૬, ૧૯૪૮, ૧૯૫૨, ૧૯૫૬, ૧૯૬૪ અને ૧૯૮૦માં યોજાયેલ ઑલિમ્પિક સ્પર્ધાઓમાં ભારતે સુવર્ણચંદ્રક - કુલ આઠ વખત - મેળવ્યા હતા અને વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. ૧૯૬૦માં તેને રજતચંદ્રક પ્રાપ્ત થયો હતો જ્યારે ૧૯૬૮ અને ૧૯૭૨માં કાંસ્યચંદ્રક અર્પણ કરવામાં આવ્યા હતા. ભારતના ખેલાડી રૂપસિંહે યુ.એસ.એ.ની ટીમ સામે રમતાં નવ ગોલ નોંધાવીને એક જ મૅચમાં સૌથી વધુ ગોલ નોંધાવનાર ખેલાડી તરીકેનું માન મેળવ્યું હતું. તે જ મૅચમાં તેના ભાઈ, પ્રસિદ્ધ ખેલાડી ધ્યાનચંદે, આઠ ગોલ નોંધાવ્યા હતા. તે મૅચમાં ભારતની ટીમે અમેરિકન ટીમના એકમાત્ર ગોલના જવાબમાં ૨૪ જેટલા ગોલ નોંધાવ્યા હતા, જે એક ન ભૂંસાય તેવો કીર્તિમાન છે. મોસ્કો ખાતેની ઑલિમ્પિક સ્પર્ધામાં, ૧૯૮૦માં, સુરિન્દરસિંહ સોંધીએ કુલ ૧૬ ગોલ નોંધાવેલા અને તે પણ એક વિક્રમ છે. જોકે એની બરોબરી પાકિસ્તાનના ખેલાડી હસન સરદારે ૧૯૮૪માં યોજવામાં આવેલી લોસ ઍંજેલિસ ખાતેની સ્પર્ધામાં કરી હતી. ભારતીય હોકી ટીમના પ્રસિદ્ધ ખેલાડી લેસ્લી ક્લૉડિયસે ૧૯૪૮, ૧૯૫૨ અને ૧૯૫૬માં સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા, અને તેણે જે ટીમનું ૧૯૬૦માં નેતૃત્વ કરેલું તેને રોમ ખાતેની ઑલિમ્પિક સ્પર્ધામાં રજતપદક પ્રાપ્ત થયેલો, જેમાં પાકિસ્તાનની ટીમે પહેલી વખત વિજેતાપદ મેળવેલું. વિશ્વનો તે એકમાત્ર ખેલાડી છે કે જેણે સળંગ ચાર ઑલિમ્પિક સ્પર્ધાઓમાં ભારત તરફથી ભાગ લીધો હતો. ૧૯૫૨થી ૧૯૬૪ સુધીના ગાળામાં રમાયેલી ઑલિમ્પિક રમતોમાં સતત ચાર વખત ભારતનું પ્રતિનિધિત્વ કરનાર બીજો ખેલાડી છે ઉધમસિંહ. તેણે ૧૯૫૨, ૧૯૫૬ અને

૧૯૬૪માં સુવર્ણચંદ્રકો મેળવ્યા હતા તથા ૧૯૬૦માં રજતચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. જો નાદુરસ્ત તબિયતને કારણે ૧૯૪૮ની સ્પર્ધામાંથી પીછેહઠ કરવાની તેને ફરજ પડી ના હોત તો ઉધમસિંહે સતત પાંચ વખત ઑલિમ્પિક રમતોમાં એક જ દેશ તરફથી ભાગ લેનાર ખેલાડી તરીકેનો વિક્રમ જરૂર સ્થાપ્યો હોત. હૉકિની ઑલિમ્પિક સ્પર્ધાઓમાં સૌથી નાની વયે - ફક્ત ૧૯ વર્ષ અને ૨૭૨ દિવસ - હેલસિંકી ખાતેની સ્પર્ધામાં ભાગ લઈ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર ભારતીય ખેલાડી તરીકે સી. દેશમુથુનું નામ નોંધાયેલું છે. તેવી જ રીતે ૪૫ વર્ષની જૈફ ઉંમરે ભારત વતી પાકિસ્તાનની હોકિ ટીમ સામે નવેમ્બર ૧૯૬૪માં ફાઈનલ મેચમાં ભાગ લેનાર ખેલાડી તરીકે ધરમસિંહનું નામ નોંધાયેલું છે.

કુસ્તીની સ્પર્ધામાં ઑલિમ્પિક રમતોત્સવની કક્ષાએ ભારતને માત્ર એક ચંદ્રક મળ્યો છે. એ ચંદ્રક મેળવનાર કુસ્તીબાજ હતો કે. જાધવ, જેણે બેન્ટમવેઈટ ફ્રી સ્ટાઈલ (૫૭ કેજી.) વિભાગમાં, ૧૯૫૨માં હેલસિંકી ખાતે યોજાયેલ સ્પર્ધામાં, ચંદ્રક મેળવ્યો હતો. ભારત તરફથી ફક્ત ૧૭ વર્ષની વયે કુસ્તીસ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડી હતો માલવા, જેણે ત્યાર બાદ બીજે જ વર્ષે, એશિયન રમતોત્સવમાં જાકાર્તા ખાતે સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. □

અનુસંધાન] રસોડું [પૃ. ૨૯૬થી

નક્કી કરવામાં કુદરતી હવા-ઉજાસ, મકાનના પ્રવેશદ્વાર તરફ શક્ય નજર, મકાનમાં અન્ય ઓરડાઓની ગોઠવણ, મર્યાદિત ગોપનીયતા, બારીમાંથી બહાર દેખાતાં દૃશ્યોનો પ્રકાર તથા મકાનમાં વિવિધ સંરચનાઓની ગોઠવણી મહત્ત્વનાં બની રહે છે.

રસોડામાં સુશોભન માટે વ્યક્તિએ વધારે સંવેદનશીલ રહેવાની જરૂર પડે છે. પ્લૅટફૉર્મ તથા જુદી જુદી છાજલીઓની ઊંચાઈ રસોડામાં કામ કરનાર વ્યક્તિના પરિપ્રેક્ષ્યમાં હોવી જોઈએ. સામાન્ય રીતે પ્લૅટફૉર્મની ઊંચાઈ ૩૦" થી ૩૨" રાખવામાં આવે છે. જ્યારે તેની પહોળાઈ ૨૧" થી ૩૦" રાખી શકાય, સૌથી ઉપરની છાજલી ૭૦" થી વધારે ઊંચી ન હોવી જોઈએ. તેમજ સામાન્ય રીતે વજનદાર વસ્તુઓનો સ્ટોર નીચે આવે જ્યારે હલકી વસ્તુઓને ઉપર મૂકી શકાય. આમ, રસોડાની રચનામાં સ્ત્રીની પહોંચ કેટલે સુધી હશે અને પ્લૅટફૉર્મની ઊંચાઈ કેટલી રાખવી તે મહત્ત્વનું બની રહે છે.

રસોડાના આંતરિક સુશોભન માટે નક્કી કરાતી સામગ્રીનું ચયન સફાઈ અને સુખાકારીની દૃષ્ટિએ યોગ્ય હોવું જોઈએ. સામગ્રી એવી હોવી જોઈએ કે જેમાં ચોખ્ખાઈ અને માવજત સરળ બને અને તેમાં ખાંચાખૂંચી ઓછાં આવે. આ માટે સામાન્ય રીતે પ્લૅટફૉર્મ ગ્રેનાઈટ કે માર્બલનું બનાવી શકાય અને રસોડાના કબાટો પી.વી.સીના પાટિયાંમાંથી બનાવી શકાય. જો આ કબાટો લાકડામાંથી બનાવવામાં આવે તો તેના ઉપર લૅમિનેશન લગાડવું હિતાવહ છે.

આંતરિક સુશોભનમાં વીજળિક ઉપકરણોની ગોઠવણ પણ અગત્યની બની રહે છે. પંખા તથા લાઈટ ઉપરાંત મિક્સર, ગ્રાઈન્ડર, ઓવન, માઈક્રોવેવ, હેન્ડ મિક્સર, ઇલેક્ટ્રિક ચિમની, એક્ઝૉસ્ટ ફૅન વગેરેની યોગ્ય ગોઠવણ વ્યક્તિની કાર્યક્ષમતા વધારી શકે. રસોડામાં સુરક્ષા પણ મહત્ત્વની છે. ખાસ કરીને આ વીજળિક ઉપકરણો અને ગૅસની વ્યવસ્થા પર ધ્યાન આપવું જોઈએ. રસોડામાં ઉત્સાહજનક રંગ વાપરવા જોઈએ. વળી, તેના પર ખરાબ ડાઘ દેખાવા જોઈએ, જેથી સફાઈ કરી સુખાકારી જાળવી શકાય.

રસોડું એ માત્ર કાર્યસ્થાન ન બની રહેવું જોઈએ. તેમાં કામ કરનાર વ્યક્તિને કામ કરતાં કરતાં આનંદ અને સંતોષ મળવો જોઈએ. કહેવાય છે કે રાંધનાર વ્યક્તિ સુક્ષ્મભાવે ખોરાકમાં પ્રવેશે છે અને તે ભાવ ખાનાર વ્યક્તિની મનઃસ્થિતિ પર અસર કરે છે. આથી રાંધનાર વ્યક્તિ આનંદ ને સંતોષમાં રહે તે જરૂરી છે. રસોડાની સંરચના પાછળનો મુખ્ય હેતુ આ હોવો જોઈએ. □

૧૦૦ ગ્રાહકોને 'કુમાર' એક વર્ષ માટે ભેટ

વહેલો તે પહેલો

૧૦,૦૦૦ ગ્રાહકો બનાવવાની ટહેલના પ્રતિસાદરૂપે અમને મુંબઈના એક 'કુમાર'પ્રેમી સજ્જન તરફથી ૧૦૦ ગ્રાહકો માટે રૂ. ૧૦,૦૦૦ની રકમ ભેટ મળી છે તેમાંથી ૧૦૦ શાળા-મહાશાળાઓને એક વર્ષ માટે 'કુમાર' માસિક આ સજ્જન તરફથી ભેટ મોકલાશે. આ યોજનાનો લાભ લેવા માગતી શાળા-મહાશાળાઓએ પોતાનું નામ-સરનામું અમને તરત જ મોકલી આપવું. વહેલો તે પહેલો એ ધોરણે 'કુમાર' ભેટ મોકલાશે. ૧૦૦ની સંખ્યા પૂરી થતાં આ યોજના બંધ થશે. સત્વરે આપની સંસ્થાનું નામ સરનામું મોકલી આપશો. આપના ગામનો પિન કોડ અચૂક લખશો.

નેટ્રમ મૂર

— હેમેન્દ્ર એ. શાહ —

ડૉ. હનેમાને જે થોડી ચમત્કારિક કહી શકાય તેવી દવાઓ શોધી તેમાંની એક અગત્યની દવા છે 'નેટ્રમ મૂર'. જો 'ટાઈમ-મશિન' દ્વારા હું બસ્સો વર્ષ પાછળ જાઉં અને ડૉ. હનેમાનને મળું તો, મારે મારી સાથે ટોપલો ભરીને નોબેલ પ્રાઈઝ લઈ જવાં પડે; કારણ કે તેમણે અદ્ભુત દવાઓ શોધી છે. ડૉ. હનેમાને સામાન્ય એવા ખાવાના મીઠાનું વિભાજન કરી તેને શક્તિકૃત કરી 'નેટ્રમ મૂર' નામનું ઔષધ શોધ્યું. ને.મૂ.માં અનેક દર્દને નાબૂદ કરવાની અદ્ભુત શક્તિ છે. સામાન્ય મીઠામાં કોઈ વિશેષતા નથી, લોહીના ઊંચા દબાણના દર્દવાળા માટે, સોજા ચઢતા હોય તેને માટે, વજન વધતું હોયે તેને માટે, હૃદયની તકલીફવાળા માટે 'મીઠા ઝેર' સમાન છે. આવી સામાન્ય વસ્તુને ચમત્કારિક સ્પર્શ આપી હનેમાને માનવજાત માટે અદ્ભુત કામ કર્યું છે. ને.મૂ. દર્દીને કાયમ માટે સાજો કરી શકે છે, કારણ કે તેની અસર લાંબા ગાળા સુધી રહે છે.

(૧) સામાન્ય શરદીમાં ને.મૂ. ૩૦ અત્યંત અસરકારક છે.

(૨) ઉનાળાની સખત ગરમીમાં લૂથી બચવા ને.મૂ. ૩૦ અથવા ને.મૂ. ૨૦૦ અથવા ને.મૂ. I M (૧૦૦૦) ચિહ્નો જોઈને આપી શકાય છે. લૂ લાગી હોય અને તેના લીધે બેચેની, ચક્કર, માનસિક ભ્રમણા તથા અશક્તિ અનુભવાય તો ને.મૂ. ઘણી સારી દવા છે.

(૩) તમે દુબળા છો? તમારા મોંઢા ઉપર લોહીનો અભાવ દેખાય છે? મોઢું ફિક્કું છે? તમારામાં કૌવતનો અભાવ છે? તો જરૂર ને.મૂ. લ્યો; તમને ચોક્કસ ઘણો ફાયદો થશે.

(૪) જે દર્દી વગરકારણે ઘણીવાર હસે છે, ઘણીવાર રડે છે, વગરકારણે શોગિયું મોઢું કરીને બેસી રહે છે. હિસ્ટીરિઆ છે તેને ને.મૂ. ઘણો ફાયદો કરે છે.

(૫) જે દર્દીને કોઈ ખરાબ બનાવ બનવા માટે આશ્વાસન આપવાથી તે વધુ ઉગ્ર બને છે અથવા આશ્વાસન આપનાર સાથે ખરાબ વર્તાવ કરે છે તેને ને.મૂ. આપવી અત્યંત જરૂરી છે.

(૬) આ દવા અત્યંત હઠીલા અને જેના માટે કોઈ ઉપચાર નથી તેવા દર્દને ઘણી જ સહેલાઈથી મટાડે છે. જેવી રીતે મોટરનું હોર્ન ચોંટી જાય છે અને ત્રાસદાયક વાતાવરણ ઊભું થાય છે, તેવી રીતે માનવીનું મન ઘણીવાર નરસી વ્યક્તિ સાથે ચોંટી જાય છે, તે માણસ મોહાંધ થઈ જાય છે. દા.ત. એક અત્યંત હોશિયાર ખાનદાન કુટુંબીનો, અઢળક ધનનો એકલો વારસદાર કોલેજિયન અસભ્ય વર્તન કરતી અને ગાળો બોલતી છોકરીના પ્રેમમાં પડે છે. રાત દિવસ તેની પાછળ પાછળ ફરે છે. ઘરનાં લોકો અને વડીલોની વારંવારની સમજાવટથી પણ તે સુધારતો નથી. પોતે ઘણીવાર કહે છે કે હું બરોબર કરતો નથી, પરંતુ બદલાઈ પણ શકતો નથી. કોઈ કહે છે કે તેના ઉપર મેલી-વિદ્યાનો પ્રયોગ થયો છે. કોઈ કહે છે કે તેને હિપ્નોટાઈઝ કરવામાં આવેલો છે. સારા સારા એલોપથીના ડૉક્ટરો કાંઈ નિદાન કરી શકતા નથી. ઘરમાં ઉચાટ-ચિંતા-તનાવનું વાતાવરણ છે. મા-બાપનાં મન મૂંઝાઈ ગયાં છે. કોઈ કહે છે કે અશુભ તત્ત્વ ભગાડવા યજ્ઞ કરો, કોઈ કહે છે કે મેલી વિદ્યાવાળાને બોલાવી ડાકલાં વગડાવો, ભૂવા ધુણાવો, અમુક દેવ-દેવતાની બાધા માનો, મંત્ર-તંત્રવાળાને મળી આવો. છોકરાનાં મા-બાપ બધું જ કરી છૂટે છે. હજારો રૂપિયા ખર્ચે છે પણ કોઈ ફરક પડતો નથી. છેલ્લે કોઈ સમજાવે છે કે તમે, બધું કરી છૂટ્યા તો હોમિયોપથીના ડૉક્ટરને પણ બતાવોને? મા-બાપ અત્યંત ભણેલાં છે, વિદ્વાન છે પણ હોમિયોપથીની અત્યંત નાની ગળી ગોળી આવી મોટી આફતમાં શું કામ આપશે, તેવો નિરાશાનો સૂર કાઢે છે, કારણ કે હોમિયોપથી માટે પૂર્વગ્રહ છે; છતાં મિત્રના આગ્રહને વશ થઈ મરણિયાં બની આખરે હોમિયોપાથ પાસે જાય છે. હોમિયોપાથ તેનાં માનસિક અને શારીરિક ચિહ્નો વિષે માહિતી મેળવી લે છે. તેને ને.મૂ. આપવાથી તે બનાવટી પ્રેમના ભૂતમાંથી છૂટે છે. આમ, (૭) માનવીને શોક આવે, કોઈ અત્યંત મોટું દુઃખ આવી પડે, અને તેને લીધે માનસિક સ્થિતિ ખરાબ થાય ત્યારે. (૮) માથાનો દુઃખાવો મટાડવા માટે (૯) ચીડિયો સ્વભાવ, વારંવાર નાની બાબતમાં રડવું આવે ત્યારે (૧૦) પગની પાનીએ, હોઠ ઉપર, ચીરા પડે ત્યારે (૧૧) જે વધારે પડતું મીઠું ખાતો તેને તેના અતિસેવનથી થયેલી ખરાબ અસર દૂર કરવા (૧૨) ખૂબ જ તરસ લાગે અને વારંવાર પેશાબ કરવા જવું પડે ત્યારે ને.મૂ. ઘણી ઉપયોગી સાબિત થઈ છે (૧૩) આ ઉપરાંત કબજિયાત, કઠણ મળ જેવા જૂના રોગોનાં ચિહ્નોમાં પણ તે વાપરી શકાય છે.

હું મારા દર્દીઓને સામાન્ય રીતે Nat. Mur 6 x ની (બાયો.) ચાર થી પાંચ ગોળી દિવસમાં ત્રણ વખત આપું છું. તેવી જ રીતે ઉપર વર્ણવ્યા તે બધા રોગો માટે શારીરિક ચિહ્નો જોઈને અને રોગીની માનસિક સ્થિતિનો અભ્યાસ કરીને મોટે ભાગે ૩૦ x અને I M (હોમિયો.) આપું છું, મને તેના અત્યંત સુંદર પરિણામો પ્રાપ્ત થયાં છે.

(૧૪) દર્દી અચાનક રડે અથવા હસવા માંડે ત્યારે આ

ઔષધ સારું કામ આવે છે, ખાસ કરીને સ્ત્રીઓની બાબતમાં.

(૧૫) આંખની નાનીમોટી તકલીફોમાં પણ ને.મૂ. અસરકારક ભાગ ભજવે છે. આંખની આસપાસ ધુમ્મસ છવાઈ ગયું હોય, આંખમાં બળતરા થતી હોય, આંખમાંથી વારંવાર પાણી નીકળતું હોય તો ને.મૂ. એક સારી દવા છે.

(૧૬) ને.મૂ. ૩૦ના ડોઝ ત્રણ મહિનાની અંદર ૧૨ થી ૧૫ વારથી વધારે ન આપવા અને I M (૧૦૦૦) પાવરના ડોઝ પાંચ વખતથી વધારે ન આપવા. ડોઝ (બાયો) ૩૦ વખતથી વધારે ન આપવા તેવું મારું માનવું છે.

(૧૭) જે રોગીનો વર્તાવ હિસ્ટીરિઆના દર્દી જેવો હોય અને ગાંડપણની થોડી અસર લગતી હોય તથા જેને આશ્વાસન આપવાથી વધારે ક્રોધિત અને ઉગ્ર થઈ જતો હોય તેના ઉપર ને.મૂ. ૧૦૦૦ સારું કામ કરે છે.

(૧૮) નાકમાં નાનીનાની ફોડકીઓ થવી, બળતરા થવી અને ગંધ-સુગંધની ખબર ન પડે તેવી સ્થિતિમાં પણ ને.મૂ. સારી પડે છે.

(૧૯) જીભના પાછળના ભાગમાં વાળ ચોંટી ગયો છે, તેવો ભાસ થાય; જીભ બરછટ થાય અને જીભ ઉપર કડવો, ખારો સ્વાદ આવ્યા કરે, દાંત દુઃખે અને સાથોસાથ પેઢામાંથી લોહી નીકળતું હોય ત્યારે ને.મૂ. વાપરવું જોઈએ.

આ ઉપરાંત ને.મૂ. ઘણાં દર્દોમાં વાપરી શકાય છે. દર્દીનાં ચિહ્નોનો અભ્યાસ કરી એકલા ને.મૂ.નો અથવા તેની સાથે કેલ્કેરિયા, કાસ્ટીકમ, એપિસ, ઇગ્નેશિયા વગેરેનો પૂરક દવા તરીકે ઉપયોગ કરી ઘણાં હઠીલાં દર્દોને ભગાડી શકાય છે તથા શારીરિક-માનસિક રીતે ભાંગી પડેલા દર્દીને નવજીવન આપી શકાય છે. □

સુધારો

ગતાંકમાં પૃષ્ઠ ૨૪૩ પર બીજી કૉલમમાં આઠમી લીટીમાં 'કાલિ ફોસ'ને બદલે 'કેલ્કેરિયા ફોસ' વાંચવું.

અનુસંધાન] **પસ્તીનાં પાનાં** [પૃ. ૩૦૯થી

લાવી દે. રાયપુર છત્તીસગઢ વિસ્તારમાં આવેલું છે. ૩૬ ગઢો આવેલા છે આ માટે આ વિસ્તાર છત્તીસગઢ કહેવાયો છે અને તેનો ઇતિહાસ ઘણો જૂનો છે. બે મહિના ઉપર ખુશવંતસિંહે એક લેખ લખ્યો હતો: 'People in the land of 36 Fortresses'. તેમાં એના ઇતિહાસની વાત લખ્યા પછી આ વિસ્તારમાં હાલ વસતાં લોકોનાં અજ્ઞાન, કુરૂઢિઓ અને પછાતપણા વિશે ભારે કટાક્ષ કર્યો હતો. મેં એ લેખ તો વાંચ્યો નથી; પણ એ લેખનો વિરોધ કરવા રાયપુરમાં એક સભા મળી હતી તેનો રિપોર્ટ વાંચ્યો છે. સભાએ ઠરાવ કરી ખુશવંતસિંહને અલ્ટિમેટમ આપ્યું છે કે એક માસમાં તે દિલગીરી વ્યક્ત કરે નહીંતર સત્યાગ્રહ કરવામાં આવશે!!

આ ખુશવંતસિંહ કોઈ પ્રધાન નથી કે સરકારી ઑફિસર નથી. જે છાપામાં લેખ લખાયો છે તે મધ્યપ્રદેશમાંથી નીકળતું નથી તો પછી આ 'સત્યાગ્રહ'નો અર્થ શું ? એનો અર્થ એટલો જ કે ખુશવંતસિંહની વાત સાચી છે. છત્તીસગઢ વિસ્તારના લોકોના પ્રતિનિધિઓના ઘોર અજ્ઞાન વિશે કટાક્ષ તેમનો પોતાનો જ ઠરાવ પૂરો પાડે છે!

આ ખુશવંતસિંહ ઇલસ્ટ્રેટેડ વીકલિના તંત્રી હતા. હવે તો છૂટક છૂટક લેખો લખે છે અને રાજ્યસભાના સભ્ય છે. ઇલસ્ટ્રેટેડ વીકલિના તંત્રી તરીકે તેને સરકારે પદ્મશ્રીનો ઇલકાબ પણ આપ્યો હતો. પંજાબની સમસ્યા દરમ્યાન જ્યારે લશ્કરે સ્વર્ણ-મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે તરત જ ખુશવંતસિંહે આવેશમાં આવી જઈ રાષ્ટ્ર પ્રમુખ ઝૈલસિંહને કાગળ લખ્યો અને મંદિરમાં લશ્કરપ્રવેશના વિરોધમાં પદ્મશ્રી પાછો વાળ્યો. આ હકીકત સામાન્ય શીખ સજ્જનની પહેલી પ્રતિક્રિયા દર્શાવે છે, પણ પાછળથી મંદિરમાં જે હથિયારો મળ્યાં બંકર્સ બંધાયેલાં મળ્યાં અને રીતસર લશ્કરી છાવણી જાણે હોય તેવી સ્થિતિ નજરે પડી ત્યારે ખુશવંતસિંહને પણ પોતાની ઉતાવળ માટે પસ્તાવો થયો... ખેર !

ફિલ્મનું અનુભાવન [૯]

હસમુખ બારાડી

દૃષ્ટિકોણ/ઍન્ગલ

માનવઆંખ અને કૅમેરાની આંખથી દેખાતા દશ્યમાં બીજું મહત્ત્વનું પાસું તે દૃષ્ટિકોણ - ઍન્ગલ. જે વિષય (એટલે કે વ્યક્તિ કે વસ્તુ)નું દશ્ય ઝડપાતું હોય એની સામે કૅમેરા દૂર-નજીક રાખવાથી અને લેન્સનો કોણ ગોઠવવાથી ક્ષેત્ર-ઊંડાણ (ડેફથ ઑફ ફીલ્ડ)નો અનુભવ થાય, જેથી તે વિષય સ્પષ્ટ ફોકસમાં દેખાય; પરંતુ એ વ્યક્તિ કે વસ્તુની સામે (કે આગળપાછળ) કેટલી ઊંચાઈએ (બરાબર ઊંચાઈએ, ઉપર કે નીચે) કૅમેરો રાખવો એ કોણ (ઍન્ગલ) પણ ખૂબ મહત્ત્વનો છે.



વિષય (એટલે કે પાત્ર, મકાન કે વસ્તુ વગેરે) વિશેનો પ્રેક્ષકનો અભિગમ કૅમેરાની સ્થિતિથી નક્કી થાય છે. આ સ્થિતિ જેમ દૂર-નજીક હોઈ શકે તેમ સામે, ઉપર કે નીચે પણ હોઈ શકે. આપણે કોઈની સામે બરાબર ઊભા રહી આંખમાં આંખ મેળવી સમકક્ષ વાત કરીએ, તો એમાં બન્ને સરખા હોવાનો વિશિષ્ટ અર્થ છે, તો કોઈ સત્તાવાદી વ્યક્તિને આપણે હંમેશાં શારીરિક દૃષ્ટિએ ઊંચી, અને નિર્માલ્ય વ્યક્તિને નીચી કલ્પીએ છીએ; એ અર્થ પ્રેક્ષકને અનુભવાવવા પ્રેક્ષકને સામે કે એટલે ઊંચે - નીચે બેસાડવા કૅમેરાને જ એ સ્થિતિઓમાં મૂકવામાં આવે છે. એને કૅમેરાનો દૃષ્ટિકોણ - ઍન્ગલ - કહેવાય છે.

સાથેની તસ્વીર (૧)માં સિનેતારક અમિતાભ બચ્ચનની તસ્વીર એની આંખથી દસેક અંશ નીચે અને છાતીથી દસેક અંશ ઊંચે કૅમેરો રાખીને શૉટ લેવામાં આવ્યો છે. એ **સામાન્ય દૃષ્ટિકોણ** કહેવાય (સ્થિતિ क). એ જોઈએ ત્યારે અમિતાભ આપણી સામાન્ય ઊંચાઈએ હોય એવું આપણને લાગે.

અલબત્ત, અમિતાભ પોતે ખૂબ ઊંચો હોવાથી એની ઊંચાઈનો પ્રેક્ષકોને અનુભવ કરાવવા સામાન્ય રીતે કૅમેરા સ્હેજ નીચે રાખવાનો રિવાજ છે. પરંતુ એની સામે કામ કરતી નીચી નટી જયા ભાદુડીનો એકલીનો શૉટ લેવો હોય તો એની છાતીથી દસેક અંશ ઉપર અને આંખોથી દસેક અંશ નીચે કૅમેરો હોય તો એ આપણને એટલી નીચી નહિ લાગે, એ આપણી ઊંચાઈ જેટલી જ લાગશે. અલબત્ત, જયા અને અમિતાભ બન્નેનો શૉટ સાથે હોય





(ટુ-શૉટ) તો એ બન્નેની ઊંચાઈના તફાવતનો આપણને ખ્યાલ આવશે. તેઓની ખૂબ અંગત લાગણીઓ દર્શાવવાના દૃશ્યમાં એ બન્ને પાત્રોને એવી રીતે ઊભાં રાખી શકાય કે જેથી એમની ઊંચાઈનો અસાધારણ તફાવત અકારણ દેખાય નહિ. આ સંજોગોમાં જયાને સ્હેજ ઊંચી પાટલી ઉપર ઊભી રાખી શકાય, કે ખુરશી-ટેબલે બેસાડી શકાય; અથવા અમિતાભ બેસે અને જયા ઊભી રહે, વગેરે.

તસ્વીર (૧)માં સ્થિતિ ख, ग, घમાં કેમેરો લગભગ પચ્ચીસ, પીસ્તાલીસ અને પાંસઠ અંશે નીચો રાખવામાં આવ્યો છે. એ નિમ્ન, નિમ્નતર અને નિમ્નતમ એવા ત્રણ દૃષ્ટિકોણથી જે અમિતાભ દેખાયને તેના અનુક્રમે વધતા પ્રમાણમાં પ્રભાવશાળી લાગશે. એની સામેનું પાત્ર પોતાને એટલા જ પ્રમાણમાં નિમ્ન, ક્ષુલ્લક, નિર્માલ્ય વગેરે અનુભવશે. અમિતાભને અમુક પ્રસંગોમાં ગૌરવ, સત્તા, અતિ મહત્ત્વનો દર્શાવવા દિગ્દર્શક આવા નિમ્ન દૃષ્ટિકોણોના શૉટ લે છે. એ માટે એની સામેના પાત્રની ઊંચાઈ અથવા સ્થિતિ, અને મુખ્ય પાત્રને કેટલો સત્તાવાહી બતાવવો છે એ મુજબ કેમેરાની સ્થિતિ નક્કી કરવામાં આવે છે.

સાથેની તસ્વીર (૨)માં 'રામશાસ્ત્રી' ફિલ્મના શૉટમાં કેમેરાની આ સ્થિતિ જ 'રામશાસ્ત્રી'ના પ્રભાવ અને સત્તાનો અર્થ વ્યક્ત કરી દે છે. અલબત્ત, દિગ્દર્શકે કેમેરાના નિમ્ન દૃષ્ટિકોણને (લો-ઍન્ગલ)ને સહાયરૂપ બનવા, એમના મહેલની ગૅલરી, કોતરકામથી વ્યક્ત થતી એમની સમૃદ્ધિ, એક હાથે મજબૂત પકડેલો ગૅલરીનો દાંડો, આંગળી ચીંધતા બીજા હાથની સ્થિતિ 'રામશાસ્ત્રી'ની નીચી નજર વગેરેની ગોઠવણ કરી છે. રામશાસ્ત્રીના આ શૉટની પહેલાં અને પછી, એ જેને હુકમ કરે છે એ લોકો કે વ્યક્તિનો રામશાસ્ત્રીની છાતીની ઊંચાઈએ કેમેરો રાખી નીચેનું પાત્ર ઉપર જોતું હોય એવો શૉટ પણ દિગ્દર્શકે મૂક્યો છે. કેમેરાની એ સ્થિતિ **ઉચ્ચતર દૃષ્ટિકોણ**ની ગણાય. જે તસ્વીર (૧)માં કેમેરાની छ સ્થિતિથી દર્શાવ્યું છે.

નિમ્નકોણીય શૉટથી સામેનું પાત્ર ભયાવહ, ખતરાજનક, ડરાવતું, નિર્ણાયક, દયાવાન કે દંભી પણ પ્રસંગ-અનુસાર લાગી શકે. આવા શૉટમાં જે તે પાત્રના શૉટની પાછળની પૃષ્ઠભૂમિ, વેશભૂષા, સંવાદગતિ, સંગીત, ધ્વનિ વગેરે પણ પાત્ર-પ્રસંગ - અનુસાર મૂકી શકાય. નિમ્નતર દૃષ્ટિકોણમાં પાત્ર જેટલું વધુ નજીક અનુભવાય એટલો એનો પ્રભાવ વધુ લાગે. નિમ્નતમકોણીય શૉટમાં એ પાત્ર ક્યારેક વિકૃત તો ક્યારેક વધુ રહસ્યમય પણ લાગે. નિમ્નકોણીય લૉંગ શૉટ હોય તો પાત્ર ખૂબ દૂરનું અજાણ્યું અને અનિયંત્રિત જણાય.

સાથેની તસ્વીર (૧)ની સામે સ્થિતિ च, छ, जમાં કેમેરા એના માથાથી ત્રીસ, સાઠ અને નેવું અંશ ઉપર રાખવામાં આવ્યો છે. વિષયને ઉપરથી જોવાના આ દૃષ્ટિકોણો છે. એમાંથી (च) સ્થિતિને **ઉચ્ચ દૃષ્ટિકોણ**, (छ) સ્થિતિને **ઉચ્ચતર દૃષ્ટિકોણ** અને (ज) સ્થિતિને **ઉચ્ચત્તમ દૃષ્ટિકોણ** કહી શકાય. કોઈ પણ પાત્રની નિમ્નતા દર્શાવવા આવા ઉચ્ચ દૃષ્ટિકોણનો ઉપયોગ થાય છે. વળી, અનેક પાત્રોનું ટોળું હોય તો એ બધાંને સામાન્ય રીતે એક ફ્રેમમાં સમાવી લેવા આ ઉચ્ચ દૃષ્ટિકોણનો ઉપયોગ થાય છે. સાથેની તસ્વીર (૩)માં નૃત્ય કરતી નટીઓનો એવો ઉચ્ચતર દૃષ્ટિકોણ લેવા કેમેરો લગભગ ૭૦ થી ૭૫ અંશ ઊંચે રાખવામાં આવ્યો છે. આમ, નૃત્ય કે ટોળું વગેરેના દૃશ્યમાં એને ઊંચેથી બીજું કોઈ પાત્ર નિહાળતું હોય કે ન નિહાળતું હોય તો પણ - દૃશ્યવૈવિધ્ય માટે આવા ઉચ્ચત્તર કે ઉચ્ચતમ દૃષ્ટિકોણથી શૉટ લેવામાં આવે છે. આવા **ઉચ્ચકોણીય શૉટમાં (હાઈઍન્ગલ)** કોઈ પાત્ર ઊંચે ઊભું હોય અને નજરે જે દેખાય એ બતાવવા, એની ઊંચાઈએ કેમેરો રાખીને શૉટ લેવામાં આવે. એ સંજોગોમાં

અમિતાભ એટલો નીચો, ક્ષુલ્લક, નિમ્ન દેખાશે. એટલે કે દિગ્દર્શકે જો કોઈ પણ પાત્ર કે વસ્તુને આવો અર્થ આપવો હોય તો એ કૅમેરો જરૂર મુજબ ઊંચે રાખીને નીચેનું દૃશ્ય ઝડપશે.

આવા ઉચ્ચકોણીય શૉટથી પ્રેક્ષકોને શક્તિ અને મહત્તાનો અનુભવ થાય છે, જેને પરિણામે જે પાત્રનો આવો શૉટ લેવાયો હોય એના પ્રત્યે પ્રેક્ષક દયા અને સહિષ્ણુતા અનુભવે છે. કારણ કે આવી કૅમેરા-સ્થિતિથી સામેનું પાત્ર એટલું નીચું, અર્થહીન દેખાતું હોય છે. વળી, આવા ઉચ્ચકોણીય શૉટથી પ્રેક્ષક જાણે બધી વસ્તુને માપી-જોખીને તપાસતો હોય, અને જે તે પાત્ર કે વસ્તુથી દૂર અને તટસ્થ હોય, એવું પણ અનુભવે છે. આવા લૉન્ગ શૉટમાં પાત્ર એકલું હોય તો એની એકલતા, અને ટોળું હોય તો એની ગીચતા વ્યક્ત થાય છે. વળી ત્રીજી બાજુ, ઊંચેથી જોવાતાં આવાં દૃશ્યો (નૃત્ય કે ગ્રામ અને શહેરી વિસ્તારો જેવાં) એકસરખી રળિયામણી ભાત, અથવા એનો અભાવ, અવ્યવસ્થા વગેરે પણ વ્યક્ત કરી શકાય.

આમ તો માણસની આંખ સામાન્ય જીવનમાં સતત આવા વિશિષ્ટ દૃષ્ટિકોણથી નિહાળતી હોય છે, પરંતુ માણસ પોતે જ એ જગ્યાએ એટલો દૂર, નજીક કે સામે, ઉપરનીચે હોવાથી એ જે જુએ એ દૃષ્ટિકોણથી બહુ જાગૃત નયે હોય, કે પછી એને એ સાવ સામાન્ય અને સ્વીકૃત લાગે; પરંતુ પડદા ઉપર (ફિલ્મ કે ટીવીમાં) વાસ્તવિક્તા 'ફ્રેમ' થતી હોવાથી જો આવા દૃષ્ટિકોણોનો ઉપયોગ ન થાય તો પ્રેક્ષકને એ દૃશ્ય (એટલે કે પાત્ર, વસ્તુ વગેરે)ની વાસ્તવિકતાનો જ અનુભવ ન થાય. કોઈ એક કથાવળાંકે ખલનાયક સત્તાવાહી હોય તો એ ઊંચે ઊભેલા ખલનાયકને નીચે ઊભેલો અમિતાભ નિર્માલ્ય લાગે છે, એવું પ્રેક્ષકોને બતાવવા ઉચ્ચ કોણીય શૉટ લેવો પડે, જેથી અમિતાભ પ્રેક્ષકોને પણ, પેલા ખલનાયકની જેમ, એની દૃષ્ટિએ નિમ્ન દેખાય. બીજા કથાવળાંકે અમિતાભ જો સત્તાવાહી સ્થિતિએ પહોંચ્યો હોય તો, એની ઊંચાઈથી નીચે ઊભેલા ખલનાયક કે આખી એની ટોળકીનોય એવો શૉટ લઈ શકાય.

આ રીતે લીધેલા શૉટ આત્મપરક (સબ્જેક્ટિવ) શૉટ હોય છે. નાના બાળકને રમાડતી માનો શૉટ લેવો હોય તો બાળક ઉપર ઝૂકેલી માની દૃષ્ટિએ બાળક કેવું લાગે છે એ માટે બાળક ઉપર એ રીતે કૅમેરા રાખી ઉચ્ચકોણીય શૉટ લેવાય, જ્યારે બાળકની દૃષ્ટિએ માનો એકલીનો શૉટ નિમ્ન કોણીય દૃષ્ટિકોણથી લેવા, કૅમેરો એટલો નીચો રાખી માને એની ઉપર એટલી નમાવીને શૉટ લઈ શકાય. (અલબત્ત, બાળક ખૂબ નાનું હોય અને 'એની આંખના ફોકસની કે કદ-માપની સ્થિરતા નથી'' એ દર્શાવવું હોય તો ફિશ-આઈ જેવા વિશિષ્ટ પ્રકારના લેન્સનો ઉપયોગ પણ થઈ શકે.)

ફિલ્મ 'બેન્ડિટ ક્વીન'માં બળાત્કારનો ભોગ બનતી ફૂલનદેવીની દૃષ્ટિએ હુમલાખોરોનો આત્મપરક (સબ્જેક્ટિવ) નિમ્નકોણીય શૉટનો ઉપયોગ થયો છે; જ્યારે હુમલાખોરની દૃષ્ટિએ ફૂલનદેવીનો ઉચ્ચકોણીય આત્મપરક શૉટ ફૂલનની લાચારી દર્શાવવા લેવામાં આવ્યો છે. આ બન્ને પ્રકારના આત્મપરક શૉટ પછી દિગ્દર્શક એક પછી એક આવતા હુમલાખોરોનો વસ્તુપરક (ઑબ્જેક્ટિવ) શૉટ પણ લે છે. બારણું ખૂલતાં એક હુમલાખોર જાય અને પ્રવેશવા આતુર બીજો હુમલાખોર આવે એ વસ્તુપરક શૉટમાં **સાધારણ દૃષ્ટિકોણની** કૅમેરાની સ્થિતિ છે; કારણ કે એમાં દિગ્દર્શક એવું દર્શાવવા માગે છે કે 'અગાઉ જોયેલા અત્યાચારની હારમાળા ચાલુ રહી છે.' અગાઉના ઉચ્ચ અને નિમ્નકોણીય બન્ને આત્મપરક શૉટ પછી દિગ્દર્શકના આ વસ્તુપરક સાધારણકોણીય શૉટે એ વેદનાપૂર્ણ પ્રસંગની તીવ્રતાને ખૂબ જ પ્રભાવશાળી રીતે વ્યક્ત કરી આપી છે. એટલે તો એ ફિલ્મનું સામૂહિક બળાત્કારનું એ દૃશ્ય પણ વ્યાપારી હિન્દી ફિલ્મના બળાત્કારની કામુક સનસનાટીથી બચી શક્યું છે, અને એક અબળા પરના જાતિ-વંશીય પૂર્વગ્રહને વ્યક્ત કરી શક્યું છે.

કલાશાસ્ત્રની દૃષ્ટિએ પણ કલાકારનો વિષય, પાત્ર, પ્રસંગ, વિચાર કે વિભાવના વિશે કલાકારનો દૃષ્ટિકોણ મહત્ત્વનો હોય છે. એમાં કલાકારનાં વલણ, અભિગમ, મંતવ્ય, સંબંધ, સમજ વગેરે વ્યક્ત થાય છે. અહીં દિગ્દર્શક પણ - કલાકાર તરીકે - પોતાનો અભિગમ કૅમેરાની સ્થિતિ, અંતર, કોણ વગેરેથી વ્યક્ત કરી દે છે. યાંત્રિક કે વીજાણુ સાધનની વિશિષ્ટતાનો એ રીતે કલાત્મક - સાર્થક ઉપયોગ કરવાની દિગ્દર્શકને તક મળે છે. ફિલ્મ-ટીવીની 'દૃશ્યભાષા'નું એ અગત્યનું પાસું છે. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ઈસ્મત ચુગતાઈ

તા. ૨૯-૬-૮૪. રાયપુરમાંથી એક હિન્દી છાપું નીકળે છે, 'નવભારત'. તેના ગુરુવારના અંકમાં 'ઘર ઘરની જ્યોત' જેવો એક નારી વિભાગ આવે છે. ગઈ કાલના 'નવભારત'માં ઈસ્મત ચુગતાઈની વાત આવી છે. તમે આ ઈસ્મત ચુગતાઈનું નામ સાંભળ્યું છે કે નહીં તે તો ખબર નથી પણ તે ફિલ્મ લાઈન સાથે આડકતરી રીતે સંકળાયેલી હતી તેથી કદાચ સાંભળ્યું હશે. ઈસ્મત ઉર્દૂની જાણીતી લેખિકા છે. પેલી જાણીતી ફિલ્મ 'ગર્મ હવા' ઈસ્મતની એક વાર્તા ઉપરથી બની હતી. ઉર્દૂ સાહિત્યનું શ્રેષ્ઠ ઇનામ 'ગાલિબ પુરસ્કાર' તેને મળ્યો હતો. અત્યારે તો તે ૬૧ વર્ષની છે. પણ મૂળ વાત એ કે સ્ત્રી તરીકે પુરુષ સમોવડિયા થવાનું અને ગણાવાનું તેને મૂળથી જ ગમતું. અને આખી જિન્દગી તેણે તે રીતે જ પસાર કરી. સ્પષ્ટ છે કે આવા સ્વતંત્ર વિચારની મુસલમાન છોકરીને વર ન મળે. પણ છેવટે ૩૮ વર્ષની ઉંમરે તેણે શાહિદ લતીફ સાથે લગ્ન કર્યા. ઈસ્મતે કહ્યું છે કે 'શાહિદ ઔર મૈં દોસ્ત તો અચ્છે થે લેકિન મિયાં-બીબી અચ્છે નહીં થે. મિયાં કે પાંવકી જૂતી બનકે રહેના મુજે મંજૂર ન થા.' શાહિદ ફિલ્મોમાં સ્ક્રિપ્ટ રાઈટર હતો અને ઈસ્મત તેને કહાનીના આઈડીઆ આપતી. જરૂર પડે કહાની વિસ્તારથી લખી આપતી અને આમ સરખા વ્યવસાયને કારણે તેમનું ગાડું ગબડે જતું હતું. ઈસ્મતે સોનેકી ચિડિયા, જિદ્દી, આરઝૂ જેવી ફિલ્મોની કહાની લખી છે અને શાહિદે ડાઈરેક્શન કર્યું છે પણ પછી શાહિદને લાગ્યું કે ઈસ્મત કરતાં પોતે વધુ સારું લખી શકે છે અને અહંનો સવાલ આવ્યો એટલે આ ટીમ તૂટી પડી. ઈસ્મતનું એક વાક્ય લેખમાં ટાંક્યું છે - 'મેરા ઉસૂલ થા, જો મનમેં આયે સો કરો, ઢોંગ મત કરો ઔર જાને દો સમાજ ઔર જાત બિરાદરી કો જહન્નુમમેં !' એની એક દીકરી આર્યસમાજ વિધિથી હિન્દુ સાથે પરણી છે. તેણે જ્યારે ઈસ્મતને પૂછ્યું ત્યારે તેણે કહ્યું, 'તેં પસંદગી યોગ્ય કરી હોય પછી વિધિ આ કે વિધિ તેનો સવાલ જ ન હોય. ગમે તે વિધિથી લગ્ન કર.' છોકરીઓને તેનો સંદેશો છે: 'રૂઢિયોંકો તોડો, કુછ નહીં હોગા, કોઈ કુછ નહીં કરેગા.' ૬૧ વર્ષની આ ડોશી તેના જમાનામાં તેના સમાજ કરતા કેટલી બધી આગળ હતી!

શશિકપૂરની ઝૂનૂન ફિલ્મમાં તેણે અભિનય પણ કર્યો હતો. એ તો બહુ આખાબોલી છે. 'જીવનનો પહેલો અને છેલ્લો ફિલ્મ અભિનય મૈં વિશ્વાસપૂર્વક કર્યો છે - જહાં તક મેરા સવાલ હૈ જિંદગી કે એક એક લમહેં (ક્ષણ) કો બડે શૌક સે જીયા હૈ.'

તા. ૨૬-૧૦-૯૧. ઉર્દૂની વિખ્યાત સાહિત્યકાર ઈસ્મત ચુગતાઈનું ૮૦ વર્ષની વયે અવસાન થયું. આમ તો ગયે વર્ષે જ તેને officially ૭૫ વર્ષ થયાં અને તેની ઉજવણી પ્રસંગે તેણે વાત કરી કે ખરેખર તેની ઉંમર ૮૦ છે.

રસોઈ કરવી, સિલાઈ કરવી વગેરે સ્ત્રી માટે અનામત રાખેલી પ્રવૃત્તિઓ તેને જરા પણ ગમતી નહિ. એટલે સમાજનો અને ઘરનાં બધાંનો વિરોધ છતાં તે ભણી અને પછી વાર્તાઓ લખી સમાજને ઉઘાડો પાડ્યો. પર્દામાં રહેતી મુસ્લિમ સ્ત્રીઓમાં ફેલાયેલી ઈર્ષા, છેતરપીંડી અને જાતીય વિકૃતિ દર્શાવતી તેની વાર્તાઓ ઘણી જાણીતી છે.

ચિત્રકાર બળદેવ ગંભીર

તા. ૬-૭-૮૪. 'નવભારત'ની રવિવારની આવૃત્તિમાં અમૃતા પ્રીતમની એક કોલમ આવે છે. અમૃતા પ્રીતમને ઓળખી? પંજાબી સાહિત્યકાર છે અને ગયે વર્ષે તેને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો છે. તેની કોલમનું નામ છે 'અક્ષર બોલતે હૈ.' કોઈ એક વ્યક્તિ સાથે વાર્તાલાપના રૂપમાં તે લખે છે. પણ લખાણમાં કોઈ ને કોઈ સામાજિક સમસ્યા ગૂંથાયેલી રહે. ગયે રવિવારે તેણે ચિત્રકાર બળદેવ ગંભીર વિષે લખ્યું હતું. બલદેવનાં ચિત્રોનું દિલ્હીમાં પ્રદર્શન હતું ત્યારે જાણે કે અમૃતાએ તેની મુલાકાત લીધી હોય તેમ લેખ હતો. પ્રદર્શનમાંનાં ચિત્રોમાંથી ૬ ચિત્રો એવાં હતાં જેમાં મેષ, વૃષભ, મિથુન, કર્ક વગેરે ૧૨ રાશિનાં ચિત્રો હતાં. આ વાત લઈને અમૃતાએ ચર્ચા શરૂ કરી છે. પોતાનાં ઘણાં ચિત્રોમાં આ ૧૨ રાશિનો ઉલ્લેખ આવે છે તેનાં કારણમાં ચિત્રકારે તેની જીવનીનું વર્ણન કર્યું તે જાણવા જેવું છે. તેની જીવનીમાં ઉપરાઉપરી એવા પ્રસંગો (shocks) આવ્યા છે, જેની તેના મન ઉપર રહી ગયેલી અસર આ ચિત્રોમાં વ્યક્ત થાય છે.

તેના બાપ સિંધી અને મા પંજાબી. ડેરા ઈસ્માઈલખાન (હાલ પાકિસ્તાનમાં) તેઓ રહેતાં. અઢી વરસની ઉંમરે દેશના ભાગલા પડ્યા અને જમીન દુકાન છોડીને બધાં ભાગ્યાં અને ભાગાભાગીમાં ત્રણ બહેન, પાંચ ભાઈ અને માતાપિતાનું એ કુટુમ્બ છૂટું પડી ગયું. બળદેવ તેની મા અને એક નાની બહેન ફરીદાબાદ નિરાશ્રિત છાવણીમાં પહોંચ્યાં. બાકી બધાં હરિદ્વાર પહોંચ્યાં. પણ તેની ખબર બળદેવ વગેરેને પાંચ વરસ પછી પડી! આ પાંચ વરસ માએ વાસણ માંજી ઘર ચલાવ્યું. ત્યાં વળી એક બીજી આફત આવી. પાકિસ્તાનથી પાછા ફરતાં તેની મોટી (પરણેલી) બહેનનું અપહરણ થયું હતું. નિરાશ્રિત છાવણીમાં

પહોંચ્યા પછી તેના બે મોટા પરણેલા ભાઈ અપહૃત બહેનને શોધવા પાછા પાકિસ્તાન ગયા. બહેનને દસ મહિનાનું બાળક હતું તે નિશાનીએ પૂછતા પૂછતા ડેરા ઇસ્માઈલખાન (સરહદ પ્રાન્ત) નજીક પહોંચ્યા, ત્યારે મકાનની ભાળ મળી. નોકરને લાલચ આપી બહેનને બહાર વીંટીની નિશાનીથી બોલાવી બુરખો પહેરાવી સાથે લઈને નાઠા અને હેમખેમ બહેન તથા બાળકને પાછાં લાવ્યાં. બનેવી સમજદાર હતો એટલે તેણે પત્નીને સ્વીકારી લીધી અને આ બધું તેણે પાંચ વરસ પછી (પોતાની ૭, ૮ વર્ષની ઉંમરે) સાંભળ્યું! આ ઘટનાની 'અમારા બધાના જીવન ઉપર જુદી જુદી અસર થઈ છે.' પણ પેલા બે ભાઈઓ જે બહાદુરીથી જાનના જોખમે બહેનને છોડાવી લાવ્યા તેમની પછીની જિંદગી ચોરી અને લૂંટફાટમાં ગઈ ! એક તરફ નાના ભાઈઓ હોટેલમાં વાસણ માંજતા અને મહિને ૧૦ રૂપિયા કમાતા. તો બીજી તરફ આ બે મોટા ભાઈઓ ચોરી કરી ધન ભેગું કરતા અને નાના ભાઈઓની દરકાર પણ ન કરતાં !!

આ બળદેવ ચિત્રકાર કેમ થયો તે જાણવા જેવું છે. મા લોકોનાં કામ કરી ઘર ચલાવતી. જેમ તેમ કરી તે ૧૦મું ધોરણ પાસ થયો. નાનપણથી જ માને મદદ કરતો તેથી રસોઈ આવડતી. તેઓ રુડકી રહેતાં હતાં. રુડકીમાં મોટી એન્જીનીઅરિંગ યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીના એક લેક્ચરર ડૉ. ગર્ગને ઘેર બળદેવ રસોઈયા તરીકે નોકરીએ રહ્યો. પછી તો ડૉ. ગર્ગે તેને યુનિવર્સિટીના મિકેનિકલ ડિપાર્ટમેન્ટમાં પટાવાળાની નોકરી અપાવી, એક શરતે કે રાત્રે ગર્ગસાહેબને ઘેર રસોઈ કરવાની. પટાવાળામાંથી તે ટ્રેસર થયો. એટલે ડ્રૉઈંગના એમોનિયા પ્રિન્ટ કાઢવાનું કામ કરતો થયો અને કદાચ જિંદગી આમ પૂરી થઈ જાત. પણ એક દિન અકસ્માત થયો. ગર્ગસાહેબનો તે માનીતો સેવક હતો અને નોકરીમાંથી નવરો પડે ત્યારે શેઠશેઠાણીની ખડે પગે ચાકરી કરતો. એક વાર ગર્ગસાહેબને ઘેર મોટી પાર્ટી હતી. તેની તૈયારી માટે બળદેવે રજા લીધી હતી. શ્રીમતી ગર્ગે તેની પાસે બજારમાંથી કંઈક મંગાવ્યું તે લઈ આવ્યો. અડધા કલાક પછી ફરી બીજું યાદ આવ્યું. તે પણ લઈ આવ્યો. બજારના આવા પાંચ ફેરા કર્યા પછી પાછું અડધા કલાકે શ્રીમતી ગર્ગે ફરી પાછું બજારમાંથી લાવવાનું કહ્યું. ત્યારે તેની ધીરજ ન રહી. તેણે એટલું જ કહ્યું કે મંગાવવાની વસ્તુની યાદી કરીને એક સાથે મંગાવી લેતાં હો તો! થયું! શ્રીમતી ગર્ગે પતિદેવને શું કહ્યું કોણ જાણે, પણ તે દિવસે પાર્ટી પતી ગયા પછી ગર્ગે બળદેવને બોલાવીને એક તમાચો ચોડી દીધો અને ખુરશી ઉપાડીને મારવા દોડ્યા. બસ તે દિવસથી નોકરીમાંથી રાજીનામું આપી લખનૌ ચાલ્યો ગયો અને ત્યાંની ગવર્નમેન્ટ આર્ટ્સ અને ક્રાફ્ટ કૉલેજમાં વિદ્યાર્થી તરીકે દાખલ થઈ ગયો. મા વેલબૂટા ગૂંથતી, નારિયેળનાં પત્તાં અને રેસામાંથી ટોપલી, નાની પેટીઓ વગેરે બનાવતી અને ત્યારની તેને કળાની અભિરુચિ. તેમાં ટ્રેસર તરીકે રેખાઓ ખેંચવાનો અનુભવ. અમૃતા પ્રિતમ તેને પૂછે છે કે 'किस राशिने यह भेद बताया की उसने थापड मारकर आपको चपरासीसे आर्टिस्ट बना दिया ?'

લખનૌ કૉલેજની ફી માફી મળી હતી. પણ હૉસ્ટેલના મહિને રૂ. ૫૦/- બે વર્ષ માટે જરૂરી હતા. પોતાની બચતમાંથી તથા ટ્યુશન કરીને તેણે બે વર્ષનો કોર્સ પૂરો કર્યો અને દેહરાદૂનની શાળામાં ડ્રૉઈંગ શિક્ષકની નોકરી શરૂ કરી. સાથે સાથે બારમા ધોરણની પરીક્ષા આપી અને નોકરી કરતાં કરતાં બી.એ. પાસ થયો અને ફરી પાછો નોકરી છોડી કળામાં એમ.એ. કરવા કૉલેજમાં જોડાયો. સૂકો રોટલો અને માંગેલી છાશ ખાઈ મા-દીકરાએ વરસો કાઢી નાખ્યાં અને એમ.એ. થયો. આજે અમૃતસરના કલાવિદ્યાલયમાં લેક્ચરર છે !


સ્પષ્ટ છે કે ચપરાસીમાંથી જાનેમાને ચિત્રકાર બનેલા તેના જીવનમાં ઊભા થયેલા કેટલાયે પ્રશ્નાર્થ સૂચવતાં બાર રાશિઓનાં ચિત્રો તેનાં રેખાંકનોમાં અનેકવાર દેખાય છે !!

છત્તીસગઢનો અનુભવ

તા. ૨૭-૭-૮૪. હું ૧૯૪૪થી ગ્રીષ્મવર્ગો ચલાવતો આવ્યો છું. પણ છેલ્લે છેલ્લે વર્ગો ચલાવવામાંથી આનંદ ઓછો થતો રહ્યો છે. આ પરિસ્થિતિ ૧૯૬૯થી શરૂ થઈ છે. આનું મુખ્ય કારણ તો એ છે કે શિબિરમાં ભાગ લેનાર નિશ્ચિત હેતુ વગર ફક્ત 'ગ્રીષ્મવર્ગોમાં જોડાઓ અને પર્યટનનો લાભ મેળવો' આવા કોઈ ખ્યાલથી વધુ આવે છે. ગયે વર્ષે ઉદયપુરમાં પણ લગભગ આવું હતું. પણ આ વર્ષનો રાયપુરનો વર્ગ તદ્દન જુદો જ થયો. વર્ગમાં ૨૮ શિક્ષકો (ફિઝિક્સના) જોડાયા હતા અને છેલ્લા દિવસ સુધી બધા જ નિયમિત હાજર રહેતા એટલું જ નહીં, પણ બપોરના દોઢ કલાકના 'વર્કશૉપ'માં હું રિલેટિવિટિનો કોઈ પ્રોબ્લેબ રજૂ કરું અને હોંશે હોંશે એક પછી એક પાટિયાં પર આવીને ઉકેલ મેળવવાનો પ્રયત્ન કરે ! છેલ્લે તો ગુરુપૂર્ણિમા નિમિત્તે તેમણે ખાસ કાર્યક્રમ (આ વર્કશૉપના દોઢ કલાક દરમ્યાન) ગોઠવી મને તથા રાયપુરના પ્રોફેસર ઠાકુરને ગુરુદક્ષિણા રૂપે શાલ આપી !! શિક્ષકોમાં શિક્ષકવૃત્તિ ઘટવા લાગી છે અને વ્યાપારીવૃત્તિ વધવા લાગી છે એ જમાનામાં રાયપુરનો મારો અનુભવ ઘણો જ સુખદ રહ્યો.

આમાં રાયપુર ગામ, રવિશંકર યુનિવર્સિટી કે મધ્યપ્રદેશની વિશિષ્ટતા વ્યક્ત થતી નથી. હા, પ્રો. ઠાકુરની વિશિષ્ટતા જરૂર વ્યક્ત થાય છે. મધ્યપ્રદેશ તો લોકજાગૃતિ અને શિક્ષક બાબતમાં મરુપ્રદેશ જ છે અને તેમાંય તેનો છત્તીસગઢ વિસ્તાર આડો આંક

(અનુસંધાન પૃ. ૩૦૪ ઉપર)



ચીનની સુખ્યાત દીવાલ

• સ્થિર નદી, સરતાં નીર •

ઈતિહાસની અસરો

• પ્રીતિ સેનગુપ્તા •

ચીનનો પ્રવાસ કેવળ એક સાદોસીધો પ્રવાસ નથી હોતો, પણ લગભગ પાંચ હજાર વર્ષ જૂની એક સંસ્કૃતિ અને વિલક્ષણ લાગે તેવી વિચારસરણીનું મહાદર્શન હોય છે. સાડા ત્રણ દસકા દુનિયાથી મોઢું ફેરવીને રહ્યા પછી હવે જ્યારે ચીન પરદેશીઓને પોતાની ઓછીવત્તી ઝાંખી આપવા ઉદ્યત થયું છે ત્યારે એનો સમાજ પણ એક અજાયબી જેવો લાગે છે. ચીનનો ઇતિહાસ અને સાંપ્રત જીવન - બંને ધ્યાન ખેંચે છે.

આખા વિશ્વની ધરતીનો સાત ટકા ભાગ ચીન ધરાવે છે. એક કરોડ ચોરસ કિ.મી.નું એનું ક્ષેત્રફળ છે. એમાંની પંદરેક ટકા જમીન જ ખેતીને અને લાંબા વસવાટને યોગ્ય છે. દેશની વસ્તી ઘણી - અત્યાર સુધી દુનિયામાં સૌથી વધારે ગણાતી આવી છે. (થોડાં વર્ષોમાં કદાચ ભારત એની આગળ નીકળી જાય) અને મોટે ભાગે દેશના પૂર્વ અને દક્ષિણના પ્રદેશોમાં એ વસેલી છે. ચીનના ઉત્તર અને વાયવ્ય તરફના વિભાગો લગભગ ખાલી, તેમજ રણ જેવા સૂકા, છે.

અર્થશાસ્ત્રનો માગ અને પુરવઠાનો સર્વસામાન્ય નિયમ ચીનમાં જાણે લાગુ જ નથી પડતો. સામ્યવાદી સરકાર એક આત્મ-શાસિત, આત્મ-નિર્ભર ચીન — એક નવો, સુંદર ને શ્રીમંત દેશ ઘડવા માગતી હતી, પણ એવું થયું નહિ. પ્રજાને શીખવાડવામાં આવેલો શિસ્ત અને શ્રમનો સિદ્ધાંત, પોતપોતાની તેમજ સમૂહની જવાબદારી ઉપાડવાનો નિ:સ્વાર્થભાવ, પણ તે સાથે જ, આગેવાનોમાં સત્તા માટેનાં સંઘર્ષ ચાલતા રહ્યા. ચૅરમૅન માઓ દ્વારા જે 'સાંસ્કૃતિક લોકક્રાંતિ'ની ચળવળ શરૂ થઈ હતી તે આપણને લગભગ આધુનિક વર્તમાનમાં લઈ આવે છે, પણ ચીનના લડતા-ઝગડતા, એક-બીજા પર વેર વાળતા, એક-બીજાનો સંહાર કરતા રાજવંશો ત્રણ હજાર વર્ષ પહેલાંથી ત્યાં શરૂ થયેલા.

કેટલાં બધાં વર્ષો, કેટલા બધા રાજવંશો ! એમના કાળક્રમ તો શું, પણ નામ પણ યાદ ના રહે. છતાં, ખૂબ ટૂંકમાં થોડી મુખ્ય વિગતો નોંધી લેવામાં ખોટું શું છે? જેમકે, ઇ.પૂ. સત્તરસો વર્ષ પહેલાંના 'શાન્ગ' રાજવંશને સૌથી પ્રથમ રાજવંશ કહી શકાય. વાંસની પટ્ટીઓ, હાડકાં ને કાચબાની ઢાલ પર કોતરાયેલાં લેખિત ચિહ્ન પહેલવહેલાં એમની રાજ્ય-સત્તાનાં છસો વર્ષ દરમિયાન વિકાસ પામેલાં. ઈ.પૂ. સવા બસો વર્ષ પહેલાના 'ચિન' રાજવંશમાં સૈનિકો, સેનાપતિઓ, આયુધો ને અશ્વોનાં મહાપરિમાણનાં માટીનાં પૂતળાં બન્યાં, જે હવે ચીનની સૌથી આશ્ચર્યજનક ઐતિહાસિક ઉત્ખનન-શોધ ગણાય છે. 'હાન' રાજવંશ ચારસો વર્ષ ટક્યો, ને એ દરમિયાન કન્ફ્યુશિયસના ઉપદેશનો પ્રચાર થયો. વળી, સમાજની એકતા અને સદ્ધરતા માટેનો પણ 'હાન'નો આગ્રહ રહ્યો હતો. છતાં, બૌદ્ધ ધર્મના પ્રવેશ અને આરંભ માટે 'હાન' કદાચ સૌથી વધારે જાણીતો રાજવંશ છે. એના વિનાશ પછીનાં ત્રણસો વર્ષમાં એકવીસ રાજ-સત્તાઓ આવી ને ગઈ! પછીની 'સુઈ' સત્તા દરમિયાન ગ્રાન્ડ કૅનાલ શરૂ થઈ. તો 'તાન્ગ' રાજવંશનાં ત્રણસો વર્ષનો કાળ ચીનનો સુવર્ણયુગ ગણાય છે. વિખ્યાત 'સિલ્ક રોડ' દ્વારા વેપાર વિસ્તર્યો અને વિભિન્ન ધર્મો — ખ્રિસ્તી, હિન્દુ, યહુદી, ઇસ્લામની અસર આવી. બૌદ્ધ ધર્મ ખૂબ ફાલ્યો.

દસથી તેરમી સદીના 'સૉન્ગ' કાળમાં હાન્જો પાટનગર થયું. ચીની ચિત્રકાળા ઘણી વિકસી, તથા કાવ્ય ને સાહિત્યનાં

સર્જકો સન્માન પામ્યાં. પણ તેરમી સદી એટલે જેન્ધિસ ખાન અને પૌત્ર કુબ્લાઈ ખાનનો જમાનો. આખા દેશ પર એ બંનેએ અધિકાર જમાવ્યો. ચીની સંસ્કૃતિના આધારસમ ત્રણ સ્તંભ- એકતા, સુરક્ષા, સામાજિક વ્યવસ્થા - એમણે છિન્નભિન્ન કરી નાખ્યા. એમના નોંધાયેલા ઘાતકી, જુગુપ્સાપ્રેરક શબ્દોમાંના કેટલાક આ છે : 'સૌથી વધારે આનંદ છે પોતાના દુશ્મનોને જીતવામાં, એમની સંપત્તિ ઝૂંટવી લેવામાં, એમનાં કુટુંબોને નિરાધાર જોવામાં, એમના ઘોડા વાપરવામાં, અને એમની પુત્રીઓ ને પત્નીઓ પર કબજો મેળવવામાં.'

વેનિસથી નીકળેલો વેપારી-પ્રવાસી માર્કો પોલો આ મૉન્ગોલ સામ્રાજ્યમાં વીસ વર્ષ રહેલો. એણે કરેલાં પ્રચુર ટિપ્પણ ઘણી સારી રીતે સચવાયેલાં રહ્યાં છે.

ચૌદમી સદીમાં સત્તાનો દોર 'મિન્ગ' વંશના હાથમાં આવ્યો,ને દેશના આધાર-સ્તંભોને સુદૃઢ બનાવવાના પ્રયત્ન શરૂ થયા. ચીનની મહા-દીવાલ પર સમારકામ, એને વધારે લાંબી કરવા માટેનું બાંધકામ ધ્યાન પર લેવાયું. કહે છે કે એ યોજનાને પૂરી કરતાં કરોડો મજૂરોને ઓછામાં ઓછી એક આખી શતાબ્દી લાગી હતી! બીજી પણ ઘણી ઈમારતો 'મિન્ગ'-કાળમાં બંધાઈ. રાજધાની તરીકે શોભે તે રીતે બેજિંગ નગરને નવેસરથી ભવ્ય સ્થાપત્ય-મંડિત કરવામાં આવ્યું. આજ સુધી એ બધાં બેજિંગમાં મોજુદ છે, અને એમને લીધે જ તો આધુનિક બેજિંગની શોભા છે.

માન્ચુ જાતિનો 'ચિન્ગ' વંશ ચીનમાં છેલ્લામાં છેલ્લો સત્તાધારી રાજવંશ હતો. ૧૬૪૪થી ૧૯૧૧ સુધી એનું શાસન રહ્યું. આટલા લાંબા ઇતિહાસ અને અસંખ્ય રાજવંશો દરમિયાન ચીનમાં ચડતી-પડતી, વિકાસ-વિનાશ ચાલુ જ રહેલા, પણ 'ચિન્ગ' સમ્રાટોએ ચીનની ખાનાખરાબી કરી મૂકી.

પણ આ પછીનો ઇતિહાસ તો આધુનિક છે. નાનજિંગ શહેરની મુલાકાત લીધી ત્યારે એની કેટલીક વિગતો જાણવા મળેલી. નાનાં હતાં ત્યારે દેશનો, કે દુનિયાનો, ઇતિહાસ બહુ કંટાળો આપતો. નામો, બનાવોને બધી તારીખો તો હજી પણ યાદ ના રહે, પણ ખરેખર ઇતિહાસ બહુ દિલચસ્પ હોય છે. એમાં આશ્ચર્યનું તત્ત્વ જાણે રોજેરોજ ઉમેરાતું રહે છે. ને તેથી જ લાગે કે એ જીવનનો જ પર્યાય છે.

જેમ ઇતિહાસ દ્વારા રાજકારણ અને સમાજના બંધારણે લીધેલો માર્ગ સ્પષ્ટાંકિત થાય છે, તેમ હજારો વર્ષોમાં ચીનમાં સર્જાતી આવેલી અનેકવિધ કળા-કારીગીરીની વિકાસરેખ પણ નોંધપાત્ર છે. પહેલેથી જ, સર્જન-ક્ષેત્રે મક્કમ શિસ્તનો આગ્રહ રહ્યો. નિયમ એવો રહ્યો કે કોઈ પણ કળા, કે હસ્ત-કળા, કૌશલ્યની પરાકાષ્ઠાએ પહોંચે એટલે પછી એમાં સુધારા-વધારા કરવાના જ નહિ; એક વસ્તુ એક જ રીતે કર્યા કરવાની. આ કારણે સદીઓજૂની શૈલી આજ સુધી સચવાયેલી, રક્ષાયેલી જોવા મળે છે. ચિત્ર, સ્થાપત્ય, શિલ્પ, સિરેમિક, લાખ, ભરત-કામ વગેરે કાંઈ પણ જુઓ, તો ભૂતકાળની સુંદર નકલ દેખાશે. ભલે ચીનની સર્જનશક્તિ મૌલિક સ્તરે ઘૂમી ના શકી, પણ એ હંમેશાં ઉત્તમ કક્ષા પર તો રહી જ.

જુદા જુદા રાજ્ય-કાળ દરમિયાન જુદી જુદી કળાઓ વિશેષ પોષણ પામી, અને પરાકાષ્ઠા પર પહોંચી- જેમકે, 'હાન'માં ચીની ચિત્ર-શૈલી; 'તાન્ગ'માં શિલ્પ; 'સૉન્ગ'માં સાહિત્ય તથા હાથીદાંત, તો 'મિન્ગ'માં 'પોર્સલેઈન ચાઈના.' સુરુચિ-સભર ચિત્રાકૃતિ અને ઘેરા, ગાઢ, સુંદર, તેજસ્વી રંગો પણ વિભિન્ન કળામાં એ વખતે પ્રવેશ પામ્યા. ચીનની લાક્ષણિક કળા - 'ક્લોઈસોને,' એટલે કે ધાતુ પર ખાસ પ્રકારના રંગો પૂરવાની કળા - પણ ત્યારે બેજિન્ગમાં વિકસાવવામાં આવી.

ચીનના અમારા પ્રવાસ દરમિયાન જ્યારે અમારા જૂથને 'ફ્રેન્ડશિપ સ્ટોર' કહેવાતી સરકારી દુકાનોમાં ખરીદી માટે લઈ જવામાં આવતું, ત્યારે દરેક જણ જાણે ઘેલું થઈ જતું! ચીજ-વસ્તુઓ હસ્ત-કળા, કાપડ, જાજમ વગેરેનું શું વૈવિધ્ય, શું સૌંદર્ય! હું તો જાણે રૂઢિવાદી,ને વધારે તો જોઈ જોઈને ખુશ થાઉં, પણ અમેરિકનો જે રીતે તૂટી પડતાં હતાં, તે પરથી મને થયું કે એને 'ખરીદી માટેનો પ્રવાસ' કહેવો જોઈએ! પણ અગણ્ય એ બધી ક્ષતિવિહીન, સુંદર સામગ્રી લોભનીય તો હતી જ.

જેમ દેશનો ઇતિહાસ એના જીવનનું વાજબીપણું પુરવાર કરે છે, તેમ ત્યાંની સર્જન-કળા પ્રજાના માનસનું પ્રતિબિંબ બને છે. છતાં, ચીનનો વિચાર કરતાં આ કથનમાં જરા કરુણતા ભળે છે, કારણ કે ઉચ્ચતમ નૈપુણ્ય મેળવ્યું, પણ મનને કલ્પના પ્રમાણે આવિષ્કૃતિ ત્યાંનાં સર્જકો ભાગ્યે જ મેળવી શક્યાં. સામ્યવાદી સરકાર તો એમ જ માનતી હતી કે કળા અને સાહિત્ય જનતા તેમજ ક્રાંતિને પોષવા માટે જ હોવાં જોઈએ. આ તો છેક ૧૯૪૯ પછીની વાત. સાવ નજીકનો ભૂતકાળ. પ્રાચીન કાળમાં વિદ્વાનો અને બુદ્ધિજીવીઓ સામાન્ય જનતાના જીવન પર અસર કરતા, જ્યારે ચીનની લોકક્રાંતિ પછી પ્રજા શાસક-વર્ગ બની, અને બુદ્ધિજીવીઓ તેમજ સર્જકો એ ક્રાંતિનું એક નિશાન બન્યા.

પ્રચારાત્મકતા પર જ ભાર રહ્યો - ખાસ કરીને, દૃશ્ય-શ્રાવ્ય માધ્યમમાં, સંગીત, નૃત્ય, નાટક, સિનેમા સીધી રીતે જનતા-જનાર્દન સુધી પહોંચતાં સંદેશાવાહક બન્યાં. અંતિમ રાજવંશ 'ચિન્ગ'ના સમયમાં સુચારુતાને રંગ-લાલિત્યનું સ્થાન બાહ્ય આડંબરને ભભકદાર રંગોએ લીધું. ભૂતકાળમાં હતાં તે મોહક સાદગી અને અકૃત્રિમતાને બદલે એક સર્વવ્યાપી સાધારણતાનો વ્યાપ ચીન પર પ્રસર્યો. શોચનીય પરિણામ એ છે કે સામ્યવાદી સરકારની અમાનુષી રીતિ-નીતિએ પ્રજાના સર્જન-તત્ત્વને એટલું હેરાન કર્યું કે આજ સુધી એ અમુક રીતે અપંગ રહ્યું છે.

આશા એ રાખવાની કે ભવિષ્યમાં એ મુક્ત થઈને મૌલિકતાના ગગનમાં વિહરે. □

લઘુકથા

તારીખ વગરનો કાગળ...

હરિત પંડ્યા

જૂન મહિનાની બપોર હતી. આકાશમાંથી ધગધગતું તાંબું જ વરસતું હતું. સોસાયટીમાં પ્રવેશતાં જ એણે એક બ્લૉક પાસે નાનકડું ટોળું જામેલું જોયું. બ્લૉક પાસે છાંયડો વેરતા એક વૃક્ષ નીચે ૧૬-૧૭ વર્ષનો એક છોકરો ઊંધા મોંએ ભોંય પર પડ્યો હતો. ટોળામાંનું એકાદ એના મોં પર પાણી છાંટતું હતું. બીજા એક ભાઈ છાપાથી એને હવા નાખીને ભાનમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. કદાચ તાપ અને ભૂખને લીધે બિચારાને ચક્કર આવી ગયાં હશે.

એકાદ અઠવાડિયા પર એ દૂરની સોસાયટીમાં રહેતા એના મિત્રને ત્યાં બપોરના ટાંણે ગયેલો ત્યારે આવો જ એક છોકરો માથું ફાટી જાય એવા તાપમાં ચકરી ખાઈને ભોંયે પટકાઈ પડેલો. એ સોસાયટીનાં રહીશો ભલાં, તે છોકરાને ઊંચકીને નજીકના બ્લૉકની લૉબીમાં લઈ જઈને સુવાડેલો, ને એને પાણી છાંટીને હોશમાં આણેલો. પછી પેટ ભરીને એને ખાવાનુંય આપેલું. લગીર સ્વસ્થ થયા પછી છોકરાએ એની વીતક કહી સંભળાવેલી.

એની માનો કાગળ આવેલો. એ મરણપથારીએ હતી. પડોશી પાસે કાગળ લખાવેલો. મા સુરત પાસેના ગામડામાં રહે. મા પાસે પહોંચવા એની પાસે ગાડીભાડાના પૈસા નો'તા. ભાડા જેટલા પૈસા રળવા એ મજૂરીની શોધમાં નીકળેલો. બે દિવસથી કશું ખાધેલું નહિ, તે બેભાન થઈ ગયેલો.

એની કથની સાંભળીને ત્યાં ઊભેલાં એક બહેનની આંખમાં ઝળઝળિયાં આવી ગયેલાં ને બ્લાઉઝના ખિસ્સામાંથી પાંચની નોટ કાઢીને એમણે છોકરાના હાથમાં મૂકી દીધેલી.

ખાતરી કરવા કોઈકે તો છોકરાના ખિસ્સામાંથી કાગળ લઈને વાંચ્યોય ખરો.

એણે પોતે પણ કાગળ પર નજર નાખી લીધેલી. કાગળમાં તારીખ લખવાની રહી ગયેલી.

પેલાં બહેનને પગલે પછી તો ત્યાં ઊભેલાં બીજાં બે-ત્રણ જણનાં હૈયાંય દ્રવી ગયેલાં. જોતજોતામાં તો ગાડીભાડા જેટલા પૈસા ભેગા થઈ ગયેલા.

એ બધા પૈસા ભેગા કરીને છોકરો એના ખિસ્સામાં સેરવતો હતો. ત્યાં કોઈક બોલી પડ્યું, 'એને સુરત સુધીની ટિકિટ કઢાવી આપો. નહિ તો માની ખબર લેવાની વાત બાજુએ રહેશે, ને ભાઈ ક્યાંક રમવા કે પીવા બેસી જશે. ભલું પૂછવું આ લોકોનું'.

એ સાંભળતાં જ છોકરાએ ફટ દઈને બધા પૈસા ખિસ્સામાંથી કાઢી બધાંની સામે મૂકી દીધા. એક સેવાભાવી પેલા છોકરાને સાઈકલ પર પાછળ બેસાડી રેલવે સ્ટેશને લઈ ગયો.

એ ઝાડ નીચે પડેલા છોકરા ભણી જોઈ રહ્યો. એનું હૈયું પણ કરુણાર્દ્ર થઈ ગયું.

'છોકરાને આપણી લૉબીમાં લઈ લો.' નજીક ઊભેલ યુવાનને સંબોધીને એણે કહ્યું. એ સાથે જ બે જુવાનિયાઓએ છોકરાને બાવડેથી ઝાલીને ઊભો કર્યો. એની નજર પેલા છોકરાના ચહેરા પર પડી. એ જ ટાંણે છોકરાથી પણ એની સામે જોવાઈ ગયું. તે જ ક્ષણે છોકરો ગડબડિયું ખાઈને એના પગમાં પડ્યો.

'સાહેબ મને મદદ કરો. હું મરી જઈશ, સાહેબ! સાહેબ, મારા પર દયા કરો.' કહેતાંકને છોકરાએ એના પગ પકડી લીધા. ને એવા દયામણા ચહેરે એના તરફ જોઈ રહ્યો કે કશુંક બોલવા તત્પર થયેલા એના હોઠ આપોઆપ જ બિડાઈ ગયા. એના એક શબ્દે આજુબાજુ ઊભેલા સૌ પેલા છોકરા પર તૂટી પડ્યા હોત, ને એને અધમૂઓ કરી મૂક્યો હોત.

પેલા બે જુવાનિયાઓએ છોકરાને ફરી ઊભો કર્યો ને એની લૉબીમાં સુવાડ્યો. એણે ઘરમાંથી થોડું ખાવાનું લાવીને છોકરાને આપ્યું. બે-ચાર જણે પૈસાય આપ્યા. છોકરો મોં નીચું રાખીને ખાતો હતો. એ દરમિયાન સૌ વિખરાઈ ગયાં. એટલે એણે છોકરાના ખિસ્સામાંથી કાગળ લઈને વાંચવા માંડ્યો. છોકરાએ ફટાફટ ખાવાનું પતાવ્યું.

'પણ પછી તેં પેલી સુરતની ટિકિટનું શું કરેલું?' એણે છોકરાને પૂછ્યું.

'એ તો, સાહેબ, તમારા જેવાને અડધી કિમ્મતે આપી દીધેલી.'

'સારું. તું જા અહીંથી ને ફરી આવું કરતો નહિ, હાં ને!'

'નહિ કરું સાહેબ!' ને છોકરો એને ફરી પગે લાગીને વિદાય થયો. છોકરો, માંડ બે-ચાર બ્લૉકે પહોંચ્યો હશે ત્યાં એ પાછો ફર્યો.

'કેમ 'લ્યા પાછો આવ્યો?'

'મારી માનો કાગળ સાહેબ તમારી પાસે જ રહી ગયેલો. તે લેવા' □

'કુમાર'ના ૧૯૯૬ના જાન્યુઆરીથી મે સુધીના અંકો સિલકમાં રહ્યા નથી, આથી નવા ગ્રાહકો જૂન ૧૯૯૬થી જ નોંધાશે તેની સહુએ નોંધ લેવી. ગ્રાહકોના સાનુકૂળ અભિગમ બદલ અમે આભારી છીએ. - તંત્રી

ઈતિહાસધારા

બંગાળના મુગલ સમ્રાટના સૂબા ઇબ્રાહીમખાને પોતાની સૂબાગીરી (ઈ. ૧૬૮૯-૯૭) દરમિયાન બર્દવાનના શોભાસિંહે ઉઠાવેલા બંડ સામે અંગ્રેજોની સહાય માગી, અને તેમને કિલ્લો બાંધવાની રજા આપી. પરિણામે ઈ. ૧૬૯૦માં મદ્રાસથી જોબ ચાર્નોક આવી પહોંચ્યો અને ગોવિંદપુર મુકામે કિલ્લાનું બાંધકામ શરૂ થયું. ઈ. ૧૬૯૩માં કલકત્તામાં ચાર્નોકના અવસાન બાદ ત્રણ વર્ષે કિલ્લાનું બાંધકામ પૂરું થયું અને તેને ઇંગ્લન્ડના રાજા વિલિયમ ત્રીજાના નામ પરથી ફોર્ટ વિલિયમ નામ આપવામાં આવ્યું. ફોર્ટ વિલિયમની પ્રથમ કાઉન્સિલનો પ્રમુખ અને ગવર્નર સર ચાર્લ્સ આયર હતો. કિલ્લાની લંબાઈ ૮૨૫ ફૂટ, પહોળાઈ ૭૧૦ ફૂટ અને તેની દીવાલો ૧૮ ફૂટ ઊંચી અને ૪ ફૂટ જાડી હતી.

લગભગ છ દાયકા બાદ બંગાળના નવાબ સિરાજુદ્દૌલાએ અંગ્રેજોની કપટજાળ છેદવા ફોર્ટ વિલિયમ પર હુમલો કરતાં ત્યારનો ગવર્નર રોજર ડ્રેક નાસી છૂટ્યો અને કાઉન્સિલના એક સભ્ય ઝેફેનિયા હોલવેલે કિલ્લાનો બચાવ હાથમાં લીધો. તે હારતાં સિરાજે તેને મજકૂર કિલ્લાની જ એક કેદકોટડીમાં પૂરી દીધો. 'કલકત્તાની કાળકોટડી'ની બનાવટ ઊભી કરનાર આ જ હોલવેલ.

સિરાજ કિલ્લાને ભાંગીતોડીને અને કેદી હોલવેલને સાથે લઈ મુર્શીદાબાદ ઊપડી ગયો, જ્યાં હોલવેલને છૂટો કરતાં તે ઇંગ્લન્ડ ઊપડી ગયો. એટલે કર્નલ રોબર્ટ ક્લાઈવે રીઅર એડમિરલ ચાર્લ્સ વૉટ્સન સાથે ફોર્ટ વિલિયમ ફરી પાછો જીતી લીધો. (તા. ૨જી જાન્યુઆરી, ૧૭૫૭) ક્લાઈવે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સૈન્યના સમાવેશ માટે ધ્વસ્ત દુર્ગમાં ઘણા સુધારા વધારા કર્યા. પલાશીના યુદ્ધ પછી આ સુધારાવધારા શરૂ થયા અને ૨૦ લાખ પૌન્ડના ખર્ચે ઈ. ૧૭૮૧માં પૂરા થયા. ફોર્ટ વિલિયમને બદલે પછી એસ્પ્લેનેડ મુકામે નવું સરકારી મકાન ઊભું કરવામાં આવ્યું, જ્યાં ઈ. ૧૮૦૩માં ગવર્નર-જનરલ વેલેસ્લીએ વાજતેગાજતે પ્રવેશ કર્યો.

બાંગ્લાદેશની મુક્તિ માટેના પાકિસ્તાન સામેના યુદ્ધનો આરંભ આ ઐતિહાસિક કિલ્લામાંથી જ લેફ. જનરલ જગજિતસિંહ અરોરાની સરદારી નીચે થયેલો અને પૂર્વ પાકિસ્તાનના વડા સેનાપતિ લેફ. જનરલ એ.એ.કે. નિઆઝીએ ઇ. ૧૯૭૧ના ડિસેમ્બરની ૧૬મીએ ઢાકા મુકામે લેફ. જનરલ જગજિતસિંહ અરોરાને શરણે આવતાં અરોરા 'શરણાગતિપત્ર' પર તેની સહી લેવા ફોર્ટ વિલિયમથી ઢાકા ઊપડી ગયેલા. □

— અશોક હર્ષ

પ્રસંગપરાગ

સમુદારતાનો સાક્ષાત્કાર

મુંબઈની વિલ્સન કૉલેજ. ત્રીજે માળે છેલ્લો મોટો વર્ગખંડ. બાજુમાં થઈને લૉબી પાછળ જાય. તે બાજુ પણ બારણું. તે પાછલી લૉબીની બીજી બાજુએ યુરોપિયન પ્રિન્સિપાલનો નિવાસ.

બેતાળીસની લડત હમણાં જ ગયેલી એટલે પ્રીવિઅસના, ગામેગામથી આવેલા તરુણોમાં હજી તેનો તરવરાટ. વળી, આ તો અંગ્રેજોની સંસ્થા છે એવી ગાંઠ પણ મનમાં હશે. એટલે બે તાસની વચમાં ધાંધલધમાલ ચાલ્યા કરે.

એક વાર આવા જ પ્રસંગે એક વિદ્યાર્થીએ ડાર્ટ ફેંક્યું, તે ટેબલમાં પેસી ગયું. બીજાએ તે એવી રીતે ખેંચ્યું કે તે ટેબલમાંથી મોટું ગાબડું પાડીને નીકળ્યું! તાળીઓ... સિસોટીઓ... પણ તે જ ક્ષણે પેલા વિદ્યાર્થીનો હાથ પકડ્યો પ્રિન્સિપાલ મેકેન્ઝીએ. તેઓ નિવાસમાંથી નીકળતાં વર્ગમાં ધમાલ જોઈ પાછલા બારણેથી આવી પહોંચેલા!

- ને વર્ગમાં સ્તબ્ધતા! સોપો પડી ગયો! અંગ્રેજ પ્રિન્સિપાલ હવે પેલાને ચોક્કસ બરતરફ કરશે!

પણ પ્રિન્સિપાલ મેકેન્ઝીસાહેબે - લાકડાનો કકડો ઉપાડી એટલું જ કહ્યું, 'શા માટે આમ કર્યું, દોસ્ત? આપણી કૉલેજને કેટલુ નુકસાન થયું? હવે આવું ન કરશો હો'. અને ડાર્ટ પેલા વિદ્યાર્થીને પાછું આપી, તેનો ખભો થાબડી ચાલ્યા ગયા!

આશ્ચર્યમુગ્ધ ટોળાની વચમાં ઊભેલા પેલા વિદ્યાર્થીના હાથમાં ડાર્ટ અને આંખમાં આંસુ હતાં! એના ને સૌનાં હૈયાંમાં શું હશે તે ખબર નથી, પણ તે પછીનાં એ કૉલેજમાંનાં ચાર વર્ષો દરમિયાન ઘણાં આંદોલનો આવ્યાં પણ કોઈએ કૉલેજનો એક કાચ તોડ્યો ન હતો! એટલું જ નહિ, આજ પર્યન્ત, જ્યારે જ્યારે કોઈ વિદ્યાર્થીને શિક્ષા કરવાનો પ્રસંગ આવ્યો છે ત્યારે પણ કઠોર થઈ શકાયું નથી! એવે પ્રસંગે હંમેશાં નજર સામે દેખાયા છે સ્મિત કરતા પ્રિન્સિપાલ ડૉ. મેકેન્ઝી.

ડૉક્ટર ઓફ ડિવિનિટી! 'ડિવિનિટી'નો કેવાં કેવાં રૂપે સાક્ષાત્કાર થાય છે!

- વિનોદ અધ્વર્યુ

ક્ષમાપના

ગતાંકમાં 'આપણા સ્વરકારો' લેખમાં સરતચૂકથી શીર્ષકમાં ભાઈલાલ બારોટને સ્થાને રસિકલાલ ભોજક છપાયું છે તે બદલ ક્ષમાપ્રાર્થી છીએ. - તંત્રી



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ [૨૨]

કનુભાઈ જાની

પ્રસંગ ને પ્રકાર પ્રવાસનો હોવાથી, ૧૯૩૩ના 'સોરઠને તીરે તીરે'નો વિચાર પણ અહીં જ કરી લઈએ. '...ખંડેરોમાં'નો પ્રવાસી જાણે કથા-ગીતનો જાણતલ હતો અને એમાંના પાત્ર-પ્રસંગોનું 'લોકાલ' જોવું હતું. ત્યાં વાચક પણ જાણે ગીતની પાંખે ઊડે છે ! અહીં '...તીરે તીરે'માં અભિગમ આખો બદલાઈ જાય છે. સંશોધક મેઘાણી સાગરજીવનમાં ડોકિયું કરવા, એનો અનુભવ લેવા ને એ વિષે જાણવા નીકળ્યા છે. એ લોકવિદ્યાના ('ફોકલોર' માટે 'લોકવિદ્યા' શબ્દ ઉમાશંકરે સ્થિર કર્યો એ પહેલાં મેઘાણીએ અહીં ને બીજે પણ પ્રસંગોપાત્ત એ વાપર્યો છે તે ભૂલવા જેવું નથી.), લોકજીવનના સંશોધક છે. ખારવાના જીવન સાથે સંકળાયેલી કેટલીયે બાબતો, આપણા જેવા સપાટ ભૂમિતળના રહેનારાંને જાણવા મળે છે. ખાસ કરીને એ જીવનમાં રહેલું જોખમ. મૃત્યુ તો પદે પદે! પ્રત્યેક સાગરખેડુ જાણે મરણખેડુ! અહીં મેઘાણીની કલમ કરુણાભીની થઈને દ્રવે છે. જોખમી જીવોનો આ ચાહક, ઘોઘા પગી, સામંત ટંડેલ, વશરામભાઈ - એ બધાનાં જીવન જાણવા ઉત્સુક છે. કેટલુંક તો એમને માટે પણ નવું છે. રાતે એમનું જ હોડકું તોફાનમાં સપડાય છે, ત્યારે આ શબ્દના સોદાગરનો જીવ પડીકે બંધાય છે :

> ' 'હે અલ્લા ! હે...અલ્લા !... હે...અલ્લા !' શ્વાસેશ્વાસે એ કરુણ રાગના અવાજ દેતા, બેઉ નાવિકો જહેમત કરતા હતા. સામે મોજાં ઘૂરકતાં હતાં. નીચે દાંતી દાંત ભરાવતી હતી. આઘે આઘે શિયાળ અને ચાંચની ધરતી કોઈ વિરાટ શબો જેવી સૂતી હતી. ભૂતના ભડકા કાઢતો કંદેલિયો (દીવાદાંડી) ચાંચને પાછલે છેડે હાંફતો હતો. કાળી રાત હતી, કાળાં નીર હતાં. ભેંસલો ખડક જાણે વાટ જોતો હતો કે ક્યારે મછવાના કટકા થાય!' (સંયુક્ત આવૃત્તિ; ૧૫૦)

એમાંથી તો ઊગર્યા. સંશોધકનો જીવ માંડ હેઠે બેઠો હતો ત્યાં પ્રભાતે હાજત લાગે છે!

> 'મછવાની અંદર સર્વત્ર નિરીક્ષણ કરી-કારવીને લાચાર મોંએ પૂછયું : 'ઘુઘાભાઈ, ઝાડે ફરવાનું શું સાધન છે આંહીં ?'
>
> ઘૂઘો પગી મૂંઝાયો; ઊભો થયો; 'જુવો સા'બ !' એમ કહેતો મછવાની પછવાડે ઊતર્યો. સુકાનનો ડાંડો બે હાથે ઝાલ્યો. સુકાનનો પાણીમાં રહેતો જે પંખાનો ભાગ, તેની ઉપર વાંદરાની પેઠે પગનાં આંગળાં ભરાવીને 'દસ્તઆસન' વાળ્યું. પછી બોલ્યો : 'અમે તો, ભાઈ, આ રીતે કળશીએ બેસીએ. બીજો ઉપાય ન મળે.' (૧૫૨)

ને આ સંશોધકે પણ એનું અનુકરણ કરી ચાલતે મછવે હાજત પતાવી. સંશોધન કપરું છે. કોઈ ટીકા-ટિપ્પણ વિના મૂકેલો આ અનુભવ, માત્ર વર્ણનદૃષ્ટિએ જ નહિ, સંશોધકે ક્યાં સુધીની તૈયારી રાખવી પડે એનું એક સારું દૃષ્ટાન્ત છે. પછી પીપાવાવ દેખાતાં, પીપાભગત યાદ આવે છે. કહે છે :

> 'પ્રેમીઓની દુનિયામાં ભટકતા પ્રેત સામે ભક્તની સૃષ્ટિનું કમાડ ખુલ્લું થાય છે.'

ધ્યાન ગયું પેલા 'પ્રેત' શબ્દ તરફ? કેને માટે વાપર્યો ? પોતાને માટે !! પ્રેમકથાઓનો ઇશ્ક! આગલી પ્રવાસકથાનો સંદર્ભ; ત્યાં પરિભ્રમણ પ્રેમીજનોની દુનિયાનું હતું. આવો એક શબ્દ, જરા જુદી રીતે, ઊંચેથી ઉચ્ચારાઈ, કાકુમય બને છે ! ને પછીની કથા કરુણામય ભૂમિકા ઊભી કરે છે. મૂળ ઉત્તર હિંદના કોઈ ગઢગાગરૌનના રાજવી, દેવીને ભરપૂર નૈવેદ્ય ધરે; એને એક વાર એની નિરર્થકતા સમજાઈ, કે તરત –

> સવા કળશીનો ખીચડો ને સવા માણાની શેવ,
> પીપે મારી પાટુએ ! તને દખ લાગ્યું કાંઈ, દેવ ?

જોગ લીધો. રાણીઓમાંથી એક સીતા જ સાથે આવ્યાં દ્વારકા તરફ. પછી? શ્રીમુખે સાંભળવાની મજા ઔર છે. (એટનબરોનું 'મહાત્મા'ચિત્ર જોયું હોય તો એકવસ્ત્રે એબ ઢાંકવા મથતી સ્ત્રી તરફ ગાંધી પોતાની પછેડી વહાવે છે એ દૃશ્યકાવ્ય યાદ આવશે !) પીપાભગત ને સીતા –

> 'સોરઠી રત્નાકરને તીરે, તીરે, તીરે; અનંતની ઝાલરી સાંભળતાં, સાંભળતાં, સાંભળતાં... કોડીનાર પંથકના કોઈ ઉમેજ નામે ગામમાં એક સંધ્યાએ પોરો ખાવા થોભ્યાં - કોઈ સેનભગત નામના ભાવિકને ઘેર. અતિથિઓ રોટલા ખાવા બેઠાં... ઘરમાં... ઘરવાળી દીઠામાં ન આવી. મહેમાનોએ રઢ લીધી કે જમીએ તો ચારે જણાં ભેળાં બેસીને. ઘરનો ધણી ઝંખવાણો પડી ગયો.
>
> 'ક્યાં છે ઘરનાં મૈયા ? સાંજરે તો દીઠાં હતાં ને, અત્યારે ક્યાં ગયાં?'
>
> ઘરધણી એ પ્રશ્નનો ઉત્તર ન દઈ શક્યો. હૈયું ભરાઈ આવ્યું. કંઈક ભેદ છે સમજીને સીતામૈયાએ ઘરમાં આંટો મારી શોધ કરી. ઘરધણિયાણીને દાણા ભરવાની ખાલી કોઠીમાં બેસી ગયેલી ભાળી; અંગે એક પણ લૂગડા વિના...
>
> 'ભાઈ! આ...શું...?'

'આજ ઘરમાં કશુંય અનાજ નહોતું... મારા ઉંબરની આબરૂની રખેવાળ... આણે સાડલો ઉતારી આપ્યો, તે વેપારીને હાટડે મૂકીને હું લોટદાળ લાવ્યો. બાઈએ... ઓરડો ઓઢીને રાંધણું કર્યું. તમને ખાવા બોલાવ્યાં એટલે એ પોતાની એબ સાચવવા કોઠીમાં ઊતરી.' (- ૧૫૭)

બોધ નથી; પણ કરુણાની કેળવણી માટે આવી કથા જ બસ નથી? મેઘાણી કતપરની ખારવણોનાં મીનોનેય શબ્દકળાના સંદર્ભમાં નહિ, જીવનના સંદર્ભમાં જુએ છે. લોકસાહિત્ય માટે તો એ જ ધોરણ સાચું - લોકજીવન. 'એ કાવ્યો નથી, જીવનની આરસીઓ છે.' (૧૭૮)

ઊંડી તળાવડીનો આરો !
માયાળુ રે, ઊંડી તળાવડીનો આરો !

શબ્દ કરતાં જીવન ઊંડું છે. માવો ને જેસો એ બે જુવાન ખારવાની જલસમાધિનું ગીત કે જુવાન પતિની જલસમાધિનું ગીત ગાતી કતપરની બહેનો -

આવ્યાં પીપેર નવલાં પાંદ
નગણગારો નાલિયો રે!

ગાઈ રહી ત્યારે આંખો છલકતી હતી, ને "મોં ઉપર દરિયાનાં મોજાં ફરી વળ્યાં હોય એવી ઝાંખપ હતી.' (૧૮૯) 'તેઓનાં એ આંસુમાં મારાં પણ બે આંસુ મિલાવીને મેં નવાં બેત્રણ ગીતો કઢાવવાનો હક્ક રજૂ કર્યો.' એમ પોતાનાં આંસુ પાછળની પ્રચ્છન્ન અપેક્ષા પાછળની સ્વાર્થી વૃત્તિને ટપારી લે છે! કારણ કે એમને, આવે જ એક ટાણે, સ્ત્રીઓનાં હૈયાં ખોલાવીને આવાં ગીતો કઢાવવાને પ્રસંગે, રામનારાયણ પાઠકે કાઢેલ એક ઉદ્ગાર યાદ આવે છે. :

'ઇઝ ઇટ નૉટ સમથિંગ લાઈક ડ્રૉઈંગ હર નેકિડ?' અનાવરિત દેહ આળેખવાનો જ આ ય એક પ્રયોગ ને? પોતે, આમ, પોતાને જ ટપારતા જાય છે; પણ કરુણા સાચા દિલની છે. એ જ એમને ગીતો અપાવે છે, જાણકારી ને જિજ્ઞાસા નહિ. પોતાના જીવન સાથે તન્મય થનાર કોક મળ્યાનો અહેસાસ થતાં દિલ આપોઆપ ખૂલે. દિલ વિનાના સંશોધકને કશું ન મળે. જ્ઞાન નહિ, પ્રેમ આગળ જીવન ઊઘડે છે.

એવો જીવનપ્રેમ જ રાષ્ટ્રપ્રેમનું રૂપ લે છે. સ્વાતંત્ર્ય, ત્યારનો આખા દેશનો પ્રશ્ન. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનો તો ઉદ્ભવ જ સ્વાતંત્ર્યની ઝંખનામાંથી. ૧૯૩૦ની સાલ બેસતાં જ સ્વાતંત્ર્યની લડત રાષ્ટ્રવ્યાપી બની. હવે ભાવનગર રહેવું શક્ય નહોતું. કૉંગ્રેસના લાહોર અધિવેશનમાં 'પૂર્ણ સ્વરાજ્ય' માટેની ઘોષણા થઈ ચૂકી હતી. 'સૌરાષ્ટ્ર' પત્રે આગેવાની લીધી હતી. રાણપુર રણપુર બન્યું હતું. તો, મેઘાણી એ મોરચે પહોંચી ગયા. જ્યાં જ્યાં લડત મુક્તિતણી, ત્યાં ત્યાં કમદ એનાં પડે! ' આગે કદમ, પાછાં જવા રસ્તો નથી.' હૈયેથી બુલંદ અવાજ ઊઠ્યા ને હવા ચેતનાસભર થઈ ગઈ :

'કંકુ ઘોળજો જી રે...!

ગાઓ બજાવો, યુદ્ધ જગવો, વાહ! ઘોર વધામણાં!' અને યુવાનોને યાદ આપી :

'લાત ખાવા તણા દિન હવે ચાલિયા!...

*

લોપવી સીમ, અણદીઠને દેખવું,
તાગવો અતલ દરિયાવ, તળિયે જવું;
ઘૂમવા દિગ્દિગંતો, શૂળી પર સૂવું,
આજ યૌવન ચહે એહ વિધ જીવવું.'
('તરુણોનું મનોરાજ્ય')

ને ત્યારના પ્રત્યેક તરુણ/યુવાનનું માથું ફેરવી નાખનાર પેલો પુકાર-પડકાર :

'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે;
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.'

'સિંધુડો'નાં આવાં ગીતો ચિત્તે ચિત્તે ચેતના ચાંપતાં હતાં. સરકાર આ શબ્દથી ભડકી. લાહોર કૉંગ્રેસમાં પૂર્ણ સ્વરાજ્યની રાષ્ટ્રએષણાને ૨૬મી જાન્યુઆરીને સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવવાનું એલાન - અપાયાં હતાં. ૩૦મીએ ગાંધીજીએ વાઈસરોય સમક્ષ અગિયાર માગણીઓ મૂકી હતી. જેમાંની એક મીઠાવેરાનાબૂદીની હતી. ૧૬મી ફેબ્રુઆરીએ સત્યાગ્રહની લડતનો ઠરાવ થયો. ૨૦મી-૨૧મીથી મેઘાણી મુંબઈ હતા. દસમી માર્ચે જેવા એ દમયંતીબહેનનાં માત-પિતાને મળવા ઘાટકોપર ગયા કે શ્રી રતિભાઈએ હાથમાં તાર પકડાવ્યો. એ મળતાં જ, તરત ટ્રેન પકડી અમદાવાદ પહોંચી જવાની સૂચના હતી. ટ્રેનને એક કલાકની જ વાર હતી. બધી વાત યુદ્ધને ધોરણે જ જાણે થતી હતી. મેઘાણી અગિયારમીએ સવારે અમદાવાદ ઊતર્યા. ૧૯૩૦ના માર્ચની બારમીએ દાંડીકૂચ આરંભાઈ, એના સાક્ષી બન્યા. સ્ત્રીઓ પણ બહાર પડી હતી! દમયન્તીબહેનને જણાવ્યું કે, 'જેનું અહોભાગ્ય હશે તે આ લડતમાં ભાગ લઈ શકશે.' (તા. ૧૧-૩-૩૦નો પત્ર)

તો, સામેથી દમયન્તીબહેને રાણપુરથી તરત પુછાવ્યું : 'મને પણ કામ કરવાની ઇચ્છા થાય છે. મને તમારી સાથે ત્યાં ન બોલાવો? મેં વાંચ્યું છે કે અમદાવાદની ઘણી સ્ત્રીઓ સત્યાગ્રહમાં ભાગ લેવા બહાર પડી છે. તો તેને માટે કઈ જાતની તાલીમની જરૂર છે તે જણાવશો. અત્યારે હું સાવ નિશ્ચિન્ત છું. માટે મારો કાર્યક્રમ જણાવશો.' (તા. ૧૨-૩-૧૯૩૦નો પત્ર). દાંડીકૂચ પહેલાં જ, સાતમી માર્ચે સરદારને પકડ્યા. અમૃતલાલ શેઠ પણ

પકડાયા; એટલે કકલભાઈએ અને મેઘાણીભાઈએ 'સૌરાષ્ટ્ર' સંભાળીને બેસી રહેવું એવું ઠરાવાયું હતું. પણ સત્યાગ્રહીઓનું ધ્યાન રાખવાની ફરજ હતી. સત્યાગ્રહીઓની ટુકડીઓને મળવા, પાનો ચઢાવવા મેઘાણીએ ઘૂમવા માંડ્યું. હવે તો 'સિંધુડો' સ્વયં ગાજતો થયો! ધોલેરા સત્યાગ્રહ ઊપડ્યો હતો.

બારમી માર્ચે, ૭૮ સાથીઓ સાથે, ૨૫ દિવસ પગપાળા કૂચ કરી, ૨૪૧ માઈલનું અંતર (સાબરમતી આશ્રમથી દાંડીનું) કાપી, છઠ્ઠી એપ્રિલે ગાંધીજી દાંડી પહોંચ્યા. ને અહીં એ દરમિયાન સરકારે મેઘાણીનું 'સિંધુડો' જપ્ત કર્યું પાંચમીએ. એની પ્રથમાવૃત્તિની મોટા ભાગની નકલો તો ચપોચપ ઊપડી ગયેલી. છતાં સરકારે જેવું જપ્ત કર્યું ને પ્રતિબંધ મૂક્યો કે રાતોરાત રતુભાઈ અદાણીના સુંદર હસ્તાક્ષરમાં એની નકલ થઈ, ને ભાવનગરના એક મકાનના ભોંયરામાં એની પાંચ હજાર સાઈક્લોસ્ટાઈલ્ડ નકલો ઊતરી ને બીજે દિ' તો ઠેર ઠેર એ ફેલાઈ ગઈ! સરકારી ફરમાનનાં ચીંથરાં ઊડ્યાં!

એની મૂળ કાનૂનભંગ-આવૃત્તિ અને તે પછીની ૧૯૮૦ની સુવર્ણજયન્તી આવૃત્તિ બે વચ્ચે એવો ફેર છે કે મૂંઝવણમાં મુકાવાય. ઇતિહાસ સર્જનાર પેલી પહેલી આવૃત્તિ તો, હવે જ્યારે, ઉપલબ્ધ નથી, અને આ ૧૯૮૭ની સહજ રીતે મળે છે, ત્યારે, મારી જેમ કેટલાયને કદાચ મૂંઝવણ થઈ હશે કે ૧૯૩૦માં જપ્ત થયેલી આવૃત્તિની આ પુનરાવૃત્તિ હોય તો (એમાં એમ ન હોવાનો ક્યાંય ખુલાસો ન હોવાથી) આમાં ૧૯૩૦ની એપ્રિલની છઠ્ઠી પછીની અને ૧૯૩૧ની રચનાઓ શાથી? વળી 'ક્રમ'માં બતાવેલું 'ઝંખના' કાવ્ય તો પુસ્તિકામાં નથી! એ ઇતિહાસસર્જક પુસ્તિકાને મૂળ મુજબની જ રહેવા દીધી હોત તો સારું હતું.

ખેર! 'સિંધુડો' જેમ જપ્ત થયો તેમ, પછી તો, એ પછી ૨૧મે દિવસે (૨૭મી એપ્રિલ ૧૯૩૦) મેઘાણીને પણ પકડ્યા. (ઉમાશંકર લખે છે 'સત્યાગ્રહ શરૂ થયા પછી ૨૧મા દિવસે' એ ચોખ્ખી સરતચૂક છે. જુઓ 'મે. સ્મરણમૂર્તિ' પૃ. ૭૨) મેઘાણી સત્યાગ્રહીઓને મળવા બરવાળે ગયેલા; મળીને છૂટા પડવા જતા હતા ત્યાં ઇન્સ્પેક્ટર પઠાણે આવી, હાથ મિલાવી, કહ્યું : 'તમને ૧૧૭ મુજબ ગિરફતાર કરું છું.' મેઘાણે કહે, 'થેન્ક યૂ.' ધંધુકાની, ઇસાનીની કોર્ટમાં ૨૮મીએ કેસ ચાલ્યો. સમગ્ર રાણપુરે હડતાળ પાડેલી, ને કોર્ટમાં તો માણસ માય નહિ. ધોળીમા ને દમયન્તીબહેન પણ હતાં. આરોપ જમાદારે મૂક્યો : ૨૫મી એપ્રિલે મેઘાણીએ બરવાળાની એક જંગી સભા આગળ હિંસા-ઉત્તેજક ભાષણ કર્યું, સરકારને ધોઘળે બેસી લોહી પીવા લોકને જણાવ્યું! બચાવની મેઘાણીએ ના પાડી : 'તમારા ન્યાયતંત્રમાં મને લગીરે ઇતબાર નથી' એવી સ્પષ્ટતા પછી, વ્યંગ કર્યો : 'બરવાળામાં મારી જિંદગીમાં મેં જે ભાષણ કદી કર્યું નથી, એ ભાષણ ઉપજાવી કાઢવા અને એ ભાષણની કીર્તિ મને આપવાની જે સમર્થ શક્તિ પોલીસ ધરાવે છે તેમને મારાં અભિનંદન! જાહેરને એ જાણીને રમૂજ થશે કે જે દિવસે અને જે કલાકે મેં બરવાળામાં ભાષણ કર્યાનું તહોમત મુકાય છે એ દિવસે અને એ કલાકે તો હું રાણપુરમાં મારા ઘરમાં ઘસઘસાટ ઊંઘતો હતો.' ('મે. સ્મ.મૂ' ૭૨ ઉમાશંકર) વિશેષ કાંઈ કહેવાનું જજે પૂછતાં કહે, 'અનુમતિ હોય તો એક પ્રાર્થના-ગીત ગાઉં.' ને એ મળતાં જ લલકાર્યું :

'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ!...'

ગીત આગળ વધતું ગયું તેમ કોર્ટરૂમમાં હીબકાં સંભળાવા લાગ્યાં! ગાન થંભ્યા પછી જાણે સોપો પડી ગયો! ઇસાનીની આંખો પણ ભીની હતી. છતાં ફેંસલો ફરમાવ્યો : બે વર્ષની સાદી કેદ; સાહિત્યની એમની સિદ્ધિઓ જોતાં 'અ' વર્ગની ભલામણ ને દમયન્તીબહેન ગર્જ્યાં : 'ઇન્કિલાબ ઝિન્દાબાદ!' અક્ષત-કુંકુમે વધાવી, સૂતરની આંટી પહેરાવી પતિને વધાવ્યા! વળાવ્યા! ત્યારે ધોળીમાએ માથે હાથ મૂક્યો.

મેઘાણીને સાબરમતી જેલમાં મૂક્યા. ૫-૫-૧૯૩૦ની સવારે કરાડીમાંથી ગાંધીજીની ધરપકડ થઈ; તેની આગલી રાત્રે વાઈસરોય લૉર્ડ અરવિનને એમણે જે પત્ર લખ્યો એમાં સરકારી જૂઠાણાંના એક દૃષ્ટાંત તરીકે, જે દિવસે ને કલાકે મેઘાણીને માથે ભાષણનો આરોપ મુકાયો ત્યારે તો તે ઘરમાં સૂતા હતા તે પણ જણાવ્યું : 'but those falsehoods are mere samples of what people know is going on in every day contact with the Government. Only the other day, a Gujarati poet, a brave man, was convicted on Periude official evidence inspite of his emphatic statement that at the time mentioned he was sleeping soundly in another place' ('લિ....' ૧૨૮) (ક્રમશઃ)

સ્થાનસમર્પિત યોજના

'કુમાર'ને આર્થિક રીતે સહાયભૂત થઈ શકાય એ માટે સ્થાનસમર્પિત યોજના અમલમાં છે. આ માટે આપ આપને મનપસંદ કાવ્ય કે ગદ્યકંડિકા પસંદ કરીને મોકલી આપી શકો છો, અથવા અમે પણ આપના વતી પસંદ કરીશું. આ માટે અર્ધા પાનાનો દર રૂપિયા ૫૦૦ છે અને આખા પાનાનો દર રૂપિયા ૯૦૦ રાખવામાં આવ્યો છે.


અતીતમાં અવગાહન

દીવાદાંડી

દીવાદાંડીનો દીવો એટલે અંદર બળતો મૂળ ખરો દીવો, ઉપરાંત, તેના પ્રકાશને પરાવર્તિત કરતું, અમુક ચોક્કસ ગણતરીએ મૂકેલી ત્રિપાર્શ્વ કાચની સળીઓનું પાંજરા જેવું માળખું. એ બંને મળી એ દીવો થાય.

અંદર બળતો દીવો તેલ, ગૅસ કે વીજળી, ગમે તેનો હોઈ શકે. તેના પ્રકાશને ત્રિપાર્શ્વ કાચનું માળખું પરાવર્તિત કરી મૂળ દીવા કરતાં અનેકગણું પ્રકાશિત એક બિંબ રચે છે. માઈલો દૂરથી દેખાતો દીવાદાંડીનો પ્રકાશ તે આ બિંબ જ. કેટલીક દીવાદાંડીઓમાં દીવા સહિતનું આ આખું માળખું ફરતું રહે છે. આ આવરણમાં બારીઓ હોય છે. જે દિશામાં એ બારી જાય એ તરફથી પ્રકાશ બહાર ફેંકાય છે.

આ પ્રકાશબિંબ એકધારું ચારે તરફ કે એક દિશામાં ન ફેંકાતાં અમુક ચોક્કસ સમયના અંતરે રહી રહીને બહાર પડે તેવી દીવાદાંડીમાં યાંત્રિક રચના હોય છે. આ રચના પ્રત્યેક દીવાદાંડીમાં અલગ અલગ હોય છે, એટલે અંધારી રાત્રે પણ માઈલો દૂરથી ચોક્કસ રીતે થતા ઝબકારા જોઈ જહાજ સમજી જાય છે કે એ કઈ દીવાદાંડી છે.



દીવાને નિશ્ચિત કરેલી આ ગતિએ ફરતો રાખવા ઘડિયાળ જેવા યંત્રની વ્યવસ્થા હોય છે અને વજનના બળે ચાલતાં આ યંત્રોને ફરી 'ચાવી આપવાની' થાય ત્યારે તેની આપોઆપ જાણ થાય તેવી ગોઠવણ હોય છે. ફરતા દીવાને ઘસારો ન લાગે તેટલા સારુ તેને પારા પર તરતો રખાય છે. દીવાના રક્ષણ સારુ જાડા કાચની દીવાલ અને તેની ચોમેર પાછી લોખંડી જાળી પણ હોય છે. વળી તોફાનમાં આકાશી વીજળી સામે રક્ષણ મેળવવા જમીનમાં ઉતારેલી તાંબાની પટ્ટીનો છેડો પણ દીવાદાંડીની ટોચે જોવા મળે છે. દીવાદાંડીના આ દીવાનું કદ સોળસોળ ફૂટના વ્યાસ જેટલું તોતિંગ હોઈ શકે. □

તમાકુ

અમેરિકાની વતની આ વનસ્પતિ સ્પેનને માર્ગે યુરોપમાં ગઈ, જ્યાંથી દુનિયાભરમાં એ પ્રસરી. બે સદી પહેલાંની 'ફૅશન' તમાકુ (તપખીર) સૂંઘવાની હતી;, આજે એનું સ્થાન (સિગારેટ) ફૂંકવાએ લીધું છે.

હિંદુસ્તાનમાં સૌપ્રથમ ફિરંગીઓ તમાકુ લાવ્યા. હિન્દમાં સૌ પ્રથમ અકબર પાસે જ્યારે એ રજૂ થઈ ત્યારે દરબારી હકીમોની ના છતાં બાદશાહે નવીનતા ખાતર એને સ્વીકારી. પણ પછી તો એક બૂરી લતના રૂપે એ એટલી પ્રસરી ગઈ કે થોડાં જ વર્ષો પછી જહાંગીરને એના ઉપયોગ સામે પ્રતિબંધો ફરમાવવા પડ્યા. લાહોરમાં ધૂમ્રપાન કરનારના હોઠ કાપી નંખાતા; કાળું મોં કરી ગધેડે બેસાડીને ફેરવવાની સજા પણ કેટલેક ઠેકાણે થતી. રશિયામાં પણ ધૂમ્રપાન માટે કાન કાપી નાખતા. જોકે આરંભના કાળમાં તો એ કોઈ મહારોગશામક શક્તિ મનાઈને 'દૈવી વનસ્પતિ' તરીકે પણ બિરદાવાએલી.

તમાકુ, એ બટાટા-ટમાટાના વર્ગની વનસ્પતિ છે. આપણા દેશમાં કરવુની, ગાજરૂની, તૂની, તીસી, બલ્ખી, મુલતાની, અમાનતખાની, બનારસી, સુરતી, ખાનદેશી, ઈલાએચી વગેરે એની અનેક જાત ઊગે છે. ચરોતરની તમાકુ બધીમાં શ્રેષ્ઠ ગણાય છે. આપણે ત્યાં એનાં પાન દોઢેક ફૂટનાં, પણ વિલાયતમાં તો કેટલીક જાતમાં ત્રણત્રણ ફૂટનાં પાન ઊગે છે. પણ એનાં બી જુઓ તો તદ્દન ઝીણાં.

ધૂમ્રપાનમાં, સૂંઘવામાં, દાંતે ઘસવામાં અને મુખવાસ સાથે યા એમ ને એમ ખાવામાં આવતું એ વ્યસન જગવ્યાપી છે એ તો જાણીતી બીના છે. પણ ઔષધ તરીકે પણ તેના ઉપયોગો છે. શંકરદાજી પદે તમાકુને કફ, ઉધરસ, દમ, વાયુ, કૃમિ, દંતરોગ, શુક્રરોગ, દષ્ટિરોગ, લીખ, જૂ, વીંછીનું વિષ તથા સોજાનો નાશ કરનારી ગણે છે. તમાકુનું ચૂર્ણ ચાઠામાં ભરવાથી જાનવરોના કીડા દૂર થાય છે. મધમાખી વગેરેના ડંખ ઉપર છીંકણી કે તમાકુની ભૂકી લગાડવી. આધાશીશી ઉપર પાણીમાં તમાકુ નાખી વસ્ત્રગાળ કરી તેનાં બે ટીપાં નાકમાં પાડવાં ને તાળવે એ પાણી ચોળવું. વીંછીના ડંખ ઉપર તમાકુ પીવાની ચલમમાંનો કીલ, ખાવાના પાનના બીડામાં આપવો. માથામાં જૂ પડી હોય તો તમાકુ પાણીમાં મેળવી, એ પાણી માથે ચોપડી ઉપર પાટો બાંધી રાખવો. બે પ્રહર પછી એ છોડી નાખી અરીઠાનાં ફીણથી માથું ધોઈ નાખવું.

પરંતુ ઔષધીય ગુણ તો બીજા પણ કેટલાંક ઝેરમાં હોય છે, પણ એથી આપણે એનો કૈં રોજિંદો ઉપયોગ કરતા નથી. તમાકુ પણ એ રીતે વર્જ્ય જ છે. □

કલાવાર્તા



જલરંગી ભૂદૃશ્યોના સર્જક
નટુ પરીખ

તાજેતરમાં અમદાવાદમાં એલિસબ્રિજ ખાતે આવેલી 'રવિશંકર રાવળ આર્ટ ગેલરીમાં ૨૧થી ૨૭ એપ્રિલ દરમિયાન સુંદર જલરંગી ભૂદૃશ્યો (લૅન્ડસ્કેપ્સ)નો એક વન મૅન શો યોજાઈ ગયો. એમાં બે-ચાર સુંદર સ્કેચ પણ હતાં. પરન્તુ આ પ્રદર્શનનું આકર્ષણ તો વિવિધ માપનાં અને વિવિધ વિષયોસ્થળોનાં જલરંગી ભૂદૃશ્યો જ.



નટુ પરીખનો એક ધારદાર સ્કેચ



જૂનાગઢનો કિલ્લો


ગુજરાત યુનિવર્સિટીના સ્નાતક નટુભાઈ પરીખે રસિકલાલ પરીખ, બેન્દ્રે આદિ પાસે ચિત્રકલાની તાલીમ લીધી છે. આરંભમાં રવિશંકર રાવળનું પણ દિશાસૂચન ખરું. એ દિશાસૂચન એમને આબેહૂબ પોર્ટ્રેટ તૈયાર કરવામાં ઉપયોગી નીવડ્યું છે. એમણે પ્રોફેસર વી. આર. આંબેરકરના માર્ગદર્શનથી 'ક્રિટિસિઝમ'ના વિષયમાં મ.સ. યુનિવર્સિટી, વડોદરામાંથી એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. ૧૯૬૪થી ૧૯૯૧ સુધી એમણે અમદાવાદના શેટ ચી.ન. કલામહાવિદ્યાલયમાં કલાશિક્ષક તરીકે સેવાઓ આપી ત્યાંથી જ નિવૃત્ત થયા. વિદ્યાર્થીઓના તે પ્રિય શિક્ષક. આ વ્યવસાય નિમિત્તે વિવિધ કલાશૈલીઓનું પરિશીલન કરવાનો એમને મોકો મળ્યો અને તેના પરિપાક રૂપે કેટલાક લઘુ લેખો પણ આપ્યા, જેમાં એમની કલાસૂઝ પ્રકટ થાય છે. નિવૃત્ત થયા પછી આજે ૬૫ વટાવી ગયા છતાં રંગરેખા અને પીંછી સાથે કલાકારની મસ્તીથી જીવે છે.

એમનાં જલરંગી ભૂદૃશ્યોમાં રંગોનું વૈવિધ્ય તો છે જ, પણ એક રંગની વિવિધ છાયાઓ પણ તે આબાદ ઉપસાવી શકે છે. આ અંકના બીજા પૂઠા પર આપેલું તેમનું ચિત્ર આ વાતની ગવાહી પૂરશે. તેઓ રંગના લસરકા કે વ્યવસ્થિત રંગપૂરણી બન્ને શૈલીએ કામ કરે છે, અને સફળતાથી કામ કરે છે. એમાં

પ્રકૃતિનો અને પરંપરાગત ગામશેરી પ્રત્યેનો તેમનો કાવ્યાત્મક અનુરાગ માણી શકાય છે. ભારતના વિવિધ ભાગની - પહાડ, સાગર, મેદાન વગેરેની પ્રકૃતિરમણાને તેમજ વિવિધ પ્રહરોની પ્રકૃતિને એમણે જલરંગોમાં સરસ રીતે ઝીલી છે. એમાં જાણે કોઈ સાચ્ચું ભૂદૃશ્ય તમે જોતા હો તેવો અનુભવ થાય છે. બારીક રેખાઓ, આછાગાઢા રંગો, રંગમિશ્રણો વગેરે એમનાં આ પ્રકારનાં જલરંગી ચિત્રોને તાદૃશ બનાવે છે. ચિત્રો જોતાં પીછી પરના એમના અસાધારણ કાબૂની પ્રતીતિ થયા વગર રહેશે નહિ. એમનાં ચિત્રોમાં રંગો અને પ્રાકૃતિક આકારોની લયમાધુરી આસ્વાદી શકાય છે. એમને એમની કલાસિદ્ધિ માટે માર્ચ ૧૯૯૬માં 'ઑલ ઇન્ડિયા આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટસ સોસાયટી' (AIFACS) તરફથી રજતપ્લૅન્ક, શાલ અને રોકડ પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતા. તેમને લલિતકલા અકાદમી તથા મૈસુર દશેરા પ્રદર્શન તરફથી પણ પુરસ્કારો પ્રાપ્ત થયા છે. ૧૯૭૨ અને ૧૯૯૪માં મુંબઈની જહાંગીર આર્ટ ગૅલરીમાં, ૧૯૭૯, '૮૪ અને '૮૭માં અમદાવાદની કૉન્ટેમ્પોરરિ આર્ટ ગૅલરીમાં, ૧૯૯૪માં ભાવનગરના સરદાર સ્મૃતિ ભવનમાં એમના વન મૅન શો યોજાઈ ચૂક્યા છે. નટુભાઈ પાસેથી કલામીમાંસાના એકાદ સુંદર પુસ્તકની કોઈપણ કલાર્થીની અપેક્ષા અસહજ નહિ ગણાય. - પી. પ.

ઉપર (ડાબી બાજુથી) • આબુનું દૃશ્ય,
સાપુતારાની સૌંદયશ્રી
નીચે (ડાબી બાજુથી) • દીવનો દરિયાકિનારો,
આબુના બસસ્ટૅન્ડ પાસેનું પ્રાકૃતિક દૃશ્ય









અડકો દડકો

બે બહેનપણીઓ

— કનુભાઈ જાની —

એક હતી ઉંદરડી અને એક હતી બિલાડી. ઉંદરડી તો બિલાડીથી બહુ બીવે. એક દિવસ બિલાડી કહે, 'ઉંદરડીબહેન, ઉંદરડીબહેન! કેમ તમે મારાથી નાસતાં ફરો છો?'

'તમે અમને ખાઈ જાવ.'

'અરે, એવું તે કાંઈ થાય? બીજી બિલાડીઓ એવું કરતી હશે. હું તો ના કરું. હું તો સૌને પ્રેમ કરું.'

પછી તો બન્ને વચ્ચે દોસ્તી બંધાઈ. સાથે ફરવા જાય, ખાવાનું લઈ આવે, સાથે ખાય. પાક્કી બહેનપણીઓ થઈ. બિલાડીનું નામ ભૂરી. પણ ઉંદરડીને કોઈએ નામ નહિ આપેલું. કોણ આપે? પાળે તો આપે ને? ઉંદરડી કહે, 'મારું નામ ભૂરી, તો તારું નામ પૂરી!' પૂરી કહે, 'ભલે.'

એક દિવસ ભૂરી કહે, 'હેં પૂરી! આ ઉનાળામાં ને ચોમાસામાં તો આપણને ખાવાનું મળી રહે છે. પણ શિયાળામાં કડકડતી ટાઢ પડશે ત્યારે શું કરશું?' પૂરી કહે, 'શિયાળા માટે તો ખાવાનું કોઈક ખૂણામાં સંઘરી રાખવું પડે. નહિ તો મારા દરમાં.'

'પૂરીબહેન! તમારે તો જરાક ખાવા જોઈએ. એટલે, ખૂણામાં કે દરમાં રાખો તો ચાલે. પણ મારું શું?'

'આવજો ને મારા દરમાં.'

'તમારું દર તો સાવ નાનું! હું તો પેસી જ ન શકું ને! એમ કરીએ : ક્યાંક ડબ્બો પડ્યો હોય તો એમાં સંતાડીને રાખીએ.' 'ડબ્બો તો...' પૂરીને યાદ આવ્યું. કહે, 'પેલું શંકરનું મંદિર છે ને? - એના ખૂણામાં એક ખાલી ડબ્બો પડ્યો છે. મહીં થોડુંક ઘી હતું તે હું ચાટી ગઈ. એટલે પૂજારી નવો ડબ્બો લાવ્યો, ને જૂનો પડ્યો છે.'

'તો એમાં આપણે થોડી થોડી દૂધની તર રોજ મૂકવી. ડબ્બો ભરાઈ જાય એટલે બંધ કરીને સંતાડી દેવો.'

'પણ એ બગડશે નહિ?'

'બગડીને થશે દહીં જેવું, ને પછી માખણ!'

'કેવી મજા!' એ તો ગાવા લાગ્યાં :-

મ્યાંઉ મ્યાઉં માખણ
ને ચૂં ચૂં માખણ!
મ્યાઉં મ્યાઉં માખણ
ને ખાઉં ખાઉં માખણ!
ધોળું ધમરખ માખણ
ને લીસ્સું લસરક માખણ!

પછી તો રોજ થોડી થોડી તર બન્ને એમાં મૂકી આવે. એમ કરતાં કરતાં ડબ્બો તો ભરાઈ ગયો! એટલે એક અંધારિયા ખૂણામાં, કોઈ દેખે નહિ એમ, મૂકી દીધો.

ભૂરીને તો તર બહુ ભાવે. રોજ એને ખાવાની ઈચ્છા થાય. એક દિવસ કહે, 'પૂરીબહેન, પૂરીબહેન! મારી મોટીબહેનને ભાણો આવ્યો છે તે મારે એને રમાડવા જવું પડશે. હું આજ આખો દી બહાર હોઈશ. રાત્રે આવીશ.' પૂરી કહે, 'ભલે. તમે તો માશીબા થયાં! જવું જ જોઈએ.'

ભૂરી તો છાનીમાની પહોંચી શંકરને મંદિરે. પેલા ડબ્બામાંથી ઉપર-ઉપરની તર ખાઈ ગઈ. પછી એક ખૂણે સૂઈ ગઈ. રાત પડ્યે આવી. પૂરીએ પૂછ્યું, 'ભૂરીબહેન! જઈ આવ્યાં? ભાણો રમાડી આવ્યાં?'

'હા... બહુ સુંદર છે.
લિસ્સો લિસ્સો માખણ જેવો
સફેદ, ગોરો વાન;
જીભે ચાટી ચાટી મેં તો
વ્હાલ કર્યું મસ્તાન!'

'કરો જ ને! તમે તો માશીબા થયાં! એનું નામ શું પાડ્યું છે?'

'ઉપલક ઉપલક.'

'વાહ! નવું જ નામ છે.'

વળી, એક દહાડો કહે: 'આજ તો મારી વચલી બહેનને ભાણો આવ્યો છે તે રમાડવા જાઉં છું. રાત્રે આવીશ.'

પૂરે કહે, 'ભલે. તમે તો માશીબા થયાં! જવું જ જોઈએ.'

ભૂરી તો છાનીમાની પહોંચી શંકરને મંદિરે. પેલા ડબ્બામાંથી વચલો ભાગ ખાઈ ગઈ. પછી એક ખૂણે સૂઈ ગઈ. રાત પડ્યે આવી. પૂરીએ પૂછ્યું, 'ભૂરીબહેન! જઈ આવ્યાં? ભાણો રમાડી આવ્યાં?'

'હા... બહુ સુંદર છે.
લિસ્સો લિસ્સો માખણ-ગોટો
ગોરો ગોરો વાન;
ચાટી ચાટી મેં તો એને
વ્હાલ કર્યું મસ્તાન!'

'કરો જ ને! તમે તો માશીબ થયાં! એનું નામ શું પાડ્યું છે?'

'વચલક વચલક'

'વાહ! નવું જ નામ છે.'

વળી ત્રીજી વાર ગયાં; અને નામ પૂછ્યું ત્યારે કહે, 'સફાચટ સફાચટ!'

પૂરી નાની હતી, પણ બહુ બુદ્ધિશાળી હતી. એને આ નામમાં કાંઈક ભેદ લાગ્યો. ઉપલક, વચલક, ને સફાચટ! એને થયું પેલો ડબ્બો જોવો પડશે. જોવા ગઈ તો મહીં કંઈ ન મળે! એ તો મોડી મોડી આવી.

ભૂરી કહે, 'ક્યાં ગયાં હતાં?'

પૂરી કહે, 'મારી બહેનને દીકરી આવી'તી, એને રમાડવા.'

'કેવી છે દીકરી?'

'ચું-ચું ચમકતી ખાલી ડબ્બી
દડતી દડતી જાય;
મ્યાઉં-માશી ભાળે ત્યાં તો
રફફુચક્કર થાય.'

'શું નામ પાડ્યું?'

'રફફુચક્કર!' કહીને એ તો છૂ! બિલ્લીએ તરાપ તો મારી પણ પકડાય એ બીજા!* (* એક યુરપીય લોકકથાને ઈશારે.)

કબ્રસ્તાનનો ભેદ

મૂ.લે. સત્યજિત રાય
અનુવાદ : સુકન્યા ઝવેરી

ત્રણે જણ અંદર પેઠા. એક મધ્યમ કદનો બેઠક ખંડ. બારણાની સામેની બાજુ એક સૉફા, એના કવરનું કપડું ત્રણ જગ્યાએથી ફાટી ગયું હોવાથી અંદરથી નારિયેળની કાથી બહાર નીકળી આવી હતી. સૉફાની આગળ સફેદ આરસનું ટેબલ; અત્યારે સફેદ કહેવું એ ખોટું કહેવાય, પણ એક જમાનામાં એ સફેદ જ હશે. ડાબી તરફ એક કાળો જૂનો બુક-કેસ. તેમાં માંડ પંદરેક પુરાણી ચોપડીઓ. બુક-કેસની ઉપર એક પિત્તળની ફૂલદાનીમાં ધૂળ જામેલાં પ્લાસ્ટિકનાં ફૂલો. એ ફૂલોનો રંગ કેવો હશે એ ધારવો કે કળવો અશક્ય. ભીંત પર એક ફ્રેમમાં મઢેલો ફોટો ટીંગાડ્યો હતો, એ ઘોડો પણ હોઈ શકે, રેલગાડી પણ હોઈ શકે, એટલી ધૂળ જમી હતી એના કાચ પર. જે ફિલિપ્સ રેડિયો સૉફા પાસેના ટેબલ પર મૂક્યો હતો એનું મોડેલ ફેલુદાના જન્મથી ચોક્કસ પહેલાંનું હતું. પણ આશ્ચર્ય એ હતું કે હજુ ચાલતો હતો, કારણ એમાંથી જ ગીતનો અવાજ આવતો હતો. એવામાં નસો દેખાતા ફિક્કા હાથે નૉબ ફેરવી રેડિયો બંધ કર્યો. જેનો હાથ હતો તેઓ સૉફાના એક ખૂણામાં એક તકિયો ખોળામાં લઈ ડાબો પગ એક મૂડા પર મૂકી બેઠા બેઠા આંખો પટપટાવી અમારી તરફ જોતા હતા. એમના શરીરમાં ગોરાસાહેબનું લોહી હતું એ એમની ચામડીના રંગ પરથી વર્તાતું હતું, અને વાળ જે પાક્યા નહોતા તે બધા બ્રાઉન કથાઈ રંગના હતા. એમની આંખો કેવી હતી તે સમજાતું નહોતું કેમ કે છત પરથી લટકતી જે બત્તી સળગતી હતી એના બલ્બનો પાવર પચીસથી વધારે નહોતો.

'મને ગાઉટની બીમારી છે, તેથી હરીફરી નથી શકતો.' સાહેબ અંગ્રેજીમાં બોલ્યા. 'આઈ હેવ ટુ ટેક ધ હેલ્પ ઑફ માઈ સર્વન્ટ. અને એ સુવ્વર જરાક ફુરસદ મળે કે ક્યાં ભાગી જાય.'

ફેલુદાએ એ પછી પરિચયની વિધિ પતાવી લીધી. સજ્જનને અમારું આગમન ન પણ ગમ્યું હોય પરન્તુ એ એમણે જણાવ્યું નહિ. ફેલુદા કામની વાત પર આવ્યો.

'હું એક ખબર જાણવા આવ્યો છું. તમે શું ટૉમસ ગોડવીનના કુટુંબી છો જે ઓગણીસ સદીની શરૂઆતમાં ભારત આવ્યા હતા?'

સાહેબે માથું જરાક વધુ ઊંચું કર્યું. ત્યારે ખબર પડી કે આંખો માંજરી અને નિસ્તેજ છે. થોડીવાર એકીટશે ફેલુદા ભણી તાકી રહ્યા પછી બોલ્યાં : 'નાઉ હાઉ ધ હેલ ડિડ યૂ નો અબાઉટ માઈ ગ્રેટ ગ્રેટ ગ્રાન્ડ ફાધર?'

'તો પછી મારું અનુમાન ઠીક છે ને?'

'એટલું જ નહિ, મારી પાસે એવી એક વસ્તુ છે જે ખુદ ટૉમસ ગોડવીનની નિજી સંપત્તિ છે. કમસેકમ મારી દાદીમા તો એવું કહેતાં હતાં. દોઢસો વરસની - ઓહ હેલ!'

'શું થયું?'

'ધેટ સ્કાઉન્ડ્રલ એરકિસ - ઠગ બદમાશ! કાલ રાતે મારી પાસેથી માગી ગયો છે. કહે કે આજે પાછી આપશે. આજે એમની મીટિંગ થવાની છે. આજે ગુરુવાર છે ને? થોડી વાર પછી સંભળાશે માથા પર એમના બધા અદ્‌ભુત અવાજો.'

મગજ ચકરાઈ જતું હતું એટલે જ ઘર વધુ અંધકારમય લાગતું હતું. અથવા ખરેખર વખતે રાત પડી ગઈ હતી! ના, વાદળ ગરજ્યાં. આકાશમાં વાદળ ઘેરાયાં હતાં એટલે જ અંધકાર હતો.

ફેલુદા મિસ્ટર ગોડવીનની સામે એક હાથા-ભાંગેલી ખુરશી પર બેઠો હતો. તેની જમણી તરફ આરામખુરશી પર જટાયુ. આરામ ખૂબ થતો નહોતો, કારણ એમને ઊંચાનીચા જોઈ લાગ્યું કે માકડ કરડતા હતા. હું ડાબી તરફની ખુરશી પર બેઠો હતો. ફેલુદા સાહેબ સામે એકીટશે જોઈ રહ્યો હતો; એના ચહેરા પર એવો તત્પર ભાવ – તમારે જે કહેવું હોય તે કહો, હું સાંભળવા જ આવ્યો છું.

'ઇટ્સ એન આઈવરી કાસ્કેટ. (એ હાથી દાંતની પેટી છે.)' મિ. ગોડવીન બોલ્યા. 'અંદરની વસ્તુઓમાં છે બે જૂની પાઈપ, છીંકણીની એક ચાંદીની ડબ્બી, એક ચશ્માં, અને એક સિલ્કમાં વીંટેલું પૅકેટ જેની અંદર પુસ્તક-બુસ્તક હશે એવું લાગે છે. મેં કદી ખોલ્યું નથી. બીજી ઘણી જૂની જૂની વસ્તુઓ હતી ઘરમાં. મારા વંઠેલ દીકરાએ બધું જ વેચી માર્યું. ભણવા-ગણવાને તિલાંજલી દઈ ગાંજાની લતે ચડ્યો, અને એ પછી ઘરમાંથી જે તે બધું ઉઠાવવાનું શરૂ કર્યું. બૉક્સ કેમ નથી લઈ ગયો, શી ખબર! વખતે લઈ જાત, પણ નસીબ ફરી ગયું એટલે લેવાની જરૂર નહિ પડી હોય. બૅન્ડવાજાં વગાડવાની મંડળી તૈયાર કરે છે. અત્યારે તો એની જ કમાણી પર નભે છે- જો આને નભ્યું કહી શકાય તો. છોકરાનોય શું વાંક? હું યે કંઈ ઓછો ઊતરું એવો છું! સાંભળ્યું'તું કે ટૉમ ગોડવીને જુગારમાં બધું જ ગુમાવ્યું. મારુંય એવું જ....'

સજ્જન જરાક અટક્યા. હાંફતા હતા. લાગે છે એકધારું આટલું બધું બોલ્યા એટલે. સંધિવાની પીડાથી એક વાર મોંએ

બગડી ગયું. ફરી બોલવા માંડ્યું, 'એક વાર યંગ (યુવાન હતો ત્યારે વિલાયત બેન્કમાં કેશિયર હતો. ત્રણ મહિનાથી વધુ ન રહી શક્યો. ઠંડી ન સહેવાઈ. જમવાનું ય ન ફાવ્યું. દાળભાતની આદત. કેલકાટા પાછો આવી ગયો. લગન કર્યાં. દસ વર્ષ પહેલાં પત્ની મરી ગઈ. હવે છે એક ક્રિસ્ટોફર, જેનું માંડ માંડ દિવસમાં એક વાર મોં જોઉં તો જોઉં. નહિ તો એય નહિ, બાજુના રૂમમાં બેઠો ગિટાર પર ટૅંગ ટૅંગ કરે રાખે. હાથ સારો છે.'

માથા પર ખરેખર એક અજબ જેવો અવાજ શરૂ થઈ ગયો. ખટ ખટ ખટ ખટ થતો હતો, ફરી અટકતો હતો. ઘરના પડછાયા ડોલતા હતા, કેમ કે ખટ ખટ અવાજ સાથે છતબત્તીએ ઝૂલવા માંડ્યું હતું. હવે કેવળ લાલામોહનબાબુને જ નહિ મને પણ ડર લાગવા માંડ્યો હતો. આવા મકાનમાં, આવા ઘરમાં ક્યારેય નહોતો આવ્યો; આવા માણસના મોંમાંથી આવી વાતે સાંભળી નહોતી. ઉપર શું થતું હશે!

ગોડવીન સાહેબે ઉપર નજર નાખ્યા વિના જ કહ્યું : 'ટેબલ ઊડે છે. ચાર ઠગ ટેબલને ફરતા બેઠા છે. કહે છે. તેઓ મરેલા માણસના આત્માને ઉતારે છે. જેવો આત્મા આવે કે ટેબલ કૂદવા માંડે.'

'તેઓ કોણ છે?'

'એરકિસની ટોળી. પ્રેતાત્મા બોલાવનારની સમિતિ. એમાં બે યહૂદી છે. એક પારસી, અને એરકિસ. મનેય કહ્યું'તું જોડાવાને, મેં ના પાડી. એક દિવસ એરકિસને મેં ટૉમસ ગોડવીનની વાત કરી હતી. મને કહે, તમારી જોડે વાત કરાવીશ. મેં કહ્યું, 'નો, સર્ટન્લિ નૉટ. આજ નહિ તોય કાલ તો આમેય એને મળવાનો જ છું.' એવામાં કાલ આવી ને કહે-'

સજ્જન અટક્યા. ખટ ખટ ખટ. ફરી ટેબલ કૂદતું હતું.

'પણ બૉકસ શા માટે તમારી પાસેથી લીધું?' ફેલુદાએ પૂછ્યું.

'એ જ તો કહું છું. કહે કે અમે તમારા વિના ગોડવીનના આત્માને બોલાવશું, એની પોતાની કોઈ ચીજવસ્તુ હોય તો આપો. એને ટેબલ પર મૂકવાથી આત્મા સહેલાઈથી ઊતરી આવે. અવાજ સાંભળે, લાગે છે તેઓ આવ્યા હશે.'

ખટ ખટ ખટ - ફરી ટેબલ ઊછળ્યું. 'આ શું અંધારામાં બને છે?' ફેલુદાએ પૂછ્યું. 'બધી બદમાશી તો અંધારામાં જ થાય છે.' ગોડવીનના અવાજમાં વ્યંગ હતો.

'એક વાર ઉપર જવાય ખરું?'

લાલમોહનબાબુએ તો સવાલ સાંભળતાં જ ખુરશીના હાથા સજ્જડ પકડી પોતાનો વાંધો દર્શાવી દીધો. ગોડવીન સાહેબનો જવાબ સાંભળી તેઓને ઘણી નિરાંત વળી.'

'એ ઘરમાં તમને પેસવાય નહિ દે.' મિસ્ટર ગોડવીન બોલ્યા. 'ફોર મેમ્બર્સ ઓન્લિ. એનો નોકર ચોકી કરે. પણ જો કોઈ કોઈના આત્માને બોલાવવા માગે એમની મદદથી તો વાત અલગ આગોતરા રૂપિયા વીસ લે. આત્મા ઊતરે તો બીજા સો!'

'આઈ સી...'

ફેલુદા ઊભો થયો. 'અચ્છા મિસ્ટર ગોડવીન, અનેક ધન્યવાદ. તમને તકલીફ આપી. માફ કરજો.'

'ગુડ નાઈટ.'

ગોડવીન સાહેબનો શીર્ણ હાથ ફરી રેડિયો ભણી ચાલ્યો ગયો. લૅન્ડિંગ પર આવી (દાદર પાસે) ફેલુદાએ જે કર્યું તેથી હું પણ હચમચી ઊઠ્યો. લાલમોહનબાબુની શી દશા થઈ હશે એ અંધરામાં સમજાયું નહિ. ફેલુદા નીચે ન જતાં સીધો બીજે માળે જવા રવાના થયો.

'અપ-ડાઉનમાં ગોટાળે તો નથી ચડી ગયા ને ?' જટાયુએ અકળાઈને પૂછ્યું. જવાબ આવ્યો, 'ગભરાયા વિના ચાલ્યા આવો.'

ઉપર ચડ્યા કે સામે લુંગી પહેરેલો દરવાન.

'આપકો કૌન મંગતા હૈ?'

'હું તો કેવળ તારી જરૂરત પૂરી કરવા આવ્યો છું, ભાઈ.'

ફેલુદાએ એરકિસ સાહેબના દરવાન ભણી એક પાંચ રૂપિયાની નોટ ધરી. એ તો આભો જ બની ગયો. ફેલુદાએ એના કાન પાસે મોં લાવી કહ્યું, 'તારો શેઠ જે રૂમમાં છે એ ચારેકોરથી બંધ છે કે ખુલ્લો એ વાત કર.'

દવાની અસર થઈ હતી. નોકરે કહ્યું કે, 'વરંડા તરફથી બંધ છે પણ સૂવાના રૂમમાંથી જવાનું બારણું ખુલ્લું છે.'

'તું ફિકર ન કર, તારે કંઈ કરવાનું નથી, કેવળ એક વાર સૂવાનો રૂમ દેખાડી છે. નહિ તો મુસીબત થશે. અમે પોલીસના આદમી છીએ. આ પોલીસ - દારોગા છે.'

લાલમોહનબાબુએ પગના અંગુઠા પર ઊભા રહી ઝટ લઈને બે ઈંચ હાઈટ વધારી દીધી. આ લૅન્ડિંગ પર બત્તી હતી. ફેલુદાએ નોટ જરાક લંબાવી દરવાનની હથેળીને અડાડી, હથેળીની આપોઆપ નોટ પર મુઠ્ઠી વળી ગઈ.

'આઈએ, લેકિન..'

'લેકિન - બેકિન છોડ ભાઈ. તારા શેઠના એક દોસ્ત પર પોલીસને શક છે. તેથી જ આવ્યા છીએ. તારો કે તારા શેઠનો વાળ વાંકો નહિ થાય.'

'આઈએ.'

સૂવાના ખંડમાં અંધકાર, અને એના એક ઉઘાડા બારણાની પેલી તરફના ખંડમાં પણ અંધકાર. અમે ત્રણે જણ એ બારણા ભણી આગળ વધ્યા.

પ્લેનચેટના રૂમમાંથી અત્યારે મુદલે અવાજ નહોતો આવતો.

પણ થોડી વાર પહેલાં ઉપરાઉપરી ત્રણવાર ટેબલના પાયાનો અવાજ સાંભળ્યો હતો. સમજી ગયો કે ભૂત બોલાવનાર ક્લબના સદસ્યો બધા અધ્ધરશ્વાસે ટૉમસ ગોડવીનના આત્માની રાહ જોતા હતા. લાલમોહનબાબુના એટલા જોરથીને એટલા ઉતાવળા શ્વાસોચ્છ્વાસ ચાલતા હતા, તેથી મને ડર લાગતો હતો કે બાજુના ઓરડામાં એ બધાને અમારી હાજરીની ખબર પડી જશે ! ફેલુદા એટલી વારમાં બારણાની વધુ પાસે પહોંચી ગયો. ક્યાંકથી કેરોસિનની વાસ આવતી હતી. એક બિલાડીનું મ્યાંઉ સાંભળ્યું. લાગે છે એ જ પેલી પહેલે માળની બિલાડી. 'ટૉ - મસ ગોડવીન, ટૉ - મસ ગોડવીન!' કણસતા અવાજે બે વાર એ નામનું ઉચ્ચારણ થયું. આ રીતે જ તેઓ આત્માને બોલાવતા હતા.

'આર યૂ વિથ અસ? આર યૂ વિથ અસ?'

કોઈ જવાબ નહિ. કોઈ અવાજ નહિ. લગભગ અર્ધી મિનિટ વીતી ગઈ. એ પછી ફરી એ રડમસ-કાતર સવાલ-

'ટૉમસ ગોડવીન... આર યૂ વિથ અસ?'

'યે - સ! યે - સ!'

મારી જમણી તરફ પણ પગ ધ્રૂજતા હતા. પણ એ ટેબલના પાયા નહોતા, માણસના પગ હતા. લાલમોહનબાબુના ઘૂંટણ.

'યસ, આઈ હેવ કમ! આઈ એમ હિઅર.'

'હિઅર' હિઅર કહેવા છતાં પણ અવાજ ખૂબ દૂરથી આવતો હતો.

પ્લેનચેટની મંડળીએ ફરી પ્રશ્ન પૂછ્યો : 'તમે શું સુખી છો! શાંતિ છે તમારે?'

જવાબ આવ્યો : 'નો - ઓ!'

'તમારે શું દુઃખ છે?'

'આઈ... આઈ... આઈ... વૉન્ટ માઈ.... આઈ વૉન્ટ માઈ... કાસ્કેટ!'

એ પછી એક સાથે કેટલા બધા અદ્ભુત બનાવો બન્યા ! બાજુના રૂમમાંથી એક ભયાવહ ચીસ, આતંકની ચરમ સ્થિતિમાં જેવી હોય - અને બીજી પળે મારો હાથ આંચકા સાથે ખેંચાયો અને કાન પાસે કોઈ ગણગણ્યું, 'તોપસે, ચાલ અહીંથી.'

એરકિસનો નોકર અમને ત્રણે જણને દોડીને બહાર નીકળતા જોઈ વધુ ડઘાઈ ગયો હતો તેથી કંઈ જ ન કરી શક્યો. એક મિનિટમાં અમે ત્રણે જણ રિપન લેન વટાવી રોયેડ સ્ટ્રીટમાં રાખેલી ગાડી ભણી આગળ વધવા માંડ્યા. 'આ તો તમે એક ખરેખરીનો ખેલ કરીને દેખાડ્યો. મોશાઈ.' લાલમોહનબાબુ બોલ્યા. 'આ બનાવ જો સિનેમામાં દેખાડે તો સુપરહિટ થઈ જાય.'

લાલમોહનબાબુની તારીફનું કારણ બીજું કશું નહિ, પણ ફેલુદાના હાથમાં આવી ગયું હતું સાદતઅલીએ ટૉમસ ગોડવીનને આપેલું હાથીદાંતનું કાસ્કેટ. (ક્રમશઃ)

કંકાવટી

કત્થક નૃત્યાંગના

રુચિ શર્મા



શનિવાર તા. ૧૭મી ફેબ્રુઆરીનો દિવસ હતો. મહાશિવરાત્રિનું પર્વ હતું. પ્રભાદેવીસ્થિત રવીન્દ્ર નાટ્ય મંદિરમાં ટોળે વળેલાં લોકો ઊંચે શ્વાસે ઘડિયાળમાં બારના ટકોરા પડવાની રાહ જોતા સ્ટેજ તરફ મીટ માંડીને બેઠાં હતાં. બરાબર બારના ટકોરા સાથે જ વાતાવરણ ગુંજી ઊઠ્યું. આ સમયે કચ્છનાં નૃત્યાંગના રુચિ શર્માએ સતત ૧૫ કલાક સુધી નૃત્ય કરી કથ્થકની રાણી સિતારાદેવીનો બાર કલાકનો વિક્રમ તોડ્યો હતો !

સિતારાદેવી પૂર્વે ગોપીકૃષ્ણનો નવ કલાકનો વિક્રમ હતો. તેણે 'લિમ્કા બુક ઑફ રેકૉર્ડ'માં પોતાનું નામ બીજી વખત નોંધાવ્યું. પ્રથમવાર તેણે નૃત્યના ૨૦૦૧ ચક્કર પૂરાં કરી એક નવો વિક્રમ સ્થાપ્યો હતો. હવે તેનું લક્ષ્યાંક ૮૦૦૧ ચક્કર પર પહોંચવાનું છે.

અલ્હાબાદમાં જન્મેલી રુચિને બાળપણથી જ સંગીત અને નૃત્ય પ્રત્યે લગાવ. પાંચ વર્ષની ઉંમરે તેને કથ્થક નૃત્યની તાલીમ શરૂ કરી. આઠ વર્ષની ઉંમરથી પંડિત અનુપમ રાયની છત્રછાયા હેઠળ તેની તાલીમમાં એક નવો લય અને નવો તાલ ઉત્પન્ન થયો એમ કહી શકાય. પંદર કલાકના નૃત્ય કાર્યક્રમમાં રુચિએ નૃત્યની એક પણ આઈટમ ફરી વાર ભજવી ન હતી.

એક કાર્યક્રમ પત્યા બાદ સ્ટેજની બાજુ પર જઈને પાણીનો ઘૂંટડો પી ફરી નવા કાર્યક્રમ માટે સજ્જ થઈ જતી, તો વળી કેટલીકવાર ઝપાટાભેર પરિધાન બદલાવી તબલાના તાલે થિરકવા હાજર થઈ જતી. ગુરુવંદના, પંચદેવ-વંદના, સૂરદેવ-વંદના, શિવતાંડવથી માંડીને જુગલબંધી સુધી તેના નૃત્યમાં એક અજબ ચમકાર જોવા મળતો હતો. શિવતાંડવ સમયે મૃદંગના તાલે થિરકતા પગ વડે તેણે નૃત્યની એક પણ લય ચૂક્યા વગર ચાળોઠીમાંથી 'નમઃ શિવાય' એમ આલેખ્યું હતું.

આ ઉપરાંત જુગલબંધીમાં ગુરુની તબલા પરની થાપ અને શિષ્યાના પગના ઠુમકામાં એક સુંદર સમન્વય નિહાળવા મળ્યો હતો. ચોવીસ વર્ષની રુચિને ભાગે કારકિર્દીરૂપે આઈ.એ.એસ. ઑફિસર અથવા નૃત્યાંગના વચ્ચે પસંદગી કરવાની ઘડી આવી ત્યારે તેણે નૃત્યકળા પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્ય અને પુરાતન કળા જેવા વિષયો સાથે સ્નાતક થયેલી રુચિ નૃત્યકળામાં હજી અનેક સિદ્ધિ સર કરવાની ઇચ્છા ધરાવે છે.

અત્યાર સુધીમાં તેને નર્તનચક્રવર્તી, નૃત્યસુરભી, સિંગરમણિ, કથ્થકશ્રેષ્ઠા જેવાં અનેક સન્માનોથી નવાજિત કરવામાં આવી છે. રસોડામાં કામ કરતી હોય કે મહેમાનો જોડે વાત કરતી હોય પરંતુ રુચિના પગ નૃત્યના તાલે થિરકતા જ જોવા મળશે. રુચિના ગુરુ પંડિત અનુપમ રાયને માત્ર ૩૬ વર્ષના આયુમાં જ મહારાષ્ટ્ર અને બિહાર રાજ્યો તરફથી સંગીતસમ્રાટની પદવી એનાયત કરવામાં આવી હતી. માત્ર નૃત્ય નહિ પરંતુ સંગીત, ગાયન અને વાદ્યના ક્ષેત્રે પણ તેમણે પ્રભુતા સિદ્ધ કરી છે. આવા ગુરુની તે શિષ્યા છે. - **પલ્લવી મહેતા** (ફુલછાબ)

તુલસીના ઓછા પ્રચલિત પ્રયોગો

- તુલસી ઉત્તમ જંતુઘ્ન છે. તુલસીનાં પાનની પેસ્ટ કરીને પંદર દિવસે એક વાર આખા શરીરે લગાવવામાં આવે તો કોઈ જાતનો ચર્મરોગ થતો નથી.
- તુલસીનાં પાનનો રસ કે લુગદી ગુલાબજળ મેળવીને ચહેરા પર લગાવવામાં આવે તો ખીલ-ફોડલી થતા નથી અને ચહેરો સુંવાળો તથા કાંતિમય બને છે.
- માથામાંથી જૂ કેમે કરી ખસતી ના હોય તો તુલસીનાં પાનનો રસ કાઢીને રાત્રે માથામાં ભરી દેવો. (તેલ નાખીએ તે રીતે પાંથીએ પાંથીએ) સવારે ધોઈ નાખો. આમ ન કરવું હોય તો ઓશીકા પર તુલસીનાં તાજાં પાન બિછાવીને સૂઈ જાઓ. તેની વાસથી પણ જૂ ભાગી જશે.
- જીવજંતુના કરડવાથી આવેલા સોજા પર તુલસીનો રસ મીઠું ભેળવીને લગાવવાથી અસરકારક પરિણામ મળે છે. સાપ કે વીંછીના ડંખ ઉપર પણ તુલસીનો રસ લગાવાય છે.

***

રોમન શહેનશાહ ઑગસ્ટસ કૈઝર એક જ એવો રાજા હતો કે જે પોતાના પૌત્રના પૌત્રને જોઈ શક્યો હતો !

સાહિત્યસંપર્ક



સદ્ગત પ્રમોદકુમાર પટેલ

હજી તો વિદ્યાનગરની ભૂમિમાં જેમનાં પગલાંની છાપ અકબંધ છે. હજી તો બી-૨૬, અક્ષરધામ સોસાયટી, વડોદરાના મકાનમાં મુ. મંજુબહેન ઝવેરી અને મુ. રાધેશ્યામ શર્માની સાથે થયેલી ગોષ્ઠિની પ્રતિશ્રુતિઓ સંભળાય છે... હજી તો હમણાં જ એક તરફ મુંબઈની હૉસ્પિટલમાં મૃત્યુ સાથે ઝઝૂમતા માડીજાયાને મળવા માટે એ ગયા છે, ને હજી હમણાં જ બીજી તરફ (એ જ બીમાર ભાઈની પુત્રી) ભત્રીજીને પરણાવવા વેવાઈ થઈને વતન ગયા છે... ને જેવા વડોદરા પરત આવ્યા... ત્યારે કોને ખબર એમની સાથે છૂપાવેશે મૃત્યુ પણ આવ્યું હશે ? ૨૪મી મે ૧૯૯૬ના રોજ વડોદરા ખાતે, ટૂંકી માંદગી બાદ ડૉ. પ્રમોદકુમાર પટેલનો જીવનદીપ બુઝાઈ ગયાની ઘટનાએ સમગ્ર વિદ્યાજગતમાં ઊંડા આઘાતની લાગણી જન્માવી છે.

ડૉ. પ્રમોદકુમાર પટેલ દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ખારા અબ્રામા મુકામે ૨૦-૯-૧૯૩૩ના રોજ જન્મ્યા હતા. તેમણે પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ વતનમાં જ મેળવી, ૧૯૫૭માં બી.એ.ની તથા ઈ.સ. ૧૯૫૯માં એમ.એ.ની ઉપાધિ મુંબઈ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી હતી. તેમણે ઈ.સ. ૧૯૬૯માં 'ગુજરાતીમાં કાવ્ય તત્ત્વ વિચાર : નર્મદ, નવલરામ, રમણભાઈ નીલકંઠ, નરસિંહરાવ દીવેટિયા અને મણિલાલ દ્વિવેદીની કાવ્યવિચારણા સંદર્ભે' સઘન તપાસયુક્ત સંશોધન નિબંધ લખીને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી.

નવી પેઢીના ગુજરાતી ભાષા-સાહિત્યના વિવેચકોમાં ડૉ. પ્રમોદકુમાર પટેલનું નામ પ્રથમ પંક્તિમાં છે. તેમણે 'વિભાવના', 'શબ્દલોક', 'રસસિદ્ધાંત : એક પરિચય', 'સંકેતવિસ્તાર', 'કથાવિવેચન પ્રતિ', 'પન્નાલાલ પટેલ', 'અનુભાવન', 'ગુજરાતીમાં વિવેચન તત્ત્વવિચાર', 'વિવેચનની ભૂમિકા', 'આધુનિકતાવાદ' અને 'પ્રતીતિ' જેવા નોંધપાત્ર ગ્રંથો આપ્યા છે. આ ગ્રંથોમાં પૌર્વસ્ત્ય - પાશ્ચાત્ય, તાત્ત્વિક-વ્યવહારિક, સાહિત્યપ્રવાહગામી - સ્વરૂપગામી, કાવ્યવિષયક-કથા વિષયક, કૃતિકેન્દ્રી-કર્તાકેન્દ્રી તમામ પ્રકારના સત્વશીલ, અભ્યાસયુક્ત, વિચારપ્રેરક અને ગંભીર વિવેચનલેખો સમાવિષ્ટ થયેલા જોઈ શકાશે.

ડૉ. પટેલની અભ્યાસનિષ્ઠાની કદરરૂપે ઈ.સ. ૧૯૭૬ અને ૧૯૮૧નો હરિ ૐ આશ્રમ ઍવૉર્ડ એનાયત કરાયો હતો. 'વિભાવના', 'સંકેતવિસ્તાર', 'કથાવિવેચન પ્રતિ'ને ગુજરાત સરકાર સાહિત્ય અકાદમીના પુરસ્કારો પ્રાપ્ત થયા છે. વળી, 'ગુજરાતીમાં વિવેચન-તત્ત્વવિચાર'ને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃતિ મળેલી છે. એમની ઊંડી વિદ્યાપ્રીતિ અને અભ્યાસનિષ્ઠાના પરિણામ સ્વરૂપે તેમની 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના ૪૨મા અધિવેશનના પ્રમુખ તરીકે તેમજ ગુજરાતી સાહિત્ય પરિષદના વિવેચન વિભાગના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.

ડૉ. પટેલે તેમની વ્યાવસાયિક કારકિર્દીનો પ્રારંભ અધ્યાપક તરીકે મુંબઈથી કરેલો, ત્યારબાદ બારડોલી અને છેલ્લે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે અનુસ્નાતક-ગુજરાતી-કેન્દ્રમાં પ્રાધ્યાપક, અધ્યક્ષ તરીકે રહી ૧૯૯૩માં નિવૃત્ત થયા. નિવૃત્તિ બાદ તેમણે પોતાના જયેષ્ઠ પુત્ર યોગેશભાઈ (શિક્ષક) પાસે સ્થિર થઈ પોતાનું વિદ્યાતપ જાળવી રાખ્યું હતું.

ડૉ. પટેલ અતિ વિનમ્ર અને સૌજન્યશીલ પ્રકૃતિ ધરાવતા હતા. તેમની સમગ્ર કારકિર્દીને જોઈએ તો એમ જરૂર કરી શકાય કે ડૉ. પટેલે ક્યારેય ભૌતિક સુખોને તેમનાં જીવનમૂલ્યોની આગળ થવા દીધાં નથી. સવારના છથી શરૂ કરી રાત્રિના અગિયાર સુધી તેમણે તેમનો જીવનકાળ વિદ્યાપ્રીતિમાં ગાળવાનો જે ઉપક્રમ સેવેલો તેને કારણે તેઓ સાચા અર્થમાં 'વિદ્યાપુરુષ' રહ્યા છે. તેમની કર્મઠતા, વિદ્યાર્થીપ્રિયતા અને નિષ્ઠાનો, વિશાળ વિદ્યાર્થીસમાજ સાક્ષી છે. તેમણે સાત જેટલા મહાનિબંધો વિદ્યાર્થીઓ પાસે લખાવીને તેજસ્વી માર્ગદર્શક તરીકેનું ગૌરવવંતું માન પ્રાપ્ત કર્યું છે. તેમની ચારે તરફ પુસ્તકોનો ઢગલો કરો તો પ્રોદભાઈ ન દેખાય એવી એમની સમૃદ્ધ લાયબ્રેરી ! સાચુકલા કવિજનને શોભે એવું અત્યંત સંવેદનશીલ હૃદય અને ઉત્તમ વિવેચકને છાજે એવું તાટસ્થ્ય એ એમનાં આગળ તરી આવતાં લક્ષણો રહ્યાં છે. એમણે મિત્રો સામે ક્યારેય એમનું દુઃખ ગાયું નથી. જીવનમાં તેઓ નિરુપદ્રવી રહ્યા છે. તેમણે ક્યારેય એમની વિદ્વત્તાને તેમની માણસાઈ ઉપર સવાર થવા દીધી નથી.

ડૉ. પટેલના અભ્યાસખંડમાં મોટેભાગે સમ્મુખ-મૂર્તિની જેમ બેસીને સહાયરૂપ બની રહેલાં સવિતાબહેને એમના પતિની, અને યોગેશભાઈ (વડોદરા), આશિષભાઈ (યુ.એસ.એ.) તથા પ્રશાંતભાઈ (વિદ્યાનગર)એ એમના વત્સલ પિતાની છત્રછાયા ગુમાવી છે. પરિવારજનોને આ કારી ઘા સહન કરવાનું બળ મળે એવી

પ્રાર્થના કરું છું. સદ્‌ગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પું છું. - ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ

ચીની કવિ આઈનું નિધન



વયોવૃદ્ધ ચીની કવિ આઈ ક્વિન્ગનું ૮૬ વર્ષની ઉંમરે તાજેતરમાં અવસાન થયું ત્યારે એક વિવાદગ્રસ્ત પ્રતિભાનો અસ્ત થયો છે. એમના આયુકાળમાં પોતાની વિશિષ્ટ વ્યક્તિમત્તાને કારણે એમણે સતત સંઘર્ષનો જ સામનો કર્યો. બેઈજિંગમાં એમનો અને એમની વિચારધારાનો જાણે અડ્ડો. કોઈ ભવિષ્યવેત્તાની વિભીષણ ભવિષ્યવાણીને અનુસરીને કોઈ ધાવ પાસે એમનો ઉછેર કરાવવામાં આવ્યો હતો. આ ધાવના પાત્રને એમણે ૧૯૩૩માં પોતે રચેલી 'બિગ રિવર યાન, માઈ નર્સ' કાવ્યરચનામાં અમરત્વ બક્ષ્યું છે. આ ધાવે જ એને દુનિયા પરના અન્યાયો સામે ઝઝૂમતા શીખવ્યું હતું. ૧૯૩૨માં એમને શાંઘાઈમાં સળિયા પાછળ ધકેલવામાં આવેલા, કારણ કે એમણે પોતાની પ્રજાને થતા અન્યાયો સામે માથું ઊંચક્યું હતું. આ બદલ એમને ત્રણ વર્ષ માટે જેલવાસ ભોગવવો પડેલો, પણ દૈવ તો જુઓ કે પૂરા ક્રાન્તિકારી તરીકે ન પ્રકટવા બદલ એમને ૧૯૫૭માં બે દાયકા સુધી લેબર કૅમ્પમાં ધકેલી દેવામાં આવ્યા હતા! આજીવન અન્યાય સામેની વૈચારિક લડત આપનાર આ કવિની રચનાઓ મુખ્યત્વે તો અભિધાના સ્તરે જ વિચરે છે.

અવલોકન

જીવનયાત્રાનું કાવ્યમય રૂપ :

['મેરી ગો રાઉન્ડ': લે. મધુ કોઠારી, પ્રથમ આવૃત્તિ, માર્ચ-૧૯૯૫, પૃષ્ઠ-૯૦, મૂલ્ય રૂ. ૪૫-૦૦, પ્રકાશક : હંસા કોઠારી, 'ફીલિંગ,' ૩, સુભાષનગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.]

ગાંધીજીએ તેમના સત્યના પ્રયોગો વિશે સ્વરૂપગત ચિંતન વ્યક્ત કરતાં લખ્યું છે કે, 'વિજ્ઞાનશાસ્ત્રી જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર વિચાર-પૂર્વક અને ઝીણવટથી કરે છે, છતાં તેમાંથી નિપજાવેલાં પરિણામોને તે છેવટનાં ગણાવતો નથી, અથવા તો એ એનાં સાચાં જ પરિણામો છે એ વિષે પણ સાશંક નહિ તો તટસ્થ રહે છે, તેવો જ મારા પ્રયોગોને વિષે મારો દાવો છે.' મધુ કોઠારી 'મેરી ગો રાઉન્ડ'ના એમના પ્રયોગોને એમના જીવનની ઘટનાઓની તરકટબાજી ગણાવે છે. એમનો પણ કોઈ દાવો નથી, જેથી આ પુસ્તકને આત્મકથા ન ગણતાં જીવનના પ્રયોગોની તરકટબાજી કહી છે. માટે જ ડૉ. હેમંત દેસાઈએ કવિતા કેન્દ્રી આત્મકથન કહ્યું છે.

મધુ કોઠારીએ પોતાનામાં સાહિત્યસિંચન કેવી રીતે થયું એની થોડીક અન્ય રસરુચિ સાથેની પ્રક્રિયા પ્રકટ કરી છે. લેખક પોતાની જીવનઘટનાઓને સુપેરે ફિલોસૉફાઈઝડ કરી શક્યા છે. સંબંધોની શૃંખલા જેટલી બંધનરૂપ છે એટલી જ પ્રિય છે. આ બંધનમાંથી છૂટવાની વાત લેખક કરે છે. તેમના જીવનપટ પર બનતી સાહિત્યિક ઘટનાઓના આકારવિકારની આંતરપ્રક્રિયા અહીં દર્શાવાઈ છે. કાવ્યસંગ્રહ પ્રકાશિત કરવા માટે હાર્મોનિયમ વેચી મારવામાં આવે. એક રુચિ જાળવવા બીજી રુચિનો ભોગ લેવાય એને સર્જકજીવનની પીડા ગણી શકાય.

સૂરતની 'જીવનભારતી' સ્કૂલનાં સંસ્મરણો અને પ્રોત્સાહન એમનું જીવનપાથેય બની રહ્યું. કવિતા, નાટક, ફિલ્મ, સંગીત, મનોવિજ્ઞાન અને ફિલસૂફીનાં ટાંચણાંથી કંડારાયેલા જીવનનો આલેખ એટલે 'મેરી ગો રાઉન્ડ.' એમાં લેખકની આગવી ગદ્યાળુતા અને આત્યંતિક આધુનિક અભિગમ પ્રકટ થાય છે. લેખક આત્મકથા સ્વરૂપની નજીક લઈ જઈને આપણને સ્વરૂપવિચ્છેદનો અનુભવ કરાવે છે. અહીં લેખકના સાહિત્યિક જીવનની પ્રામાણિકતા પ્રકટે છે. સમગ્ર જીવનની એમાં આવશ્યક્તા ન પણ હોય; આટલા જ જીવનનો આનંદ પર્યાપ્ત હોઈ શકે. લેખક મનોવિજ્ઞાનના જ્ઞાતા હોવાને નાતે મનોવૈજ્ઞાનિક ઢબે વર્ત્યા હોય એવું લાગે છે.

આ પ્રયોગ દ્વારા આત્મકથાના કૉંક્રીટ ફૉર્મને પકડવાનો પ્રયત્ન તો છે જ. લેખકનું Psychological Contemplation કમલા દાસની My story, અમૃતા પ્રિતમની Revenue Stamp અને બલવંત ગાર્ગીની Triangleમાંથી ઉદ્‌ભવ્યું છે. 'મેરી ગો રાઉન્ડ' જીવનના વિશિષ્ઠ ટાપુના વિશિષ્ઠ ચગડોળનું આત્મકથનાત્મક બયાન છે.

- ડૉ. નલિન પંડ્યા

સ્ટર્લિંગ હાઈટ્સ : અમેરિકા તેમ જ યુરોપના પ્રવાસ અંગે કવિના સ્વાનુભવરસિક કાવ્યોનો કાવ્યસંગ્રહ. લે. પ્રો. ગોવિંદભાઈ, (પ્રકા : એન.એમ. ત્રિપાઠી પ્રા.લિ., સામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦૦૨ પૃ. ક્રાઉન-૧૫૨, રૂ. ૩૦)

આભલે મ્હોરી વસંત : સરળ નવલકથાનો સહિયારો પ્રયાસ. લે.એ.બેગ. બોરસદની, સી.એમ. બોદાલકર, (પ્રકા: ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ક્રાઉન-૧૫૯, રૂ. ૩૮-૫૦)



મધુકરી

રોજ દિલમાં થાય કે સાલસ થવું,
ખૂબ અઘરું છે અહીં માણસ થવું.
પાતળા સંકલ્પથી જીવવું પડે,
સૌમ્યને અજવાળવાં ફાનસ થવું.
('મધુમાલિકા') કિશોર મોદી

ટેનિસગુરુ ગુલિક્સનનું નિધન



ભૂતપૂર્વ ટેનિસસ્ટાર અને વર્લ્ડ નંબર વન પીટ સામ્પ્રસના કોચ ટીમ ગુલિક્સનનું વ્હીટન (ઇલિનોઈ) ખાતે તા. ૪ શુક્રવારે મગજના કેન્સરને કારણે ચુંમાલીસ વર્ષની વયે અવસાન થયું.

ટીમે તેની મોટા ભાગની ટૅનિસ કારકિર્દી તેના જોડિયા ભાઈ ટૉમ જોડે ડબલ્સમાં રમીને લોકપ્રિય બનાવી હતી. એક વર્ષ સુધી તે પોતાની બીમારી સામે ઝઝૂમતો રહ્યો. વિમ્બલડનમાં તેણે જ્હોન મૅકેનરોને હરાવી અવસર સર્જ્યો હતો. તેણે ૭૦ ને ૮૦ના દાયકા સુધી વિસ્તરેલી કારકિર્દીમાં ચાર સિંગલ્સ અને સોળ ડબલ્સ ટાઈટલો જીતેલાં.

વિશ્વભરમાં લોકપ્રિય ગુલિક્સન છેલ્લે સમ્પ્રાને કોચિંગ આપનાર તરીકે ૧૯૯૫માં ઑસ્ટ્રેલિયન ઓપનમાં દેખાયેલો, જેમાંથી એકાએક એ બીમાર પડતાં ઘેર પાછો ફરેલો. પાછળથી ડૉક્ટરોએ એને બ્રેઈનકેન્સર હોવાનું નિદાન કર્યું.

પોતાની નાજુક તબિયત છતાંયે ગુલિક્સન શિષ્યને ટેલિફોન દ્વારા પણ સતત સૂચનો આપતી રહેલો.

લાડમાં ગુલિક્સન 'ગુલી' કહેવાતો. જાહેરમાં સામ્પ્રાની બાજુમાં એ યુનાઈટેડ સ્ટેટ્સ અને સ્વીડન વચ્ચે ડૅવિસ કપની છેલ્લા સપ્ટેમ્બરમાં સેમિફાઈનલ રમાઈ ત્યારે દેખાયો હતો.

ટીમે લૉસ વેગાસની યાત્રા પણ ખેડેલી. ત્યારે સામ્પ્રા અને પોતાના ભાઈ ટૉમને ભારે હૂંફ આપેલી.

ગુલિક્સનની તાલીમમાં સામ્પ્રા મલ્ટિઅલ વિમ્બલડન અને યુ.એસ. ચૅમ્પિયન વિનર તરીકે ખીલેલો અને એ ટૂરમાં એ લાગટ ત્રણ વર્ષ ગયેલો.

૧૯૮૯માં વિમ્બલડનમાં ગુલિક્સનની રમતનો સારામાં સારો સમય આવેલો, જ્યારે એણે જ્હોન મેકેનરોને ૧૬ રાઉન્ડ સુધી ખેંચી જઈ ક્વાર્ટર-ફાઈનલમાં પહોંચેલો. આ એનું ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટમાં ઉત્તમોત્તમ સિંગલ્સ પરિણામ હતું.

બધું મળી એ ચાર સિંગલ્સ ટાઈટલ જીતેલો; પણ એ વધારે તો લોકપ્રિય બન્યો ઇન્ટરનૅશનલ ટેનિસ સર્કિટમાં ૧૯૭૦માં; જ્યારે એ ગુલિક્સનના ટ્વિન્સ ડબલ્સ ટમમાં રાઈટ હૅન્ડેડ હાફ થયો.

ગુલિક્સન પોતાનાં ૧૬ ડબલ્સ ટાઈટલ્સમાંથી ૧૦ જીતેલો. આ તે પોતાના ભાઈ ટૉમ સાથે રમેલો અને ૧૯૮૩માં વિમ્બલડનમાં એ જીતેલો.

શ્વાનસૃષ્ટિ



સ્પૅનિએલ્સ

સ્પૅનિએલ્સની વિવિધ જાતો અસ્તિત્વમાં છે. એક કાળે જેને 'સેટિંગ સ્પૅનિએલ્સ' કહેવામાં આવતા તે ઓલાદ સાથે આ સ્પૅનિએલ્સનો ગાઢ નાતો છે. શૂટિંગમાં તેમનો ઉપયોગ થાય છે. આ સ્પૅનિએલ્સનું મોં સુંવાળું હોય છે. તે ચપળ હોય છે. આ શ્વાનનો રમતમાં જેટલો ઉપયોગ કરાય છે તેટલો જ ઘરેલૂ શ્વાન તરીકે પણ ઉપયોગ થાય છે. જો આ પ્રકારના શ્વાનને ભારે કસરત કરાવવામાં ન આવે તો તેનું શરીર વધી જાય છે. આથી તેને હંમેશાં ખૂબ શ્રમ કરાવવામાં આવે છે. આ શ્વાનનો મુખભાવ લાગણીસભર અને કારુણ્યપૂર્ણ લાગે છે. નીચેના ઢળતાં પોપચાં જોતાં એમ જ લાગે કે તે હમણાં રડી ઊઠશે. આ જાતિનાં કુરકુરિયાં પણ સુન્દર પાલતું જાનવર તરીકે ગમી જાય તેવાં હોય છે. □

વેલફેરોન

વેલફેરોન – દવા એ લોહીનાં કેન્સર (રક્ત-અર્બુદ)ની ચિકિત્સામાં આશાનું નવું કિરણ છે.

લોહીનાં કેન્સરના દર્દીઓને માટે તેમની જિંદગીનાં વર્ષો વધારી શકે એવી નવી પ્રકારની ચિકિત્સાનું યુ.કે.માં સંશોધન પામી રહ્યું છે. આ ચિકિત્સામાં ઈન્ટરફેરોનના મિશ્રણનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ઈન્ટરફેરોન એટલે શું? મનુષ્યનાં શરીરમાં સૌથી શક્તિશાળી કુદરતી પ્રતિકારક તત્ત્વો પૈકીનાં અમુક તત્ત્વો ઈન્ટરફેરોન તરીકે ઓળખાય છે. સર એલેક આઈઝેકે ૧૯૫૦માં તેની શોધ કરી. તે જુદાં જુદાં પ્રકારનાં હોય છે. તે પૈકીનાં આલ્ફા, બીટા અને ગામા ઈન્ટરફેરોન જાણીતા છે.

વેલફેરોન એટલે શું? તે કેવી રીતે કાર્ય કરે છે?

આલ્ફા ઈન્ટરફેરોન આપણા શરીરના રોગપ્રતિકારક તંત્રને કેન્સર સામે લડવામાં મદદરૂપ બને છે. આલ્ફા ઈન્ટરફેરોનનાં મિશ્રણને તૈયાર કરીને લોહીના કેન્સરમાં તેની ઉપયોગિતા ચકાસવવા વેલકમ ફાઉન્ડેશને જે દવા બનાવી તે વેલફેરોન તરીકે ઓળખાય છે.

- લોહીના કેન્સરના ચાર પૈકીના અગત્યના પ્રકાર ક્રૉનિક માયલોઈડ લ્યૂકેમિયા (CML)ની ચિકિત્સા માટે વેલફેરોનને ચકાસવામાં આવ્યું છે.
- બીજા ત્રણે પ્રકારના લ્યૂકેમિયામાં પણ વેલફેરોનની ચિકિત્સા માટે ચકાસણી કરવામાં આવી રહી છે.
- મેલિગ્નન્ટ મેલેનોમાં, હેરી સેલ લ્યૂકેમિયામાં પણ વેલફેરોનની ઉપયોગિતા ચકાસવાનું કાર્ય ચાલુ છે.

વેલફેરોન કેન્સરનાં કેવી રીતે ઉપયોગી છે ? વેલફેરોનનો ઉપયોગ જે દર્દીઓ પર કરવામાં આવ્યો તેમનાં પૅથોલૉજિકલ રિપૉર્ટ્સ પ્રમાણે - કેન્સરના સેલ લગભગ અદશ્ય થઈ જવા સુધી ઘટી ગયેલા માલૂમ પડ્યા છે. પણ તેઓ સંપૂર્ણપણે નાબૂદ થઈ શક્યા નથી.

ડૉ. એલનના અભ્યાસ મુજબ રંગસૂત્રો(જિન્સ)ના વિકૃત અથવા તો ખોટા જોડાણોને કારણે બનતા ફિલાડેલ્ફિઆ રંગસૂત્રો ક્રૉનિક માયલોઈડ લ્યૂકેમિયા થવા માટે જવાબદાર ગણાય છે. આવું જ બીજા પ્રકારના લ્યૂકેમિયા માટે પણ છે.

વેલફેરોન આવા વિકૃત જોડાણથી બનતાં રંગસૂત્રોની પ્રક્રિયાને રોકી રાખે છે, સ્થગિત કરે છે અને તેને ઝડપથી કાર્ય કરતા અટકાવે છે. આમ, રોગને વધતો અટકાવે છે તેથી લ્યૂકેમિયાના દર્દી બીજાં બેથી ત્રણ વર્ષો સારી રીતે - પસાર કરી શકે છે. આ વર્ષો દરમિયાન દર્દી તેમની સામાન્ય રોજિંદી જીવનચર્યા આનંદથી કરી શકે છે.(સંકલિત) - ડૉ. નિકુંજ મહેતા

ફાલસા

ઋતુ અનુસાર પ્રકૃતિ જે ફળ, શાકભાજી વગેરે ઉત્પન્ન કરે છે તેનું સેવન શરીરના આરોગ્યના રક્ષણની દૃષ્ટિથી લાભકારી છે.

ગરમીના પ્રભાવથી આ કાળમાં શરીરના જલીયાંશની અલ્પતા થાય છે, જેના કારણે શરીરની સ્નિગ્ધતા ઓછી થાય છે અને રુક્ષતા તેમ જ દુર્બળતાની વૃદ્ધિ થાય છે. આ સ્થિતિ વધુ સમય સુધી અને અત્યાધિક પ્રમાણમાં ચાલુ રહેવાને કારણે અતિસાર એટલે કે વારંવાર પ્રવાહી ઝાડા થાય બેચેની, ગભરામણ, ચક્કર આવે; શરીરમાં પાણીની ઊણપ વર્તાય અર્થાત્ કૉલેરા વગેરે કોઈ પણ રોગ થવાની સંભાવના રહેલી હોય છે. આવી સ્થિતિથી બચવા માટે દિવસમાં એકએક ગ્લાસ વારંવાર પાણી પીવું જરૂરી છે. તડબૂચ, લીલી પાતળી કાકડી મોસંબી, નારંગી, લીંબુપાણી, ફાલસા અને શેતૂરનો ઉપયોગ ઘણો જ લાભદાયક છે.

ફાલસાને ભાષાભેદે પાલસા, ગુજરાતીમાં પ્રામણા ફાલસા, બંગાળીમાં ફાલસા, તેલુગુમાં પુટિકી, અંગ્રેજીમાં એશિયાટિક ગ્રીવિઆ (Asiatic Greevia) લેટિનમાં ગ્રીવિઆ એશિયાટિકા (Greevia Asiatical) કહે છે.

કાચા ફાલસા તૂરા, ખાટા, પિત્તકારક તથા હલકા હોય છે. પાકા ફાલસા, મીઠા, ઠંડા, પુષ્ટિકારક, હૃદયને પ્રિય, કબજિયાત કરનાર અને પિત્ત, બળતરા, રક્તવિકાર, તાવ ક્ષયને વાયુનો નાશ કરનાર છે.

આ એક નાની જાતિના પ્રમાણસર વૃક્ષ પર થાય છે. ઉત્તર ભારતના બાગ-બગીચામાં ઘણું કરી તે ઉત્પન્ન થાય છે. આના પાન ગોળ અને અણી આકારના હોય છે. ફૂલ મોટાં, ફળ ગોળ પણ કાચી અવસ્થામાં લીલાં અને પક્વ અવસ્થામા કરમદાની સમાન ભૂરાં અથવા રીંગણ રંગનાં હોય છે. આનાં ફળ અને વૃક્ષની છાલનો ઉપયોગ કરવામાં આવે છે.

ફાલસા વાયુ (ગૅસ) અને પિત્ત (એસિડિટી)ની તકલીફને દૂર કરી શમન કરે છે. તરસ અને બળતરાને શાંત કરે છે.

હૃદય તથા લોહીના વિકાર યુક્ત રોગને શાંત કરે છે. તાવ અને ક્ષય રોગમાં ઉપયોગી છે. ગળાની ખારાશ અને તકલીફ દૂર કરે છે. આનાં પાદડાંને વાટી પોટીશ બનાવી ગાંઠ કે ગૂમડા ઉપર શેક કરવાથી આરામ આપે છે. ફાલસાનું શરબત બનાવી પીવાથી શરીરની ગરમી, બળતરા અને તરસ મટી જાય છે અને સ્ફૂર્તિ આવે છે.

મુત્રબંધની બીમારી દૂર કરવા માટે ફાલસાના ઝાડના મૂળના ટુકડા ૧૫-૨૦ ગ્રામ વજનના કૂટીને એક ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખી સવારે ગરણીથી ગાળી પાંચ-છ દિવસ પીવામાં આવે તો આ પ્રયોગથી મૂત્ર રોકાઈ ગયેલ હોય તે ફાયદો થઈ જાય છે. આના મૂળનો અડધા કપ જેટલો ઉકાળો સવાર-સાંજ બનાવી પીવથી સંધિવાના રોગમાં આરામ થાય છે. પિત્તપ્રકોપના કારણે માથાનો દુઃખાવો રહેતો હોય ત્યારે ફાલસાનું શરબત પીવાથી લાભ થાય છે. (સંદેશ) - વૈદ્ય જે. પી. ત્રિપાઠી

ઊંચી આભબિછાત, નીચાં ઘરનાં બેસણાં,
નવલખ તારાભાત, (પણ) ભલાં અમારાં આંગણાં.
રામપ્રસાદ શુક્લ

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે એક વાર પોતાની માતા માટે ત્રણ ઘરેણાં બનાવી આપવાની ઇચ્છા તેમની પાસે પ્રકટ કરી ત્યારે માતાએ જણાવ્યું, 'આ ગામમાં શાળા, એક દવાખાનું અને ગરીબ-અનાથ બાળકોને રહેવાજમવાની વ્યવસ્થા જ્યાં હોય તેવું સ્થાન બનાવી આપ.' આગળ જતાં ઈશ્વરચંદ્રે પોતાની માતાના નામ પરથી વીરસિંહ ગામમાં 'ભગવતી વિદ્યાલય' બંધાવ્યું !

•

ગોકળગાયનું વજન ૧૫ ગ્રામ જેટલું હોય છે, પરંતુ તે તેના વજનથી ૩૦ ગણું એટલે કે ૪૫૦ ગ્રામ વજન ઉપાડી શકે છે !

•

કરોળિયો જન્મદિનથી આરંભી ૧૮૦ દિવસ સુધી કોઈપણ પ્રકારના ખોરાક વગર જીવી શકે છે.

•

કેરીની ગોટલીને કેરીના ખાટા પાણીમાં મીઠું નાખી સાતેક દિવસ રાખી તડકે સૂકવ્યા બાદ મુખવાસ તરીકે ઉપયોગમાં લઈ શકાશે.

•

ચીકણાં વાસણોને કોઈ પણ પ્રકારના ખટાશવાળા પાણી તથા રાખથી સાફ કરવાથી ચીકાશ જતી રહેશે.

•

'૧૬ રૂપિયે કિલો ખાંડ હોય તો ૩૨ રૂપિયામાં કેટલી આવે ?' એક શિક્ષકે પૂછ્યું.

વિદ્યાર્થીએ કહ્યું, 'સાહેબ, ૧ કિલો ૯૦૦ ગ્રામ.'


'કેવી રીતે ?' શિક્ષકે કહ્યું.

'ન માનતા હો તો ઘરે જઈને જોખી જોજો.' વિદ્યાર્થીએ જવાબ આપ્યો.

•

પીવાની સોડા થોડા દૂધમાં મેળવીને પી જવાથી પેશાબ એકદમ છૂટથી થાય છે અને ગરમીમાં રાહત કરે છે.

•



ઈ.સ. ૧૮૩૦માં બનેલું આરંભનું વરાળયંત્ર 'પ્લેનટ'.

ઓછામાં ઓછું ઉષ્ણતામાન ઉત્તર કે દક્ષિણ ધ્રુવપ્રદેશ પરના હવામાનમાં નહિ, પરંતુ વિષુવવૃત્ત પર આવેલા માર્શલ આઈલૅન્ડ્ઝમાં નોંધાયું છે.

•

સૂર્ય જ્યારે ક્ષિતિજથી ૪૦°થી ઓછા કોણની ઊંચાઈએ હોય ત્યારે જ મેઘધનુષ જોવા મળે છે.

•

આંદામાન અને નિકોબારમાં કુલ મળીને ૨૨૩ ટાપુઓ છે. આંદામાનના ૨૦૪ અને નિકોબારના ૧૯ ટાપુઓ.

•

બ્રિટિશ ગ્રાહક સુરક્ષા સંઘે આમજનતા માટે એક ચેતવણી દર્શાવતી યાદી બહાર પાડી છે અને તેમાં જણાવ્યું છે કે દર્દશામક દવા કે ગોળીઓ મન ફાવે તેમ વારંવાર લેવાથી બીજા અનેક આકસ્મિક અને આનુષંગિક રોગો ઊભા થઈ શકે છે; કારણ કે આવી દવાઓની અસર ઘણો લાંબો સમય રહેતી હોય છે.

•

ન્યૂઝીલૅન્ડની 'અમ્બલ બી' નામની મધમાખી મધપુડામાં દરેક ઇંડા માટે મીણનું ખાનું બનાવી તેમાં ઇંડાં મૂકે છે. ઇંડાંમાંથી મધમાખી બની ગયા બાદ આ ખાનાંઓમાં તે મધ એકઠું કરે છે.

•

કાચનાં વાસણો પર જો ડાઘ પડી ગયા હોય તો પાણીમાં સરકો નાખી તે પાણીથી વાસણો સાફ કરવાથી ડાઘ જતા રહેશે.

•

દિલ્હી વિશ્વ-વિદ્યાલયના અનિલ જયસ્વાલે એક વાર એક હજાર ફૂટ લાંબો પત્ર પોતાની બહેનને લખ્યો હતો, અને તેમાં બે લાખ સાઠ હજાર શબ્દો વાપર્યા હતા!


કલાકણિકા • ડ્રેગન અને પુષ્પની ભાતભરેલું આસન. મિંગ વંશમાંથી પ્રેરણા લઈ લાખની ચીની ભાત ચિંગ વંશ દરમિયાન નિપજાવી છે.